Friday 16, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૩૬ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

# દમણ-દીવ અને દાનહમાં શિક્ષણનું સ્તર સુધારવા પ્રશાસન કડક

## દમણ-દીવમાં શાળાઓ દ્વારા ડોનેશન લેવા પર પ્રતિબંધ, કોચિંગ સેન્ટરો માટે મંજૂરી ફરજિયાત : શિક્ષકો ગિફ્ટ કે ભંડોળ સ્વીકારી શકશે નહીં; વિદ્યાર્થીઓને શારીરિક સજા આપવા અને અધૂરા ક્લાસવર્ક માટે શાળા સમય બાદ રોકવા પર પણ પ્રતિબંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૫ :** સંઘપ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન દ્વારા શિક્ષણ વ્યવસ્થામાં પારદર્શિતા લાવવા, વિદ્યાર્થીઓના હિતોનું રક્ષણ કરવા અને શૈક્ષણિક સંસ્થાઓની કામગીરીને નિયમિત કરવા માટે નવા સ્કૂલ એજ્યુકેશન નિયમો લાગુ કરવામાં આવ્યા છે. નવા નિયમો હેઠળ શાળાઓ દ્વારા ડોનેશન માંગવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

સાથે જ ટ્યુશન ક્લાસીસ, કોચિંગ સેન્ટરો અને બિનમાન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થાઓ માટે શિક્ષણ નિયામકની પૂર્વ મંજૂરી ફરજિયાત બનાવવામાં આવી છે. નવા નિયમો અનુસાર શિક્ષણ નિયામકની પૂર્વ મંજૂરી વિના કોઈપણ ટ્યુશન ક્લાસ, કોચિંગ સેન્ટર અથવા બિનમાન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થા સંચાલિત કરી શકાશે નહીં. હાલમાં કાર્યરત સંસ્થાઓએ જરૂરી મંજૂરી મેળવવા માટે ત્રણ મહિનાની અંદર પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

ખાનગી શાળાઓએ માન્યતા મેળવવા માટે સંબંધિત શિક્ષણ બોર્ડના ધોરણો અનુસાર માળખાકીય સુવિધાઓ જાળવવી પડશે. ઉપરાંત, શિક્ષણ નિયામકની મંજૂરી વિના પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષા યોજી શકાશે નહીં. નવા નિયમો હેઠળ શાળાના આચાર્યો અને શિક્ષકો માટે આચારસંહિતા નક્કી કરવામાં આવી છે. શિક્ષકો કોઈપણ પ્રકારની ભેટ કે ભંડોળ સ્વીકારી શકશે નહીં.

શિક્ષકોને ખાનગી ટ્યુશન આપવા અને વ્યાપારી પ્રવૃત્તિઓમાં જોડાવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

સ્વનિર્ભર સહિતની શાળાઓ વાલીઓ પાસેથી ડોનેશન માંગી શકશે નહીં. સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓમાં ધોરણ ૧૨ સુધી પ્રવેશ ફી અને ટ્યુશન ફી લેવામાં આવશે નહીં. બીજી તરફ, સ્વનિર્ભર શાળાઓ સંચાલન ખર્ચ અને ઉપલબ્ધ સુવિધાઓને ધ્યાનમાં રાખીને ફી નક્કી કરી શકશે, પરંતુ ડોનેશન વસૂલી શકશે નહીં. નિયમોમાં ૧૪ વર્ષ સુધીના બાળકો માટે મફત શાળાકીય શિક્ષણ સુનિશ્ચિત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. શાળાઓમાં વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની શારીરિક સજા આપવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓનું ક્લાસવર્ક અધૂરું હોય તો તેમને રિસેસ દરમિયાન કામ પૂર્ણ કરાવી શકાશે, પરંતુ માત્ર આ કારણસર શાળાનો સમય પૂરો થયા બાદ તેમને રોકી શકાશે નહીં. આ નિયમોનો હેતુ શિક્ષણ ક્ષેત્રમાં જવાબદારી અને પારદર્શિતા વધારવા ઉપરાંત વિદ્યાર્થીઓ તથા વાલીઓને ગેરરીતિઓથી સુરક્ષા આપવાનો છે. હવે આ નિયમોનો અસરકારક અમલ થાય છે કે નહીં, તેના પર સૌની નજર રહેશે.







# વાપીમાં ખોદકામ વેળા ગેસ લીકેજથી દોડધામ

## વાપી ટાઉન પોલીસ સ્ટેશન આગળ ખોદકામ વેળા થયેલા અકસ્માતથી અનેક સેંકડો ઘરોમાં ચૂલા બંધ થઈ ગયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી ટાઉન પોલીસ સ્ટેશનની સામે આજે બપોરે અચાનક ગેસ લીકેજની ઘટના બનતા ભારે દોડધામ મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ વાપી મહા નગરપાલિકા દ્વારા રોડ બનાવવાની કામગીરી પહેલા ગટર લાઈન નાંખવા માટે ખોદકામ ચાલી રહ્યું હતું. તે દરમિયાન JCB મશીનનો પંજો ભૂગર્ભમાં પસાર થતી GSPC ગેસ કંપનીની મુખ્ય પાઈપલાઈન પર લાગી જતાં પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું હતું અને તેમાંથી ગેસનું લીકેજ શરૂ થઈ ગયું હતું. લીકેજને કારણે આજુબાજુના વિસ્તારમાં ગેસની તીવ્ર વાસ પ્રસરી ગઈ હતી અને સલામતીના ભાગરૂપે અનેક સેંકડો ઘરોમાં ગેસ સપ્લાય બંધ થઈ જતાં લોકોના ચૂલા બંધ થઈ ગયા હતાં. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને ગેસ કંપનીની ટેકનિકલ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર બ્રિગેડે વિસ્તારને કોર્ડન કરી પાણીનો છંટકાવ શરૂ કર્યો હતો, જ્યારે GSPCની ટીમે ગેસનો પુરવઠો બંધ કરી લીકેજ રીપેર કરવાની કામગીરી હાથ ધરી હતી. સદનસીબે કોઈ દાઝ્યું ન હતું.

## દેગામમાં સ્ટેટ બેંકનું એટીએમ મહિનાઓથી બંધ હાલતમાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી નજીક આવેલા દેગામ ગામ ખાતે આવેલું સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું એટીએમ છેલ્લા ઘણા મહિનાઓથી બંધ હાલતમાં હોવાથી સ્થાનિક ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

દેગામ અને આસપાસના ગામડાઓના સેંકડો ગ્રાહકો આ બેંક સાથે જોડાયેલા છે. ખાસ કરીને નિવૃત કર્મચારીઓ, વૃદ્ધો અને ખેડૂતોને પેન્શન અને રોજિંદા ખર્ચ માટે રૂપિયા ઉપાડવા માટે ભારે હાલાકી પડી રહી છે. એટીએમ બંધ હોવાને કારણે તેમને ૫ થી ૭ કિલોમીટર દૂર વાપી સુધી લંબાવવું પડે છે.

ગ્રાહકોએ અનેક વખત બેંકના અધિકારીઓને રજૂઆત કરી હોવા છતાં એટીએમ ચાલુ કરવામાં આવતું નથી. એટીએમની બહાર આઉટ ઓફ સર્વિસનું બોર્ડ જ લટકતું જોવા મળે છે. તાત્કાલિક એટીએમ સેવા પુનઃ શરૂ કરવા ગ્રામજનોએ માંગ કરી છે.

## ડુંગરી પોલીસનો દોઢ વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** ડુંગરી પોલીસ મથકમાં છેલ્લા દોઢ વર્ષથી દારૂના ગુનાનો વોન્ટેડ આરોપી અંગે ડુંગરી પોલીસ મથકના પીઆઈ યુ.એચ. પટેલના નેતૃત્વમાં અલગ-અલગ ટીમો કાર્યરત કરવામાં આવી હતી. ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે ચાલી રહેલી તપાસ દરમિયાન મળેલી બાતમી આધારે વોન્ટેડ આરોપી વિશાલ સુરેશભાઈ રોજસરા ઉ.વ. ૨૫ - વીંછીયા, સરકારી દવાખાના પાછળ, માત્રાનો દરવાજો, વીંછીયા, રાજકોટની ધરપકડ કરી છે.









દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


## ડાંગ જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનામાં NGO પ્રથા સામે ભારે વિરોધ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૧૫ :** ડાંગ જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના અને મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાની કામગીરી ખાનગી સંસ્થાઓ એટલે કે એન.જી.ઓ. (NGO)ને સોંપવાની હિલચાલને પગલે સ્થાનિક સંચાલકો, રસોઈયા અને મદદનીશોમાં ભારે અસંતોષ અને વિરોધનો વંતોળ ઊઠ્યો છે.આ મામલે દક્ષિણ ગુજરાત પી.એમ. પોષણ કર્મચારી યુનિયન દ્વારા વઘઈના મામલતદાર મારફતે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ઉદ્દેશીને એક આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, મધ્યાહન ભોજન યોજના શરૂ થઈ ત્યારથી જ જે-તે ગામના ગરીબ પરિવાર, વિધવા બહેનો, ત્યકતા બહેનો તેમજ આદિમજૂથ અને અતિ પછાત જાતિમાંથી આવતા કર્મચારીઓ ખૂબ જ નાના પગારથી સતત પોતાની ફરજ બજાવી રહ્યા છે. હાલમાં આ સંચાલકો અને રસોઈયાઓ દ્વારા પ્રાથમિક શાળાઓમાં બાળકોને તાજું, સ્વચ્છ, ગરમ અને આરોગ્યપ્રદ શાકભાજી તથા નાસ્તો તૈયાર કરીને પીરસવામાં આવે છે. જો આ યોજના એન.જી.ઓ.ને સોંપવામાં આવશે તો ગરીબી રેખા નીચે જીવતા આદિવાસી પરિવારના કર્મચારીઓની આજીવિકા અને રોજીરોટી છીનવાઈ જવાની ગંભીર ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

યુનિયને વધુમાં ભારપૂર્વક જણાવ્યું છે કે, ડાંગ જેવા આદિવાસી અને અંતરિયાળ વિસ્તારમાં નદીઓ, કોતરો, ડુંગરાળ અને વિષમ રસ્તાઓ હોવાથી બહારની એન.જી.ઓ. માટે સમયસર ગરમ ભોજન પહોંચાડવું શક્ય જ નથી. આથી, આદિવાસી વિસ્તારમાં એન.જી.ઓ. પ્રથા કોઈપણ સંજોગોમાં શરૂ ન થવી જોઈએ.

આવેદનપત્રમાં કર્મચારીઓ દ્વારા મુખ્ય બે સ્પષ્ટ માંગણીઓ મુકવામાં આવી છેઃ ૧. મધ્યાહન ભોજન યોજનામાં એન.જી.ઓ. પ્રથા તાત્કાલિક રદ કરવી. ૨. એસ.એમ.સી. સમિતિમાં મધ્યાહન ભોજન યોજનાનો સમાવેશ કરવો નહીં. સ્થાનિક કર્મચારીઓની રોજગારીનું રક્ષણ કરવા માટે વર્તમાન વ્યવસ્થા જ યથાવત્ રાખવા અને તેમની આ ન્યાયિક માંગણીઓ પર હકારાત્મક વિચારણા કરવા માટે સરકારને નમ્ર અપીલ કરવામાં આવી છે.

## ગણદેવીના ભાટ ગામે સરકારી જમીન પરના દબાણો દૂર કરાયા

**નવસારી, તા.૧૫ :** નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ભાટ ગામે સરકારી જમીન પર વહીવટી તંત્રની મંજૂરી વિના ઉભા કરવામાં આવેલા અનધિકૃત ઝીંગા તળાવો અને દબાણો સામે તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારી અને મામલતદાર દ્વારા ભાટ ગામે સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે ઝીંગા તળાવો બનાવી દબાણ કરવામાં આવ્યું હોવાની બાબતને ધ્યાને લઈ વહીવટી તંત્ર દ્વારા દબાણ દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આજરોજ અંદાજે ૩૦,૦૦૦ ચો.મી.થી વધુ વિસ્તારના દબાણો દૂર કરવામાં આવ્યા છે. દબાણ દૂર કરવાની



કામગીરી હાલ પણ ચાલુ છે.

વહીવટી તંત્ર દ્વારા સરકારી જમીનને દબાણમુક્ત કરવા માટે તબક્કાવાર કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. અનધિકૃત રીતે બનાવવામાં આવેલા ઝીંગા તળાવો તથા અન્ય દબાણો દૂર કરી સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી રહી છે.

તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, સરકારી જમીન પર કોઈપણ પ્રકારનું ગેરકાયદેસર દબાણ અથવા અનધિકૃત બાંધકામ ચલાવી લેવામાં આવશે નહીં. સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે દબાણ કરનારાઓ સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

## આહવા ખાતે આદિજાતિ લાભાર્થીઓને વિવિધ કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો

**આહવા, તા. ૧૫ :** ડાંગ જિલ્લા આહવાના આદિવાસી સાંસ્કૃતિક ભવન ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીત તેમજ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વ ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતમા આજરોજ આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી આહવાની કચેરી દ્વારા ડી-સેગ પુરસ્કૃત કૃષિ વૈવિધ્યકરણ યોજના (રવિ ઋતુ) અંતર્ગત ડાંગ જિલ્લાના આદિજાતિ ખેડૂતોને ખાતર-બિયારણ કીટ અને સરસ્વતી વિદ્યા સાધના યોજના અંતર્ગત આદિજાતિ વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.



આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીત જણાવ્યું હતું કે, ડાંગના આદિજાતિ ખેડૂત ભાઈઓ-બહેનો પરંપરાગત ખેતીની સાથે આધુનિક અને વૈવિધ્યસભર ખેતી તરફ આગળ વધે તે સમયની માંગ છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રાયોજના વહીવટદારની કચેરી, આહવા મારફત સમગ્ર જિલ્લાના ૪૦૦ જેટલા આદિજાતિ ખેડૂતો માટે કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત લક્ષ્યાંક ફાળવવામાં આવ્યો છે. આ યોજના હેઠળ ખેડૂતોને ભિંડા, ટામેટા, દૂધી, કાકડી, રીંગણ તેમજ બ્રોકોલી જેવા ઉચ્ચ ગુણવત્તાયુક્ત શાકભાજીના બિયારણ સાથે સેન્દ્રિય પ્રોમ અને એન.પી.કે. કોન્સોર્ટીયા ખાતરની કીટ આપવામાં આવી છે.

આધુનિક બિયારણ, સેન્દ્રિય ખાતર અને યોગ્ય માર્ગદર્શન થકી ડાંગના આદિજાતિ ખેડૂતોની આવક બમણી કરવી અને ખેતીમાં વૈવિધ્ય લાવવું એ જ કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો મુખ્ય ધ્યેય છે.

જેથી પ્રમુખએ જિલ્લાના પાત્રતા ધરાવતા તમામ ખેડૂત ભાઈ-બહેનો આ યોજનાનો લાભ લઈ આત્મનિર્ભર બનવાની અપીલ કરી હતી. આ પ્રસંગે વિજયભાઈ પટેલે સંકલ્પ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ડાંગના ખેડૂત પરિવારોની આવક બમણી કરવાનો અને છેવાડાના દરેક માનવી સુધી વિકાસ પહોંચાડવાનો છે. સરકારની તમામ કલ્યાણકારી યોજનાઓ સંપૂર્ણ પારદર્શિતા સાથે અમલમાં મુકાઈ રહી છે, જેથી દરેક પાત્ર લાભાર્થી સુધી તેના સીધા લાભ પહોંચી શકે. ખેડૂતોને જે કૃષિ કીટ અને સહાય મળે છે તેનો પૂરતો અને યોગ્ય ઉપયોગ કરીને ખેતીની ઉત્પાદકતા વધારવાની છે તેમ તેઓએ જણાવ્યું હતું.

## ડાંગ જિલ્લામાં વરસાદ ખેંચાતાં ઊભા પાક પર સંકટનાં વાદળો




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૧૫ :** ડાંગ જિલ્લામાં છેલ્લા એક મહિનાથી વધુ સમયથી વરસાદ ન પડતાં ખેતરોમાં ઊભા પાક સુકાઈ જવાની ગંભીર સ્થિતિ સર્જાઈ છે. વરસાદના લાંબા વિરામને કારણે ખેડૂતોની મુશ્કેલીઓમાં વધારો થયો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સોશિયાલિસ્ટ યુનિટી સેન્ટર ઑફ ઈન્ડિયા (કમ્યુનિસ્ટ) – SUCI(C)ની ડાંગ જિલ્લા સંગઠનિક સમિતિ દ્વારા ડાંગ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી પાક નુકસાનીનો તાત્કાલિક સર્વે હાથ ધરવા તેમજ અસરગ્રસ્ત ખેડૂતોને આર્થિક સહાય અને વિશેષ રાહત પેકેજ આપવાની માંગ કરવામાં આવી છે.SUCI(C)ના રઘુનાથ બાગુલ દ્વારા આહવા સ્થિત જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સુપરત કરવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, ડાંગ જિલ્લામાં વરસાદના અભાવે ખેતીના પાકને ભારે નુકસાન થવાની સ્થિતિ ઊભી થઈ છે. ડાંગ જિલ્લો પહાડી વિસ્તાર ધરાવતો હોવાથી અહીંના મોટાભાગના ખેડૂતો ચોમાસાની ખેતી પર નિર્ભર છે. ચાલુ વર્ષે ખેડૂતો દ્વારા નાગલી, વરાઈ, ડાંગર, અડદ અને તુવેર જેવા મુખ્ય પાકોનું વાવેતર કરવામાં આવ્યું હતું. જોકે, લાંબા સમયથી વરસાદ ન પડતાં ખેતરોમાં ઊભા પાક સુકાઈ રહ્યા છે, જેના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. પાક નિષ્ફળ જવાની ભીતિથી ખેડૂતો ચિંતિત બન્યા છે.ડાંગ જિલ્લાના મોટાભાગના ખેડૂતો માટે ખેતી આવકનો મુખ્ય આધાર છે. આવી સ્થિતિમાં જો પાક નિષ્ફળ જાય તો ખેડૂતોના પરિવારોના ભરણપોષણનો પ્રશ્ન ઊભો થઈ શકે છે. આ ઉપરાંત આગામી ખેતી માટે જરૂરી વ્યવસ્થા કરવી તેમજ પરિવારના દૈનિક ખર્ચને પહોંચી વળવું પણ મુશ્કેલ બની શકે છે. વરસાદના અભાવે સર્જાયેલી આ પરિસ્થિતિ ખેડૂતોને આર્થિક સંકટ તરફ ધકેલી રહી હોવાની રજૂઆત આવેદનપત્રમાં કરવામાં આવી છે.

SUCI(C)ના ડાંગ જિલ્લા સંગઠનના પ્રતિનિધિઓ દ્વારા જિલ્લાના ૨૦થી વધુ ગામોની રૂબરૂ મુલાકાત લઈને ખેતરોમાં પાકની સ્થિતિ અંગે જાણકારી મેળવવામાં આવી હતી. સંગઠનના જણાવ્યા અનુસાર, આ મુલાકાતો દરમિયાન વરસાદના અભાવે ખેતરોમાં ઊભા પાક સુકાઈ રહ્યા હોવાનું સામે આવ્યું હતુ.વરસાદના અભાવે ખેડૂતોને થઈ રહેલા નુકસાનને ધ્યાનમાં રાખીને SUCI(C) દ્વારા રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર સમક્ષ મુખ્યત્વે નીચેની માંગણીઓ રજૂ કરવામાં આવી છેઃડાંગ જિલ્લાના અસરગ્રસ્ત ખેતરોમાં પાક નુકસાનીનો તાત્કાલિક અને યોગ્ય સર્વે હાથ ધરવામાં આવે.નુકસાનગ્રસ્ત ખેડૂતોને થયેલી પાક નુકસાનીના પ્રમાણને આધારે યોગ્ય વળતર આપવામાં આવે.આર્થિક સંકટનો સામનો કરી રહેલા ખેડૂતોને તાત્કાલિક આર્થિક સહાય પૂરી પાડવામાં આવે.ખેડૂતોને રાહત આપવા માટે વિશેષ રાહત પેકેજ જાહેર કરવામાં આવે.SUCI(C) દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે વરસાદના અભાવે સર્જાયેલી પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વહેલી તકે જરૂરી પગલાં લેવામાં આવે, જેથી મુશ્કેલીમાં મુકાયેલા ખેડૂતોને સમયસર રાહત મળી શકે.

## બીલીમોરાની શાળામાં નશા મુક્ત ભારત અભિયાન અંતર્ગત સેમિનાર યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૧૫ :** યુવાધન વ્યસનમુક્ત બને અને સ્વસ્થ સમાજનું નિર્માણ થાય તે હેતુથી બીલીમોરા એલ એમ પી હાઈસ્કૂલમાં નશા મુક્ત ભારત અભિયાન અંતર્ગત ગુરુવારે જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને વ્યસનની શારીરિક, માનસિક અને સામાજિક ગંભીર અસરો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા યુવા પેઢીને નશાથી દૂર રહી સર્વાંગી વિકાસ સાધવા પ્રેરણા અપાઈ હતી. આ સેમિનારમાં ધોરણ ૯ થી ૧૨ ના ૬૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સૌ વિદ્યાર્થીઓએ વ્યસનમુક્ત જીવન જીવવા અને સમાજમાં જાગૃતિ ફેલાવવાના સામૂહિક શપથ લીધા હતા. મંડળના હોદ્દેદારોએ આ સફળ આયોજન બદલ શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૬-૧૦-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** આસો સુદ, છઠ, **સૂર્યોદય :** ૦૬ : ૪૦ **સૂર્યાસ્ત** ૦૬ : ૦૯, **ચંદ્રોદય** - ૧૧:૩૭ **ચંદ્રાસ્ત** - ૧૦:૧૫ **ચંદ્ર રાશિ :** ધન, **નક્ષત્ર** - જ્યેષ્ઠા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** ચંદ્ર તમારી રાશિથી અગિયારમા (લાભ) ભાવમાં ગોચર કરશે, જે ધનની પ્રાપ્તિ કરાવશે.
**વૃષભ (બ, વ, ઉ) :** દિવસના પૂર્વાધમાં સ્વાસ્થ્ય અને વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી જરૂરી છે.
**મિથુન (ક, ઘ, ચ) :** વ્યવસાય અને કરિયરમાં પ્રગતિની નવી તકો મળશે. પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે અને અટકેલા આર્થિક કામો પૂરા થવાથી મન પ્રસન્ન રહેશે.
**કર્ક (ડ, હ) :** વાણી પર સંયમ રાખવો જરૂરી છે, નહીં તો પરિવારના સભ્યો સાથે મતભેદ થઈ શકે છે.
**સિંહ (મ, ટ) :** ચંદ્ર તમારી જ રાશિમાં હોવાથી માનસિક ભાવોમાં ઉતાર-ચઢાવ રહેશે. રાત્રે ચંદ્ર બીજા ભાવમાં જતા આર્થિક સ્થિતિમાં મોટો સુધારો જોવા મળશે.
**કન્યા (પ, ઠ, ણ) :** દિવસના ભાગમાં માનસિક તણાવ કે ખર્ચ વધી શકે છે. કાર્યસ્થળ પર રાજનીતિથી દૂર રહેવું.
**તુલા (ર, ત) :** આવકના નવા સ્રોતો ઊભા થશે અને અટકેલા નાણાં પરત મળી શકે છે. સાંજ પછી નાણાકીય ખર્ચ પર થોડો કાબૂ રાખવો જરૂરી બનશે.
**વૃશ્ચિક (ન, ય) :** દિવસની શરૂઆતમાં માનસિક ચિંતા રહી શકે છે, પરંતુ સાંજ પછી સ્થિતિ સુધરશે. નોકરીમાં તમારી મહેનતની પ્રશંસા થશે.
**ધન (ભ, ધ, ફ, ઢ) :** નસીબનો ભરપૂર સાથ મળશે. ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે. વ્યવસાયિક બાબતોમાં લીધેલા નિર્ણયો ફાયદાકારક સાબિત થશે.
**મકર (ખ, જ) :** રાત્રે ચંદ્ર તમારી રાશિથી પાંચમા ભાવમાં જશે, જે આર્થિક દૃષ્ટિએ ખૂબ જ શુભ સાબિત થશે. રોકાણ કરેલા નાણાંથી મોટો લાભ મળી શકે છે.
**કુંભ (ગ, સ, શ, ષ) :** ભાગીદારીના કામમાં સારો લાભ મળી શકે છે. જીવનસાથી સાથેનો તાલમેલ ઉત્તમ રહેશે.
**મીન (દ, ચ, થ, ઝ) :** શત્રુ પક્ષ સક્રિય થઈ શકે છે, તેથી કોઈના પર આંધળો વિશ્વાસ ન કરવો. ગુસ્સા અને ઉતાવળિયા નિર્ણયો લેવાથી બચવું.

## દમણ રેડિયો

**102.3 FM**

**શુક્રવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## આજે વિશ્વ ખાદ્ય દિવસ : વલસાડ જિલ્લો પોષણક્ષમ આહારથી કુપોષણ મુક્તિની દિશામાં અગ્રેસર

### જિલ્લાની ૧૯૧૬ આંગણવાડીઓ દ્વારા ૧.૧૬ લાખથી વધુ બાળકો સહિત સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણની વિશેષ કાળજી



**(આલેખન : જિજ્ઞેશ સોલંકી)**

વલસાડ, તા. ૧૫ : દર વર્ષે ૧૬ ઓક્ટોબરે ઉજવાતા વિશ્વ ખાદ્ય દિવસે બાળકોના તંદુરસ્ત ભવિષ્ય અને માતાઓના સ્વાસ્થ્ય માટે પોષણક્ષમ આહારનું મહત્વ ઉજાગર થાય છે. બાળકના સર્વાંગી વિકાસ માટે જન્મથી જ યોગ્ય પોષણ મળે તે અત્યંત જરૂરી છે. આ દિશામાં વલસાડ જિલ્લા આઈસીડીએસ (ICDS) વિભાગ દ્વારા ધરમપુર, કપરાડા અને ઉમરગામ સહિતના વિસ્તારોમાં સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને બાળકોના પોષણ સ્તરમાં સુધારો લાવવા વિવિધ યોજનાઓના માધ્યમથી મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી રહી છે. આ પ્રયાસોના પરિણામે સપ્ટેમ્બર માસ દરમિયાન અતિ ગંભીર કુપોષિત, ઓછું વજન ધરાવતા અને ઠીંગણાપણું ધરાવતા બાળકોના પોષણના સૂચકાંકોમાં વલસાડ જિલ્લાએ સમગ્ર રાજ્યમાં ગ્રીન કેટેગરીમાં સ્થાન મેળવ્યું છે.

વલસાડ જિલ્લા આઈસીડીએસ વિભાગના પ્રોગામ ઓફિસર ક્રિષ્નાકુમારી પટેલ જણાવે છે કે, વલસાડ જિલ્લામાં કુલ ૧૯૧૬ આંગણવાડીઓ કાર્યરત છે. આ આંગણવાડીઓના માધ્યમથી ૭૪૭૪ સગર્ભા મહિલાઓ, ૫૪૭૨ ધાત્રી માતાઓ, ૨૩,૦૦૭ કિશોરીઓ અને ૦થી ૬ વર્ષ સુધીનાં ૧,૧૬,૭૮૫ બાળકોના પોષણ અને આરોગ્યની વિશેષ કાળજી લેવામાં આવે છે. બાળકોના શારીરિક અને માનસિક વિકાસ માટે યોગ્ય પોષણ મળી રહે તથા સગર્ભા અને ધાત્રી માતાઓની પોષણ જરૂરિયાતો સંતોષાય તે માટે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે.

અતિ ગંભીર કુપોષણ ધરાવતા બાળકોને યોગ્ય પોષણ અને સમયસર સારવાર મળી રહે તે માટે પોષણ સંગમ યોજના હેઠળ સમુદાય આધારિત પોષણ વ્યવસ્થાપન કરવામાં આવે છે. આ અંતર્ગત ભૂખ પરીક્ષણ, તબીબી પરીક્ષણ, સ્ક્રીનિંગ સહિતનાં ૧૦ પગલાં દ્વારા બાળકોની સ્થિતિનું મૂલ્યાંકન કરીને જરૂરી અનુસરણ કરવામાં આવે છે. આ ઉપરાંત પોષણ સંબંધિત માર્ગદર્શન અને સહાય માટે ૧૫૧૫ નંબરની પોષણ હેલ્પલાઈન પણ શરૂ કરવામાં આવી છે.

દૂધ સંજીવની યોજના હેઠળ સગર્ભા અને ધાત્રી માતાઓને અઠવાડિયામાં બે દિવસ ૨૦૦ મિલી તથા છ મહિનાથી છ વર્ષ સુધીનાં બાળકોને અઠવાડિયામાં પાંચ દિવસ પ્રતિદિન ૧૦૦ મિલી વિટામિન 'એ' અને 'ડી'થી ફોર્ટિફાઈડ ફ્લેવર્ડ દૂધ આપવાની જોગવાઈ છે. આ યોજનાનો હેતુ માતાઓ અને બાળકોને વધારાનું પોષણ પૂરું પાડવાનો છે.

પોષણ સુધા યોજના પણ માતા અને બાળકના સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ છે. ગર્ભાવસ્થા દરમિયાન ગર્ભસ્થ શિશુના વિકાસ અને પ્રસૂતિ બાદ બાળકને સ્તનપાન કરાવતી માતાની પોષણ જરૂરિયાતો સંતોષવા માટે આ યોજના હેઠળ સગર્ભા અને ધાત્રી માતાઓને દરરોજ બપોરે એક સમયનું પોષણયુક્ત સંપૂર્ણ ભોજન આપવામાં આવે છે. ખાસ કરીને બાળકના જન્મ બાદ પ્રથમ છ મહિના સુધી માતાને પૂરતું પોષણ મળે તે બાબત પર ધ્યાન આપવામાં આવે છે.

ટેક હોમ રાશન યોજના હેઠળ બાળકો, કિશોરીઓ, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓને તેમની પોષણ જરૂરિયાતો અનુસાર કેલરી, પ્રોટીન અને અન્ય જરૂરી પોષકતત્ત્વોથી ભરપૂર માતૃશક્તિ, બાલશક્તિ અને પૂર્ણાશક્તિનાં પેકેટ આપવામાં આવે છે. આ પોષણ પૂરક આહાર શારીરિક અને માનસિક વિકાસમાં મદદરૂપ થાય છે.

મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ પ્રથમ વખત સગર્ભા બનેલી મહિલા અને પ્રથમ બાળકના જન્મથી બે વર્ષ સુધીની માતાને દર મહિને બે કિલો ચણા, એક કિલો તુવેરદાળ અને એક લિટર સીંગતેલ આપવામાં આવે છે.

આ સહાય માતા અને બાળકના પોષણ સ્તરમાં સુધારો લાવવાના હેતુથી આપવામાં આવે છે.

આઈસીડીએસના પ્રોગામ ઓફિસર વધુમાં જણાવે છે કે, આંગણવાડીઓમાં બાળકોને દરરોજ આપવામાં આવતા ભોજનમાં સુપરફૂડ તરીકે સરગવાનાં પાનનો સમાવેશ કરવામાં આવે છે. બાળક દીઠ ૧૦ ગ્રામ સરગવાનાં પાન ઉમેરવાથી ભોજનનું પોષણમૂલ્ય વધારવાનો પ્રયાસ કરવામાં આવે છે. આમ, આંગણવાડી કેન્દ્રો દ્વારા આપવામાં આવતો પોષણક્ષમ આહાર, માતાઓ માટેની વિવિધ યોજનાઓ, કુપોષિત બાળકોની ઓળખ અને તેમની નિયમિત દેખરેખ જેવા સંકલિત પ્રયાસો વલસાડ જિલ્લામાં પોષણ સુધારણાને વેગ આપી રહ્યા છે. બાળકોને જીવનના શરૂઆતના વર્ષોમાં પૂરતું અને સંતુલિત પોષણ મળે તે માટે કરવામાં આવતા આ પ્રયાસો તંદુરસ્ત પેઢીના નિર્માણમાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

## સુડોકુ નં.૧૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| 9 | | | 6 | | 2 | | | 8 |
| | | 8 | 5 | | 1 | 4 | | |
| 5 | 2 | | | 1 | | | 8 | 6 |
| 1 | | | 4 | | 6 | | | 2 |
| 7 | 6 | | | 3 | | | 5 | 4 |
| | | 7 | 8 | | 4 | 9 | | |
| 2 | | | 1 | | 9 | | | 7 |
| | | | | | | | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે**
**જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**
**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**
**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**
**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**
**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

### સુડોકુ નં.૧૧નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 4 | 2 | 9 | 7 | 6 | 3 | 5 |
| 9 | 5 | 6 | 1 | 3 | 4 | 7 | 8 | 2 |
| 3 | 7 | 2 | 6 | 8 | 5 | 1 | 4 | 9 |
| 2 | 6 | 8 | 4 | 1 | 3 | 5 | 9 | 7 |
| 4 | 3 | 1 | 7 | 5 | 9 | 8 | 2 | 6 |
| 5 | 9 | 7 | 8 | 6 | 2 | 4 | 1 | 3 |
| 7 | 4 | 3 | 5 | 2 | 8 | 9 | 6 | 1 |
| 1 | 8 | 9 | 3 | 7 | 6 | 2 | 5 | 4 |
| 6 | 2 | 5 | 9 | 4 | 1 | 3 | 7 | 8 |

# સ્થાનિક સમાચાર

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

## વાપીના ખરાબ રસ્તાઓનું દિવાળી પહેલાં સમારકામ જરૂરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી શહેર અને આસપાસનાં ગામડાંઓમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે અનેક રસ્તાઓ ખરાબ થઈ ગયા છે. રસ્તાઓ પર ખાડા પડી જવાથી વાહનચાલકો અને રાહદારીઓને અવરજવર કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી હોવાથી ખરાબ થયેલા રસ્તાઓનું તાત્કાલિક સમારકામ કરવામાં આવે તેવી માગ ઊઠી રહી છે.

વાપી ટાઉનના મુખ્ય રસ્તાઓ સહિત વિવિધ વિસ્તારોમાં રસ્તાઓની હાલત કથળી છે. બીજી તરફ આસપાસનાં ગામડાંઓમાં પણ રસ્તાઓ પર ખાડા પડી જવાથી વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે. ખાસ કરીને ટુ-વ્હીલરચાલકોને ખાડાઓને કારણે અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.

તહેવારો દરમિયાન બજારોમાં ખરીદી માટે લોકોની અવરજવર વધતી હોવાથી રસ્તાઓની ખરાબ હાલત વધુ મુશ્કેલી ઊભી કરી શકે છે. આગામી દિવસોમાં આવી રહેલી દિવાળી દરમિયાન બજારોમાં ખરીદી માટે મોટી સંખ્યામાં લોકો નીકળતા હોય છે, ત્યારે રસ્તાઓની યોગ્ય જાળવણી અને સમારકામ કરવું જરૂરી બન્યું છે.

જો દિવાળી પહેલાં નવા રસ્તાઓ બનાવવાનું શક્ય ન હોય તો પણ હાલના ખાડાઓ પૂરી રસ્તાઓને વાહનવ્યવહાર માટે સલામત બનાવવાની કામગીરી હાથ ધરવી જોઈએ.

આ અંગે વાપી મહાનગરપાલિકાના હોદ્દેદારો તેમજ વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધ્યાન આપવામાં આવે અને દિવાળી પહેલાં ખરાબ રસ્તાઓનું સમારકામ કરવામાં આવે તેવી માગ નાગરિકો દ્વારા કરવામાં આવી રહી છે.

## જનભાગીદારી અને શ્રમદાનથી જળસંચય અભિયાનને વેગ

## ભીમપોરમાં ૧૦૦થી વધુ બંધ અને બિન ઉપયોગી બોરવેલ પુનઃ ઉપયોગી કરાશે

**દમણ, તા. ૧૫ :** કેન્દ્રશાસિત પ્રદેશ દમણના ભીમપોર ગ્રુપ ગ્રામ પંચાયત ના સદ્દ્વારા ભૂગર્ભ જળસ્તર વધારવા અને વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે 'જળસંચય મિશન – ભીમપોર' અંતર્ગત વિશેષ પહેલ શરૂ કરવામાં આવી છે. આ અભિયાન હેઠળ આજે બે બંધ બોરવેલના રિચાર્જ કાર્યની શરૂઆત કરવામાં આવી હતી. ગ્રામજનો અને પંચાયતના સભ્યોની ઉપસ્થિતિમાં જનભાગીદારી તથા શ્રમદાન દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પંચાયતના સર્વેક્ષણ મુજબ, ભીમપોર પંચાયત વિસ્તારમાં ૧૦૦થી વધુ સરકારી બોરવેલ બંધ, બિનઉપયોગી અથવા સૂકી હાલતમાં છે. પંચાયત દ્વારા આવા બોરવેલની ટેકનિકલ તપાસ કરીને યોગ્ય બોરવેલની પસંદગી કરવામાં આવશે, જેથી વરસાદી પાણીને વેડફાતું અટકાવી તેનો ઉપયોગ ભૂગર્ભ જળના પુનર્ભરણ માટે કરી શકાય. આ પ્રસંગે ગ્રામજનો અને પંચાયતના સભ્યોએ શ્રમદાન તથા સહયોગ આપીને અભિયાનમાં ભાગ લીધો હતો. પંચાયતનો ઉદ્દેશ



જનભાગીદારી દ્વારા જળસંરક્ષણ અંગે જાગૃતિ વધારવાનો અને ટેકનિકલી યોગ્ય બોરવેલ મારફતે ભૂગર્ભ જળના પુનર્ભરણની કામગીરીને સતત આગળ વધારવાનો છે. સરપંચ ઉદય પટેલે ગ્રામજનો, યુવાનો અને સામાજિક સંસ્થાઓને આ અભિયાનમાં જોડાઈને સહયોગ આપવા અપીલ કરી હતી. ભીમપોરમાં શરૂ થયેલી આ પહેલ દ્વારા વરસાદી પાણીના સંરક્ષણ સાથે ભૂગર્ભ જળસ્તર જાળવવાના પ્રયાસોને વેગ આપવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

### સરપંચ ઉદય પટેલનો અનોખો સંકલ્પ

આ અભિયાનને આગળ વધારવા માટે ભીમપોરના સરપંચ ઉદય પટેલે મહત્વપૂર્ણ સંકલ્પ લીધો છે. તેમણે પોતાના સરકારી માનદેયમાંથી દર મહિને એક બોરવેલના રિચાર્જ માટે ખર્ચ કરવાની જાહેરાત કરી છે. સરપંચ ઉદય પટેલે જણાવ્યું હતું કે, અમારો ઉદ્દેશ માત્ર પંચાયતના વિકાસકાર્યો પૂરતો મર્યાદિત નથી, પરંતુ આવનારી પેઢીઓ માટે જળસંરક્ષણની દિશામાં નક્કર કામગીરી કરવાનો પણ છે. જો આપણે સૌ સાથે મળીને પ્રયાસ કરીએ તો વરસાદી પાણીનો વધુ સારો ઉપયોગ કરી શકીએ છીએ. ભીમપોરને જળસમૃદ્ધ બનાવવા માટે હું મારા સરકારી માનદેયનો ઉપયોગ આ જનહિતના કાર્યમાં કરવા માગું છું.

## છીરીની જ્ઞાનગંગા હાઈસ્કુલના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં ઝળક્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** તાલુકા કક્ષાના ખેલમહાકુંભ-૨૦૨૬માં વાપી ડુંગરામાં આવેલ આર એસ ઝૂન ઝૂનવાળા સ્કૂલમાં છીરી જ્ઞાન ગંગા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને તાલુકામાં પોતાની આગવી ઓળખ સ્થાપિત કરી છે.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા આયોજિત તથા જિલ્લા રમત - શિક્ષણ કેન્દ્ર, વલસાડ અને જિલ્લા શિક્ષણાધિકારીના માર્ગદર્શન હેઠળ તા. ૧૪/૧૦/૨૦૨૬ના રોજ વાપી ડુંગરામાં આવેલ આર એસ ઝૂન ઝૂનવાલા હાઈ સ્કૂલમાં ખાતે તાલુકા કક્ષાના ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ ઍથ્લેટિક્સ અને ટીમ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

જેમાં ઍથ્લેટિક્સ વિભાગમાં અંડર-૧૪, અંડર-૧૭ ભાઈઓ-બહેનો અને ઓપન વિભાગની વિવિધ સ્પર્ધાઓમાં ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. તેમાં ૧૫૦૦ મીટર દોડ ગર્લ્સ, ૧૫૦૦ મીટર દોડ બોય્સ, ૮૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, ૧૦૦ મીટર દોડ, ઊંચીકૂદ, લાંબીકૂદ, ચક્રફેંક, બરછી ફેંક જેવી સ્પર્ધાઓનો સમાવેશ થાય છે. આ સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય ક્રમ અને તૃતિય ક્રમ પ્રાપ્ત કરનારા ખેલાડીઓ હવે જિલ્લા કક્ષાના ખેલમહાકુંભમાં ભાગ લેશે.

જ્ઞાન ગંગા શાળામાંથી વિજેતા થયેલા વિદ્યાર્થીઓમાં અર્ચના સિંહ અંડર-૧૭ ગર્લ્સ ૧૫૦૦ મીટરની દોડમાં પ્રથમ, નેન્સી મહાજન અંડર ૧૭ ગર્લ્સ સ્પર્ધા ૧૦૦ મીટરની દોડમાં પ્રથમ ક્રમ તેમજ નેન્સી મહાજન અંડર ૧૭ ગર્લ્સ ડીસ્ક થ્રોમાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે. જ્યારે અંડર ૧૭ બોયઝ વિભાગમાં ક્રિષ્ના યાદવ હાઈ જંપમાં દ્વિતીય ક્રમ, આસુતોષ મિશ્રા, ૧૦૦ મીટરની દોડમાં દ્વિતીય ક્રમ, ભાવેશ ગુજ્જર ૪૦૦ મીટર દોડમાં દ્વિતીય ક્રમ, અક્ષય પાસવાન ૮૦૦મીટર દોડમાં તૃતીય ક્રમ, અસોની સિંઘ જેવેલીન થ્રોમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કરેલ છે.

ઓપન કેટેગરી ગર્લ્સની સ્પર્ધામાં રાગીની કેવટે જેવેલીન થ્રોમાં દ્વિતીય ક્રમ, અને રાગીની કેવટે શોર્ટપુટની સ્પર્ધામાં દ્વિતીય ક્રમ જ્યારે ઓપન કેટેગરી બોયઝની સ્પર્ધામાં આરીફ અન્સારી ૨૦૦મી અને ૧૦૦ની દોડની સ્પર્ધામાં દ્વિતીય ક્રમ, સાહિલ ઝાઅ ટ્રીપલ જંપની સ્પર્ધામાં તૃતિય ક્રમ અને નિહાન્સ પાલે લાંબી કુદમાં તૃતિય ક્રમ હાંસલ કરેલ છે. હવે પછી તમામ વિજેતા બનેલ ખેલાડીઓ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

શાળાના ચેરમેન સંદિપ આર. પટેલે અને શાળાના આચાર્ય સુનિલ નાયરે તેમજ શિક્ષકગણોએ વિદ્યાર્થીઓની આ સિદ્ધિને બિરદાવી હતી. નિર્ણાયક ગણોએ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓની આ સફળતા પાછળ શાળાનાં પીટી શિક્ષિકા મમતા વારલી અને પી.ટી. શિક્ષક આકાશને અભિનંદન પાઠવી વિદ્યાર્થીઓ આગળ પણ આ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરે તે માટે શુભકામના પાઠવી હતી.આ સિદ્ધિ શાળાના શિક્ષકગણ, વિદ્યાર્થીઓ, વાલીઓ અને સમગ્ર વિસ્તાર માટે ગૌરવની બાબત બની છે.

## ચલાની પીએમશ્રી શાળાના 3 શિક્ષકોને 'પ્રકૃતિ મિત્ર એવોર્ડ' મળ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** કિશનચંદ મહેતા પરિવાર, આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશન -અંબાજી દ્વારા આયોજિત યાત્રાધામ અંબાજી મુકામે યોજાયેલ એક સન્માન સમારોહમાં શિસ્ત, સ્વચ્છતા અને સદવિચારોથી શોભતી પીએમશ્રી મુખ્ય શાળા-ચલા (વાપી) ના પર્યાવરણ અને પ્રકૃતિપ્રેમી એવા ત્રણશિક્ષકો ૧, યુવા ઉત્સાહી આચાર્યા પ્રીતિબેન ડી. હેડાઉ ૨, શાળા ઈકો કલબના કન્વીનર જ્યોતિબેન શ્રોફ, ૩, પ્રકૃતિના ખોળામાં ખૂંદતા પિનલ પટેલ આ ત્રણેય શિક્ષકોએ શાળામાં તેમજ સમાજમાં પ્રકૃતિ અને પર્યાવરણ ક્ષેત્રે કરેલી પ્રશંસનીય કામગીરીને બિરદાવતા આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશન દ્વારા પ્રકૃતિ મિત્રનો એવોર્ડઆપી, સન્માનપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રકૃતિ મિત્રનો એવોર્ડ પ્રાપ્ત કરીને આ શિક્ષકોએ શાળા તેમજ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. શિક્ષકોની આ પ્રેરણાદાયી પ્રવૃત્તિઓને બિરદાવવા વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળના ઉપપ્રમુખ, સને- ૨૦૧૦ માં ગુજરાત સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનાર શિક્ષણપ્રેમી અશરફભાઈ ચુડાસમાએ પણ આ શિક્ષકોને ખેસ પહેરાવી પુષ્પગુચ્છ આપી સન્માનિત કર્યા હતા.

## દમણમાં સાંજે ૫ થી ૧૦ કલાક સુધી ભારે વાહનોની અવરજવર બંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૫ :** જિલ્લામાં ટ્રાફિક સુવ્યવસ્થિત રાખવા, માર્ગ અકસ્માતો રોકવા અને જનતાને થતી અસુવિધા ઘટાડવા માટે, જિલ્લા વહીવટીતંત્રે ભારે અને વાણિજિયક વાહનોની અવરજવર પર સમયમર્યાદા પ્રતિબંધ લાદ્યો છે. જિલ્લા મેજિસ્ટ્રેટ ડૉ. સૌરભ મિશ્રાએ તાત્કાલિક અમલમાં મુકાયેલો આદેશ જારી કર્યો છે. આ આદેશ આગામી સૂચના સુધી અમલમાં રહેશે.

આદેશ મુજબ, શનિવાર અને રવિવારે સાંજે ૫ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી ચાર રૂટ પર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ રહેશે. આમાં મોટી દમણના આંબાવાડી જંકશનથી રાજીવ ગાંધી સેતુ સુધીનો માર્ગ, ભેસાલોર ચાર રસ્તાથી રાજીવ ગાંધી સેતુ સુધીનો માર્ગ અને ધોબી તળાવ તીન રસ્તા થઈને બસ સ્ટેન્ડ, ધોબી તળાવ તીન રસ્તાથી તીન બટ્ટી સુધીનો માર્ગ અને વર ચોકીથી રાજીવ ગાંધી સેતુ અને બસ સ્ટેન્ડનો માર્ગ શામેલ છે.

રોજ સાંજે ૫ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી બે અન્ય રૂટ પણ -તિબંધિત રહેશે. આમાં નાની દમણના સોમનાથ જંકશનથી કાચીગામ ચાર રસ્તા અને ડાભેલ ચેકપોસ્ટથી ડી-માર્ટ/ કાલરિયા જંકશન સુધીનો રૂટ શામેલ છે. ઈમરજન્સી વાહનો માટે મુક્તિ આ આદેશમાં એમ્બ્યુલન્સ, ફાયર એન્જિન, પોલીસ અને અન્ય ઈમરજન્સી વાહનો, સત્તાવાર ફરજ પરના સરકારી વાહનો અને જિલ્લા મેજિસ્ટ્રેટની ખાસ લેખિત પરવાનગી ધરાવતા વાહનોને પ્રતિબંધોમાંથી મુક્તિ આપવામાં આવી છે. પોલીસ અધિક્ષક અને ટ્રાફિક પોલીસને આદેશનો કડક અમલ કરવા અને નિયમો અનુસાર ઉલ્લંઘન કરનારાઓ સામે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે.

## ચણોદની કેબીએસ કોલેજમાં વોલીબોલ સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપીની કેશવજી ભારમલ સુમેરીયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત હેઠળ આંતર-કોલેજ વોલીબોલ (વુમન) સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી અર્પણ ટાંચક (રોટરી ક્લબ ઓફ વાપી રીવર સાઈડ વાપી, પ્રેસીડન્ટ ) મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા અને તેમણે તેમના પ્રેરણાદાયી શબ્દોથી ભાગ લેનારાઓને પ્રોત્સાહિત કર્યા હતા. યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોની ટીમોએ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉત્તેજક અને સ્પર્ધાત્મક રાઉન્ડ પછી, યજમાન કોલેજ, કેબીએસ એન્ડ નટરાજ કોલેજ, વાપી ચેમ્પિયન તરીકે ઉભરી આવી હતી, જ્યારે વિદ્યાભારતી ટ્રસ્ટ સંકુલ સંચાલિત બીબીએ, બીસીએ કોલેજ, ઉમરાખ રનર્સ-અપ સ્થાન પર રહી હતી. સમગ્ર સ્પર્ધાનું કાર્યક્ષમ આયોજન અને સંચાલન કોલેજની રમતગમત સમિતિ સાથે શારીરિક શિક્ષણના સહાયક પ્રોફેસર ડો. મયુર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓમાં ઉત્તમ રમતગમત, ટીમવર્ક અને ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે, કોલેજના આચાર્ય ડૉ. પૂનમ બી. ચૌહાણે તમામ ભાગ લેનાર ટીમો, વિજેતાઓને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા હતા અને કાર્યક્રમના સફળતાપૂર્વક આયોજન માટે આયોજન સમિતિના પ્રયાસોની પ્રશંસા કરી હતી તેમજ યુનીવર્સીટી અંતર્ગત આંતર કોલેજ કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવા માટે તક મળવા બદલ યુંનીવર્સીટીનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વલસાડ જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા નિવૃત શિક્ષક સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** વલસાડ જિલ્લાની વિવિધ શાળાના માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે દીર્ઘકાલીન સેવા આપી વય નિવૃત્ત થયેલા ૪૨ જેટલા શિક્ષકોનો એકસાથે નિવૃત સન્માન સમારંભ વલસાડ જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા યોજવામાં આવ્યો. ડી.સી.ઓ. સાર્વજનિક હાઈસ્કુલ પારડી ખાતે આ સમારંભ યોજાયો. સમારંભની શરૂઆત પ્રાર્થના વડે કરવામાં આવી. સંઘના પ્રમુખ દીપકભાઈએ સ્વાગત પ્રવચન કરી મહેમાનોને આવકાર્યા. વલસાડ જિલ્લા શિક્ષણ અધિકારી ડોક્ટર રાજેશ્રી મેડમે અધ્યક્ષ સ્થાન શોભાવ્યું, મુખ્ય મહેમાન પૂર્વ નાયબ શિક્ષણ નિયામક ગુજરાત રાજ્ય જયેશભાઈ એમ પટેલે શિક્ષણના પવિત્ર વ્યવસાય અને આ વ્યવસાય પૂર્ણ કરી નિવૃત થયેલા શિક્ષકોને નિવૃત્ત જીવન ખૂબ પ્રવૃત્તિમય બની રહે એ માટે શુભેચ્છાઓ પાઠવી. અધ્યક્ષ તેમજ મુખ્ય મહેમાનનું માધ્યમિક સંઘ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે સંચાલક મંડળના પ્રમુખ કમલેશભાઈ દેસાઈ, ધી પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હેમંતભાઈ દેસાઈ, આચાર્ય સંઘના પ્રમુખ દીપકભાઈ ,ઉચ્ચતર માધ્યમિક સંઘના પ્રમુખ નીનાદભાઈ રાઠોડ, વહીવટી સંઘના પ્રમુખ સંજયભાઈ પટેલ, ચિત્રકલા સંઘ ગુજરાત રાજ્યના પ્રમુખ વિપુલભાઈ પટેલ,યજમાન શાળાના આચાર્ય સુનિલભાઈ પટેલ ની વિશેષ ઉપસ્થિતિ રહી. નિવૃત્ત થયેલા ૪૨ જેટલા શિક્ષકોનું સન્માન પત્ર અને સાલ ઓઢાળી મહેમાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું,

સમારંભના અધ્યક્ષ જિલ્લા શિક્ષણ અધિકારી ડોકટર રાજેશ્રીબેન મેડમે કાર્યક્રમની સફળતા બદલ સંઘને અભિનંદન પાઠવ્યા. સમગ્ર કાર્યક્રમને સફળતા અપાવવા બદલ તમામનો સંઘના મંત્રી મુકેશભાઈ પટેલે સંઘ વતી આભાર માન્યો. કાર્યક્રમનું સફળ સંચાલન જયેશભાઈ ટંડેલ અને સતિષભાઈ ઠાકોરે કર્યું.

## વાપી નેહરુ સ્ટ્રીટમાં ૨૦ દિવસથી ડ્રેનેજનું પાણી રસ્તા પર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી શહેરના નેહરુ સ્ટ્રીટ વિસ્તારમાં આવેલા મંછારામ એપાર્ટમેન્ટ પાસે આવેલી મનપા ની ડ્રેનેજ લાઈન છેલ્લા ૨૦ દિવસથી ઉભરાઈ રહી છે. ડ્રેનેજનું ગંદુ પાણી રસ્તા પર ફરી વળતા સ્થાનિક લોકો તેમજ આ એપાર્ટમેન્ટમાં રહેતા લોકો ને રસ્તા પર જવા માટે આ ગંદા પાણીમાંથી જ પસાર થવું પડે છે અને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. લાંબા સમયથી સર્જાયેલી આ સમસ્યાને પગલેઆ વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે અને રોગચાળો ફાટી નીકળવાની ભીતિ પણ સેવાઈ રહી છે. સ્થાનિકોના દુકાનદાર અને રહીશોના જણાવ્યા અનુસાર, ડ્રેનેજ લાઈન ઉભરાવાને કારણે ગંદુ પાણી રસ્તા પર ફેલાઈ રહ્યું છે. જેના કારણે આસપાસના રહેવાસીઓના આરોગ્ય સામે જોખમ ઊભું થયું છે. ખાસ કરીને ગંદા પાણીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધવાની તેમજ વિવિધ બીમારીઓ ફેલાવાની શક્યતા છે. આ સમસ્યા છેલ્લા ૨૦ દિવસથી યથાવત હોવા છતાં તેનો કાયમી ઉકેલ નહીં આવતાં સ્થાનિકોમાં નારાજગી જોવા મળી રહી છે. આ અંગે સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક ધ્યાન આપવામાં આવે તેવી માંગ ઉઠી છે.સ્થાનિક લોકોએ વાપી નગરપાલિકાના સંબંધિત વિભાગના અધિકારીઓને આ સમસ્યાની ગંભીરતા ધ્યાને લઈ તાત્કાલિક ડ્રેનેજ લાઈનની સફાઈ અને સમારકામ કરાવી ગંદા પાણીનો નિકાલ કરવાની માંગ કરી છે

## લવકરમાં ગૌદાનનો ૧૦૦ મો કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૧૫ :** .ભારતીય સંસ્કૃતિમાં ગૌવંશનું સ્થાન માત્ર પશુધન તરીકે તો ખરું જ, પરંતુ તે ખેતી, ગ્રામજીવન, સ્વાવલંબન અને સંવેદનશીલ જીવનમૂલ્યોનું પ્રતીક છે. આ પરંપરાને સેવાકાર્ય સાથે જોડીને જરૂરિયાતમંદ પરિવારોને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશથી ડૉ. આશા ગોહિલ દ્વારા વર્ષ ૨૦૧૨થી શરૂ કરવામાં આવેલ ગૌદાનનો ૧૦૦મો કાર્યક્રમ લવકર (તા. કપરાડા ) ગામમાં યોજાયો હતો. દીપ ચૌહાણના જન્મદિવસ નિમિત્તે આયોજિત આ કાર્યક્રમમાં ૧૦ ગૌવંશ જરૂરિયાતમંદ પરિવારોને આપવામાં આવ્યા.શ્રી નંદ ગોપાલ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી કિશનભાઈ દેસાઈ (દેસાઈ કન્સ્ટ્રક્શન) પ્રવીણભાઈ ગજ્જર તથા વિજયભાઈ તેમજ અનીશભાઈ શેઠિયા (શ્રી લાલજી વેલજી શાહ ગૌશાળા તથા વલસાડ પાંજરાપોળ ) ના સહકારથી આ કાર્યક્રમ યોજાયો. આ ૧૦૦ ગોદાન કાર્યક્રમમાં વલસાડ જિલ્લાની પાંચ જેટલી ગૌશાળાઓના સંચાલકો, ટ્રસ્ટીઓ અને સહયોગીઓના સદ્ભાવનાપૂર્ણ સમર્થન ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહ્યું છે.

સૌની મદદરૂપ થવાની લાગણી, ઉદાર ભાવનાના પરિણામે જ ગૌદાનના ૧૦૦ કાર્યક્રમો પૂર્ણ કરી શકાયા છે અને અત્યાર સુધીમાં ૨,૩૨૩ ગૌવંશ જરૂરિયાતમંદ પરિવારો સુધી પહોંચાડી શકાયાં છે. સૌના સહકારથી સાકાર થયેલો આ સેવાયજ્ઞ અનેક પરિવારોને આત્મનિર્ભર બનાવવાની દિશામાં થોડું પણ અગત્યનું કામ થયું. લવકર ગામના સરપંચ સતીષભાઈ બાળુભાઈ જાદવ, કિશોર નિંબારા, અમરત ચૌધરી, સુરેશ અને ગામના અન્ય કાર્યકરોએ સહયોગ આપ્યો હતો. સતીષભાઈના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં હાર્દિક પટેલ, નીલિમાબેન ભાવસાર, દીપકભાઈ મરચંટની ઉપસ્થિતિથી ઘણી મદદ મળી હતી. સૌના સહિયારા પ્રયાસોથી ગૌદાનનો આ સેવાયજ્ઞ વધુ એક મહત્વપૂર્ણ મુકામે પહોંચ્યો હતો.

ડૉ. આશા ગોહિલ દ્વારા વલસાડ જિલ્લાની વિવિધ ગૌશાળાઓના સહયોગથી શરૂ કરાયેલા આ કાર્યનો મુખ્ય ઉદ્દેશ જરૂરિયાતમંદ પરિવારોને ગૌવંશ આપીને તેમની સહાય કરવાનો છે.

દીપ ચૌહાણના જન્મદિવસને સેવાકાર્ય સાથે જોડીને છેલ્લાં ૪ વર્ષથી ગોદાન કાર્યક્રમ જન્મદિવસે યોજાઈ રહ્યો છે. આ ૧૦૦મો કાર્યક્રમ જન્મ દિવસની ઉજવણીને સમાજ ઉપયોગી બનાવવાનો પ્રેરણાદાયી પ્રયાસ છે.

ગૌસેવા દ્વારા માનવસેવા અને માનવસેવા દ્વારા ગ્રામવિકાસનું આ કાર્ય ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને જીવંત રાખે છે.

## શ્રી એમ. વી. પી. મંડળ દ્વારા

## વલસાડમાં જરૂરિયાતમંદોને આર્થિક સહાયનું વિતરણ કરાયું

**વલસાડ, તા. ૧૩ :** સામાજિક ઉત્થાન અને માનવસેવાની પ્રવૃત્તિઓમાં અગ્રેસર એવી સંસ્થા 'શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ, વલસાડ' દ્વારા જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર-૨૦૨૬ ત્રિમાસિક ગાળા અંતર્ગત આર્થિક સહાય વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૧ થી ૧૩ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન સંસ્થાના સેવાભાવી કાર્યકરોએ લાભાર્થીઓના ઘરે પ્રત્યક્ષ મુલાકાત લઈને વિવિધ શ્રેણીઓમાં કુલ ૩૮ લાભાર્થીઓને ૧,૦૯,૨૩૮ની સહાય અર્પણ કરી હતી.

નિરાધાર સહાય માં ૧૪ લાભાર્થીઓને પ્રતિ માસ ૬૦૦ લેખે ૩ મહિનાના ૧,૮૦૦ પ્રમાણે કુલ ૨૫,૨૦૦ દિવ્યાંગ સહાયમાં ૮ લાભાર્થીઓને ૩ મહિનાના ૧,૮૦૦ લેખે કુલ ૧૪,૪૦૦, વિધવા સહાય ૭ લાભાર્થીઓને ૩ મહિનાના ૧,૮૦૦ લેખે કુલ ૧૨,૬૦૦ વિશેષ સંજોગોમાં સહાય માં ૧ લાભાર્થીને ૩ મહિનાના ૧,૮૦૦, શૈક્ષણિક સહાયૈં ૪ વિદ્યાર્થી અને લાભાર્થીઓને કુલ ૨૦,૦૦૦ રૂપિયા પોલિસી ક્લેમ માં ૪ લાભાર્થીઓને કુલ ૩૫૨૩૮ રૂપિયા ગીજેન્દ્રભાઈ પીઠાવાલાના માર્ગદર્શન હેઠળ સંસ્થાના કાર્યકરો માં નિલેશભાઈ બારોટ, કૃતિબેન બારોટ, રૂપેશભાઈ રાધારી, કાજલબેન રાધારી તેમજ સુનિલભાઈ મેહવાલાએ લાભાર્થીઓના નિવાસસ્થાને રૂબરૂ પહોંચી આ રકમ સુપરત કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા બદલ સંસ્થાના પ્રમુખ અનુપભાઈ મેહવાલાએ તમામ ઉદારમના દાતાઓ તેમજ ફિલ્ડ પર જઈ સેવા આપનાર કાર્યકરોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## વાપી પોલીસે અત્યારસુધી ૪૦ અરજદારોને રૂા. ૬,૦૦,૦૦૦ થી વધુનો મુદામાલ પરત સોંપ્યો

**વાપી, તા. ૧૫ :** તા ગુજરાત રાજ્યના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગાજેન્દ્ર સિંહ મલિક (IPS) દ્વારા પ્રજાલક્ષી અભિગમના ભાગરૂપે લોકો સાથે તાદાત્મ્ય વધારવા અને પોલીસ પ્રત્યે વિશ્વાસ વધે તે હેતુથી તેરા તુઝકો અર્પણ અભિયાન હાથ ધરવા સૂચના આપવામાં આવી છે. જેને સાર્થક કરવા સુરત રેન્જ IG પ્રેમ વીર સિંહ (IPS) અને વલસાડ SP યુવરાજસિંહ જાડેજા (IPS) એ પોલીસ પ્રજાનો મિત્ર છે. સૂત્રને ધ્યાને રાખી ગુમ થયેલા મોબાઈલ



શોધી પરત કરવા માર્ગદર્શન આપ્યું હતું. જે આધારે વાપી ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવેના માર્ગદર્શન હેઠળ વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનના PI એસ.પી. ગોહિલની રાહબરીમાં પોલીસે CEIR પોર્ટલ ઉપર સર્ચ કરી તથા ટેકનિકલ સર્વેલન્સના આધારે ગુમ થયેલા કુલ ૪૦ મોબાઈલ ફોન શોધી કાઢ્યા હતા.

આજરોજ વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન ખાતે તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ યોજી કુલ રૂ. ૬,૦૦,૦૦૦ ની કિંમતના ૪૦ મોબાઈલ મૂળ માલિકોને પરત સોંપી સૂત્રને સાર્થક કરવામાં આવ્યું હતું.

આ કામગીરીમાં ASI અશોકભાઈ નિષાભાઈ અને APC જયદિપસિંહ પ્રતાપસિંહની ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી.

## વલસાડની કોમર્સ કોલેજમાં GSVS અંતર્ગત સ્પર્ધા યોજાઈ

**વલસાડ, તા. ૧૫ :** વલસાડની શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં સ્પર્ધાની પોસ્ટરલગાવી તેમજ વિવિધ વટ્સઅપ ગ્રુપમાં જાહેરાત કરી ને તારીખ ૧૩/૧૦/૨૦૨૬ ના રોજ વર્ગવાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વર્ગવાર વિજેતા થયેલા સ્પર્ધકોએ તા. ૧૫/૧૦/૨૦૨૬ ના રોજ યોજાયેલી અંતિમ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કુલ ૨૦ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં સ્પર્ધકોએ પોતાની પ્રતિભા, વિચારશક્તિ અને રજૂઆતની કુશળતાનું પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધાના અંતે નિર્ણાયકો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, વિજેતા સ્પર્ધાના વિજેતાઓમાં પ્રથમ ક્રમ વૈભવ પી. ઢીમ્મર, દ્વિતીય ક્રમ આદિત્ય આર. જાંજર, તૃતીય ક્રમેં કાજલ એસ. રાજપૂત સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રો. હેલીબેન પાઠક અને પ્રો. દિવ્યાંબેન ઢીમ્મરે મહત્વપૂર્ણ કામગીરી બજાવી હતી. તેમના નિષ્પક્ષ મૂલ્યાંકનથી સ્પર્ધા સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

આ કાર્યક્રમનું આયોજન NSS યુનિટ, NCC આર્મી વિંગ તથા ડિબેટ કમિટીના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય શ્રી વિજયકુમાર આર. ચાંપાનેરીની પ્રેરણા અને માર્ગદર્શનથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા રજૂ કરવાની તક મળી હતી અને તેમનામાં આત્મવિશ્વાસ, સ્પર્ધાત્મક ભાવના તથા વ્યક્તિત્વ વિકાસને પ્રોત્સાહન મળ્યું હતું.

DGT
# સાયન્સ કોર્નર
દમણગંગા ટાઈમ્સ

# નવસારીમાં ત્રિ-દિવસીય 'વિક્રમ સારાભાઈ સ્પેસ એક્ઝિબિશન'નું સમાપન

## ૧૧,૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા નાગરિકોએ સ્પેસ એક્ઝિબિશન નિહાળ્યું









**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

નવસારી જિલ્લા વહીવટી તંત્ર અને નવસારી મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ISRO)ના સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC), અમદાવાદના સહયોગથી નવસારી ટાઉનહોલ ખાતે તા.૧૧ થી ૧૩ ઓક્ટોબર દરમિયાન આયોજિત ત્રિદિવસીય 'વિક્રમ સારાભાઈ સ્પેસ એક્ઝિબિશન'નું સમાપન થયું હતું. આ પ્રદર્શનમાં ૧૧,૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા શહેરીજનોએ ભારતની અંતરિક્ષ ક્ષેત્રે થયેલી પ્રગતિ, ઈસરોની વિવિધ સિદ્ધિઓ અને સ્પેસ ટેકનોલોજીના ઉપયોગો વિશે જાણકારી મેળવવાની તક મળી હતી.આ પ્રસંગે નવસારી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાયે પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે ભારતે હાંસલ કરેલી સિદ્ધિઓથી નવી પેઢીને પરિચિત કરાવવી સમયની આવશ્યકતા છે. સમાપન પ્રસંગે ઈસરોના ભૂતપૂર્વ વડા પરેશજીએ પોતાના સંબોધનમાં સ્પેસ ટેકનોલોજીના વિવિધ ઉપયોગો અંગે વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું હતું કે, અંતરિક્ષ ટેકનોલોજીનો ઉપયોગ હવામાનની આગાહી, સંદેશાવ્યવહાર, કૃષિ અને આપત્તિ વ્યવસ્થાપન સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં થઈ રહ્યો છે. તેમણે વધુમાં ગગનયાન મિશન અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ અંતર્ગત માનવને અંતરિક્ષમાં મોકલવાની દિશામાં કામગીરી ચાલી રહી છે અને આગામી સમયમાં આ મહત્ત્વાકાંક્ષી મિશન સાકાર થવાની અપેક્ષા છે. ભારતની અંતરિક્ષ ક્ષેત્રે પ્રગતિ અને વૈજ્ઞાનિક સિદ્ધિઓ અંગે તેમણે ઉપસ્થિતોને માહિતગાર કર્યા હતા. ઈસરોના પ્રશાસક સાવનજીએ ત્રિદિવસીય પ્રદર્શનનું સફળ આયોજન કરવા સમગ્ર વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ પ્રદર્શનના માધ્યમથી વિદ્યાર્થીઓ અને નાગરિકોને અંતરિક્ષ વિજ્ઞાન, સ્પેસ ટેકનોલોજી તથા તેના વિવિધ ઉપયોગો અંગે મહત્ત્વપૂર્ણ જાણકારી પ્રાપ્ત થઈ છે. આવા આયોજનો નવી પેઢીમાં વિજ્ઞાન પ્રત્યે જિજ્ઞાસા કેળવવા અને અંતરિક્ષ સંશોધન ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરણારૂપ બને છે.

સાથે જ, જે નાગરિકો અને વિદ્યાર્થીઓ આ પ્રદર્શનની મુલાકાત લઈ શક્યા નથી, તેઓને અમદાવાદ ખાતે યોજાતા ઈસરોના પ્રદર્શનની મુલાકાત લઈ અંતરિક્ષ વિજ્ઞાન અને ટેકનોલોજી અંગે વધુ જાણકારી મેળવવા અનુરોધ કર્યો હતો. આ અવસરે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે. એન. લિખિયા, પ્રાંત અધિકારી તૃપ્તિ પટેલ તથા સ્મૃતિભેટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, પ્રદર્શનના સફળ આયોજન અને વ્યવસ્થાપનમાં સહયોગ આપનાર વિદ્યાર્થી સ્વયંસેવકોને પ્રમાણપત્રો એનાયત કરી તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી. નવસારી ટાઉનહોલ ખાતે યોજાયેલું આ ત્રિદિવસીય પ્રદર્શન વિદ્યાર્થીઓ અને નાગરિકોમાં અંતરિક્ષ વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ કેળવવા, ભારતની વૈજ્ઞાનિક સિદ્ધિઓથી પરિચિત કરાવવા અને નવી પેઢીને વિજ્ઞાન તથા સંશોધન ક્ષેત્રે આગળ વધવા પ્રેરિત કરવા માટે મહત્ત્વપૂર્ણ બની રહ્યું હતું.

### આદિવાસી વિદ્યાર્થીઓમાં સ્પેસ સાયન્સ અને ટેકનોલોજીના કૌશલ્યો વિકસાવતી અનન્ય પહેલ

# બારતાડમાં રાજયની પ્રથમ સ્પેસ એન્ડ ઈનોવેશન લેબનું ઉદ્દ્ઘાટન થયું



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ભારતના મહાન વૈજ્ઞાનિક અને પૂર્વ રાષ્ટ્રપતિ ભારત રત્ન ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામની જન્મજયંતિ, વાંચન પ્રેરણા દિન નિમિત્તે આદિજાતિ વિકાસ વિભાગ અંતર્ગત નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના બારતાડ ખાતે ચાલતી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS) માં રાજ્યની સરકારી શાળામાં પ્રથમ વિક્રમ સારાભાઈ સ્પેસ એન્ડ ઈનોવેશન લેબનો આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે પ્રારંભ કરાવ્યો હતો. પ્રાયોજના વહીવટદારની કચેરી-વાંસદાના સહયોગથી તૈયાર થયેલી આ લેબમાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા ડ્રોન, RC પ્લેન અને રોબોટિક્સ મોડેલ્સનું મંત્રીએ નિરીક્ષણ કર્યુ હતું. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, આ પહેલથી આદિજાતિ ક્ષેત્રના વિદ્યાર્થીઓમાં પણ વૈજ્ઞાનિક અભિગમ વિકસશે અને તેઓ ભવિષ્યમાં દેશના અવકાશ સંશોધનમાં યોગદાન આપી શકશે.

આ પ્રસંગે નવસારીના જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, વાંસદાના પ્રયોજના વહીવટદાર સ્વપ્નિલ સિસલે તથા સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર (SAC), ISROના પૂર્વ નિયામક ડૉ. એન. એમ. દેસાઈ, શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આદિજાતિ વિકાસ વિભાગ અને પ્રાયોજના વહીવટદારની કચેરી-વાંસદા દ્વારા EMRS, બારતાડ ખાતે શરૂ કરવામાં આવેલી વિક્રમ સારાભાઈ સ્પેસ એન્ડ ઈનોવેશન લેબ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અનુભવ આધારિત શિક્ષણના વિચારને સાકાર કરતી એક સીમાચિહ્નરૂપ યોજના છે.

ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા ડૉ.વિક્રમ સારાભાઈના નામ પર બનેલી આ લેબ વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન અને તકનીકીનું અદભુત કેન્દ્ર બનશે. વિદ્યાર્થીઓ GSLV, PSLV, ચંદ્રયાન (લેન્ડર અને પ્રજ્ઞાન રોવર), મંગળયાન, આદિત્ય-L1 અને ગગનયાન જેવા મિશનોના મોડેલ્સ દ્વારા વિદ્યાર્થીઓ અવકાશનો ઈતિહાસ જાણી શકશે. ઓબ્સ્ટેકલ અવોઈડિંગ, આર્મ, સ્પાઈડર, ક્યુબ રોબોટ્સ તેમજ ૩ પ્રકારના ડ્રોન અને RC પ્લેન કિટ્સ દ્વારા પ્રોગ્રામિંગ અને ઉડાડવાની પ્રેક્ટિસ કરી શકાય છે. આ ઉપરાંત સૂર્યમંડળના વર્કિંગ મોડેલ્સ, ટેલિસ્કોપ દ્વારા આકાશ દર્શન, હાઈડ્રો રોકેટ અને ૩ડી પ્રિન્ટર દ્વારા ડિઝાઈનિંગની તાલીમ મળશે. આ લેબથી વિદ્યાર્થીઓને પુસ્તકીય જ્ઞાન ઉપરાંત Hands-on પ્રાયોગિક તાલીમ મેળવી શકશે. જેનાથી ભવિષ્યમાં તેઓ STEM (સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ) ક્ષેત્રે કારકિર્દી બનાવવા પ્રેરિત થશે. શિક્ષકોને પણ ખાસ પ્રશિક્ષણ આપવામાં આવ્યું હોવાથી શાળામાં કાયમી ધોરણે માર્ગદર્શન મળશે. આ પ્રોજેક્ટની સફળતા બાદ રાજયની અન્ય EMRS શાળાઓ માટે પણ આ એક ઉત્તમ મોડેલ સાબિત થશે. લેબના ઉદ્ઘાટન પૂર્વે તા.૯ થી ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન ૬ દિવસીય સઘન તાલીમ શિબિર યોજાઈ હતી.

જેમાં નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ડ્રોન, રોબોટિક્સ, ટેલિસ્કોપ અને ૩ડી પ્રિન્ટરની પ્રાયોગિક તાલીમ અપાઈ હતી. સાથે જ રાત્રિના સમયે ટેલિસ્કોપ દ્વારા આકાશ દર્શનના વિશેષ સત્રો પણ યોજવામાં આવ્યા હતા.







# વિશ્વ એનેસ્થેસિયા દિવસ : દર્દરહિત સર્જરીની વૈજ્ઞાનિક ક્રાંતિ

**આ શોધનું મહત્ત્વ માત્ર દર્દ ઓછો થયો એટલું જ નહીં. તેનાથી લાંબી, જટિલ અને નિયંત્રિત સર્જરી શક્ય બની, જે પહેલાં પ્રાયોગિક રીતે અશક્ય હતી : ૨૦૨૬ માટે વિશ્વ એનેસ્થેસિયા દિવસની થીમ Before, During and Beyond Surgery (સર્જરી પહેલાં, દરમિયાન અને તે પછી) રાખવામાં આવી છે.**

દર વર્ષે ૧૬ ઓક્ટોબરે વિશ્વ એનેસ્થેસિયા દિવસ (World Anaesthesia Day) મનાવાય છે. આ દિવસ ૧૬ ઓક્ટોબર ૧૮૪૬ના રોજ અમેરિકાના બોસ્ટન ખાતે વિલિયમ ટી. જી. મોર્ટન દ્વારા ડાયઈથાઈલ ઈથરનો ઉપયોગ બેભાન કરવા માટે એસ્થેસિયાની પ્રથમ સફળ જાહેર સફળ પ્રયોગ કર્યો એની પ્રાત્યક્ષિકતાની યાદમાં ઉજવાય છે.આ દિવસે જ દર્દીઓને ઓપરેશન દરમિયાન થતી અસહ્ય પીડામાંથી મુક્તિ અપાવનારી શોધ થઈ હતી.

૨૦૨૬ માટે વિશ્વ એનેસ્થેસિયા દિવસની થીમ "Before, During and Beyond Surgery" (સર્જરી પહેલાં, દરમિયાન અને તે પછી) રાખવામાં આવીછે.

૧૬ ઓક્ટોબર, ૧૮૪૬ના રોજ બોસ્ટન (અમેરિકા)ની મેસેચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલમાં વિલિયમ ટી. જી. મોર્ટન નામના વૈજ્ઞાનિકે પ્રથમ વખત દર્દી પર ડાયઈથાઈલ ઈથર (નો એનેસ્થેસિયા (બેહોશ કરવા) તરીકે સફળ જાહેરમાં પ્રયોગ કર્યો હતો. આ થીમનો મુખ્ય સંદેશએ છે કે એનેસ્થેસિયાના ડોક્ટરો (એનેસ્થેસિયોલોજિસ્ટ) માત્ર ઓપરેશન દરમિયાન જ નહીં, પરંતુ ઓપરેશન પહેલાં દર્દીની તપાસ કરવા, ચિંતા દૂર કરવા તેમજ ઓપરેશન પછી આઈસીયુ (ICU), પીડા મુક્તિ અને દર્દી સંપૂર્ણ સાજો થાય ત્યાં સુધી સતત કાળજી રાખવામાં મહત્વનો ભાગ ભજવે છે. આ થીમ દર્દીની સારવારની સમગ્ર સફર દરમિયાન સુરક્ષિત, સસ્તી અને સમાન એનેસ્થેસિયા સેવાઓ પૂરી પાડવા પર ભાર મૂકે છે.



આ શોધ પહેલાં દર્દીઓના ઓપરેશન ખૂબ જ પીડાદાયક રહેતા હતા. આ શોધ બાદ તબીબી ક્ષેત્રે ક્રાંતિ આવી અને જટિલ સર્જરીઓ દર્દીને દુખાવા વગર કરવી શક્ય બની. એનેસ્થેસિયાની શોધ પહેલાં સર્જરી એ ભયાવહ અને અસહ્ય દુ:ખદાયક પ્રક્રિયા ગણાતી. દર્દીને શક્ય હોય ત્યાં સુધી દારૂ, અફીણ કે અન્ય પદાર્થો આપીને બેભાન કરવાનો પ્રયાસ થતો, પરંતુ મોટાભાગની સર્જરીમાં દર્દ ટાળી શકાતો નહોતો. ૧૬ ઓક્ટોબર ૧૮૪૬ના રોજ મેસાચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલમાં, જે આજે "Ether Dome" તરીકે પ્રખ્યાત છે, ડૉ. વિલિયમ ટી. જી. મોર્ટને ઈથરની વરાળ શ્વાસ મારફતે આપીને દર્દીને બેભાન કર્યો. ત્યારબાદ થયેલી સર્જરીમાં દર્દીને પીડા અનુભવાઈ નહીં; આ ઘટના આધુનિક એનેસ્થેસિયોલોજીની શરૂઆત માનવામાં આવે છે.આ શોધનું મહત્ત્વ માત્ર દર્દ ઓછો થયો એટલું જ નહીં. તેનાથી લાંબી, જટિલ અને નિયંત્રિત સર્જરી શક્ય બની, જે પહેલાં પ્રાયોગિક રીતે અશક્ય હતી.



**વિજ્ઞાનજગત**
**લેખક :દીપક જગતાપ**

**એનેસ્થેસિયા એટલે શું?**

એનેસ્થેસિયા એટલે ચિકિત્સકીય હેતુ માટે સંવેદના અથવા ચેતનાને અસ્થાયી અને નિયંત્રિત રીતે ઘટાડવાની પ્રક્રિયા. તેનો મુખ્ય હેતુ સર્જરી અથવા તબીબી પ્રક્રિયા દરમિયાન દર્દ, હલનચલન અને માનસિક તણાવ ટાળવાનો છે. સામાન્ય એનેસ્થેસિયા દરમિયાન મગજની સંવેદના-ચેતનાની કડી અસ્થાયી રીતે બંધ થાય છે. તેથી દર્દીને દર્દ અનુભવાતો નથી; પરંતુ શરીરની શ્વાસ, હૃદયગતિ, રક્તચાપ અને તાપમાન જેવી અનૈચ્છિક ક્રિયાઓનું સતત નિરીક્ષણ અને નિયંત્રણ જરૂરી રહે છે.

**એનેસ્થેસિયાના મુખ્ય પ્રકારો**

**૧.સામાન્ય એનેસ્થેસિયા**

દર્દી સંપૂર્ણ બેભાન થાય છે અને શરીરને કોઈ સંવેદના નથી થતી. મોટી અથવા લાંબી સર્જરી થાય છે

**૨. પ્રાદેશિક એનેસ્થેસિયા**

શરીરના મોટા ભાગની નસોમાં સંવેદના બંધ થાય છે; દર્દી જાગૃત રહી શકે છે.સિઝેરિયન ડિલિવરી, પગ-હાથની સર્જરી થાય છે.

**૩.સ્થાનિક એનેસ્થેસિયા**

માત્ર નાના વિસ્તારની સંવેદના બંધ થાય છે. ટાંકા, દાઢ કાઢવી, નાની પ્રક્રિયા હોય છે.

૪.સેડેશન દર્દી શાંત અને ઊંઘળાવવાળો બને છે, પરંતુ સંપૂર્ણ બેભાન જરૂરી નથી એન્ડોસ્કોપી, નાની પ્રક્રિયા એનેસ્થેસિયાનો પ્રકાર પસંદ કરતી વખતે દર્દીની ઉંમર, વજન, રોગો, દવાઓ, એલર્જી, શ્વાસની તકલીફ અને સર્જરીનું સ્વરૂપ ધ્યાનમાં લેવાય છે.

**એનેસ્થેસિયા કેવી રીતે કાર્ય કરે છે?**

દર્દ એ નાડીતંત્રનો સંદેશ છે.શરીરના ચેતાતંત્રમાંથી પીડા-સંકેત મગજ સુધી પહોંચે છે અને મગજ તેને દર્દ તરીકે અર્થઘટિત કરે છે. એસ્થેસિયા આ સંદેશ-વહન અથવા મગજના અર્થઘટનને અસ્થાયી રીતે અટકાવે છે. સામાન્ય એનેસ્થેસિયા મગજની ચેતના અને સંવેદનાને અસ્થાયી રીતે બદલે છે.સ્થાનિક અને પ્રાદેશિક એનેસ્થેસિયા ચોક્કસ ચેતાઓમાં સંકેત ફેલાતા અટકાવે છે. આધુનિક પદ્ધતિમાં દર્દનિવારક, બેભાન કરનારા, સ્નાયુ શિથિલ કરનારા અને જીવન-રક્ષક દવાઓનું સંયુક્ત સંતુલન રાખવામાં આવે છે.

**એનેસ્થેસિયોલોજિસ્ટની ભૂમિકા**

એનેસ્થેસિયા માત્ર ઊંઘ આપવી નથી. એનેસ્થેસિયોલોજિસ્ટ સર્જરી પહેલાં દર્દીનું મૂલ્યાંકન કરે છે, યોગ્ય પદ્ધતિ નક્કી કરે છે, દવાની માત્રા નિયંત્રિત કરે છે અને સર્જરી દરમિયાન શ્વાસ, હૃદયગતિ, રક્તચાપ, ઓક્સિજન તથા શરીરનું તાપમાન સતત જુએ છે. સર્જરી પછી પણ તેઓ દર્દનિવારણ, જાગૃતિ પુન:સ્થાપન અને ગૂંચવણોનું સંચાલન કરે છે. તેથી આધુનિક આરોગ્યસેવામાં એનેસ્થેસિયા વિભાગને સુરક્ષિત સર્જરીનો અનિવાર્ય આધાર ગણી શકાય. આજે એનેસ્થેસિયા અત્યંત સુરક્ષિત બન્યું છે, કારણ કે આધુનિક સાધનો દ્વારા ઓક્સિજન, હૃદયગતિ, રક્તચાપ અને શ્વાસનું વાસ્તવિક સમયમાં નિરીક્ષણ થાય છે. તેમ છતાં, ગંભીર હૃદયરોગ, ફેફસાના રોગ, મોટાપો, ડાયાબિટીસ કે એલર્જી ધરાવતા દર્દીઓમાં વધુ કાળજી જરૂરી બને છે. વિશ્વ એનેસ્થેસિયા દિવસનો બીજો મહત્ત્વનો હેતુ એ છે કે, સલામત, સુલભ અને ગુણવત્તાયુક્ત એનેસ્થેસિયા સેવા વિશે જાગૃતિ વધારવી. આ દિવસ એનેસ્થેસિયા વિશેષજ્ઞોના યોગદાનને પણ સન્માન આપે છે ઈથર એનેસ્થેસિયાની શોધે સર્જરીને ક્રૂપીડાની કસોટી માંથી વૈજ્ઞાનિક અને માનવીય ચિકિત્સામાં ફેરવી. આજે કાર્ડિયાક સર્જરી, અંગ પ્રત્યારોપણ, કેન્સર સર્જરી, આકસ્મિક ઈજાઓની સારવાર અને જન્મ સમયની જટિલ પ્રક્રિયાઓ દર્દરહિત રીતે શક્ય બની છે. આનમ વિશ્વ એનેસ્થેસિયા દિવસ માત્ર એક ઐતિહાસિક તહેવાર નથી; તે આધુનિક ચિકિત્સાવિજ્ઞાનમાં માનવ-દુ:ખ ઘટાડવાની અને જીવન બચાવવાની ક્ષમતાની ઉજવણી છે.

# ગીર સોમનાથનો કાર્તિક આવ્હાડ નેશનલ રૂરલ આઈટી ક્વિઝમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે




**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ)એ ગાંધીનગરના કડી સર્વ વિશ્વવિદ્યાલય (KSV) કેમ્પસ સ્થિત LDRP ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ ખાતે રાજ્ય કક્ષાની રૂરલ IT ક્વિઝ -૨૦૨૬નું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતના ૩૪ જિલ્લાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નેશનલ રૂરલ IT ક્વિઝ એ કર્ણાટક સરકારના ઈલેક્ટ્રોનિક્સ, IT અને BT વિભાગ તથા ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS) ના સંયુક્ત ઉપક્રમે થતી ક્વિઝ છે.ગુજકોસ્ટ એ ગુજરાત રાજ્ય માટે સ્ટેટ નોડલ કોર્ડીનેટર તરીકે કાર્ય કરે છે. ૨૭મી નેશનલ રૂરલ IT ક્વિઝની આવૃત્તિમાં સ્ટેટ લેવલમાં ગુજરાતના તમામ ૩૪ જિલ્લાઓમાંથી ધોરણ ૮થી ૧૨ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રિલિમનરી ઑનલાઈન ટેસ્ટ બાદ છ વિદ્યાર્થીઓએ સ્ટેટ ફીનાલે માટે પસંદગી બાદ એમાંથી વિજેતા તરીકે કાર્તિક આવ્હાડ, આદિત્ય બિરલા હાયર સેકન્ડરી સ્કૂલ (ABHSS), ગીર સોમનાથ અને રનર અપ તરીકે નીલ એમ. શાહ, એસ.એમ.જે.સી.કે.આર., સોનગઢ, ભાવનગર પસંદ થયા હતાં.

વિજેતા માસ્ટર કાર્તિક આવ્હાડને રૂ. ૧૦,૦૦૦ના ગિફ્ટ વાઉચર્સ એનાયત કરવામાં આવ્યા હતા. તેઓ રૂરલ IT ક્વિઝના નેશનલ ફિનાલેમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે. રનર અપમાં માસ્ટર નીલ એમ. શાહને રૂ. ૭,૦૦૦ના ગિફ્ટ વાઉચર્સ એનાયત કરવામાં આવ્યા હતા. અન્ય તમામ ફાઈનલિસ્ટ વિદ્યાર્થીઓને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ પ્રમાણપત્રો અને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપનાર શિક્ષકોને પણ વિશેષ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

ગુજકોસ્ટના ડાયરેક્ટર જનરલ દિગ્વિજયસિંહ ડી. જાડેજા (IAS) એ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, ટેકનોલોજી અંગેની જાગૃતિ અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે ગુજકોસ્ટની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓને ડિજિટલ જાગૃતિ વધારવા, વિશ્લેષણાત્મક તથા સમસ્યા-નિવારણ જેવા કૌશલ્યો વિકસાવવા અને દૈનિક જીવનમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીની વધતી જતી ભૂમિકાને સમજવાની તક મળી હતી.





## ધરમપુરના પિંડવળમાં વિજ્ઞાન વિષયક પ્રવૃત્તિ યોજાઈ

સર્વોદય વિદ્યાલય પિંડવળ ખાતે ષ્ખ્ખ્ણ અને ડૉ. વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સહયોગથી STEM Hands-on Activityનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ વૈજ્ઞાનિક પ્રયોગો અને પ્રવૃત્તિઓ દ્વારા પ્રયોગાત્મક શિક્ષણનો આનંદ માણ્યો અને વિજ્ઞાન પ્રત્યે પોતાની જિજ્ઞાસા વધારી હતી.

# રાજકોટમાં દુર્ગાષ્ટમીએ મહિલા ખગોળ તજજ્ઞો આકાશદર્શન કરાવશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

નવરાત્રી દરમ્યાન આ દુર્ગાષ્ટમીએ તા. ૧૮ ઓકટોબર, ૨૦૨૬ના રોજ સાંજે ૭. ૩૦ થી ૯ કલાક દરમ્યાન રાજકોટની બિગબેંગ કલબની મહિલા ખગોળ તજજ્ઞો દ્વારા રાજકોટના ઓવી શેઠ લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે અદ્યતન ટેલિસ્કોપનું સંચાલન કરી મુલાકાતીઓને ચંદ્રનાં ખાડાઓની અદ્ભુત રચનાઓ અને શનિના મનમોહક વલયોનું નિર્દેશન કરાવવામાં આવશે. આ એક યાદગાર અનુભવ બની રહેશે.

# જુનાગઢમાં રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ યોજાઈ

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ,ગુજરાત સરકાર,જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી, પ્રાથમીક જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી જૂનાગઢ તથા બ્રહ્મચારી ભગવતી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ સંયુક્ત દ્વારા રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ ૨૦૨૬ યોજવામાં આવ્યા જેમાં જુદી જુદી શાળાઓ ના ૧૬૦ વિદ્યાર્થીઓ અને ૨૫ દ્વારા ૧૩૨ જેટલા પ્રોજેક્ટ રજૂ કરવા માં આવ્યા હતા જેમાં રાજ્ય કક્ષા એ જુનાગઢ જિલ્લા ના ૧૦ પ્રોજેક્ટ રજૂ કરવા જશે આ કાર્યક્રમ અંતર્ગત ઉદ્ઘાટક ભાવેશભાઈ કકડ આસિસ્ટન્ટ એજ્યુકેશન ઈસ્પેક્ટર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી જુનાગઢ, માતંગભાઈ પુરોહિત પ્રેમાનંદ વિદ્યા સંકુલ,એસ આર.ગજેરા, આર.વી. ડોબરિયા, બી.બી ઉસદડિયા, વી.પી. આંકોલ, તુષારભાઈ પંડ્યા,રત્નમ અગ્રાવત, પ્રતાપસિંહ ઓરા, શ્રધ્ધાબેન ક્યોટ તથા રીનાબેન મકવાણા હાજર રહ્યા હતા. આ તકે પૂજ્ય મુક્તાનંદજી બાપુ તથા શિક્ષણવિદ્ ગિજુભાઈ ભરાડ દ્વારા વિધાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને રાજ્ય કક્ષા માટે ની શુભેચ્છાઓ પાઠવી હતી. તેવી લોક વિજ્ઞાન કેન્દ્ર ના કોઓર્ડીનેટર પ્રતાપસિંહ ઓરા એ અખબારી યાદીમાં જણાવેલ છે.

# ઉમરગામ તાલુકા વિશેષ

Friday 16, October 2026

● ઉમરગામ
● સંજાણ
● ભીલાડ
● સરીગામ

આપનું અખબાર : આપનો અવાજ DGT

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : દુકાન નં. ૨, કોમલ કોમ્પ્લેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની સામે, ઉમરગામ, ૯૭૨૪૦૭૦૫૭૧/૯૮૯૮૮૩૯૨૬૯

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in


## નારગોલ બીચ પર ગંદકી કરનારને રૂા.૧૦૦૦ દંડ : પ્રાંત અધિકારી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૫ :** નારગોલ બીચને સ્વચ્છ અને સુંદર રાખવા પ્રાંત અધિકારી નીરવભાઈ પટેલે સહેલાણીઓને અપીલ કરી છે. બીચ પર કે જાહેર સ્થળે કચરો ફેંકતા ઝડપાશો તો રૂ. ૧૦૦૦ નો દંડ વસુલવામાં આવશે, તેવી ચેતવણી પંચાયત દ્વારા આપવામાં આવી છે.

વલસાડ જિલ્લા કલેકટર નિતિન સાંગવાન દ્વારા જિલ્લામાં શરૂ કરાયેલા સફાઈ અભિયાન અંતર્ગત નારગોલ બીચની સફાઈ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. છેલ્લા ભારે વરસાદ અને પૂર બાદ દરિયાઈ ભરતી સાથે કિનારે સેંકડો ટન પ્લાસ્ટિક, કપડાના ટુકડા અને અન્ય કચરો આવી ગયો છે, જેના કારણે બીચની શોભા બગડી છે. આટલા મોટા પ્રમાણમાં કચરાનો નિકાલ એકલા સ્થાનિક પંચાયત માટે શક્ય ન હોવાથી કલેકટરશ્રીની સૂચનાથી જિલ્લા વહીવટી તંત્ર સક્રિય થયું છે.

તેમની સૂચના મુજબ પ્રાંત અધિકારી નીરવભાઈ પટેલે સ્થાનિક સંસ્થાઓને સાથે રાખી નિયમિત સફાઈનું આયોજન હાથ ધર્યું છે. જેના કારણે મોટા પ્રમાણમાં કચરો દૂર કરવામાં સફળતા મળી છે અને લોકજાગૃતિ માટે અનેક કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા છે.

આજરોજ ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન UIA દ્વારા ચંદન સ્ટીલ, અપાર ઈન્ડસ્ટ્રીઝ, એવરેસ્ટ મસાલા જેવી મોટી કંપનીઓના સહકારથી નારગોલ બીચ ખાતે સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. જેમાં પ્રાંત અધિકારી નીરવભાઈ પટેલ પોતે ઉપસ્થિત રહી ચાર કલાક સુધી UIA ની ટીમ સાથે સફાઈ કામગીરીમાં જોડાયા હતા.

આ પ્રસંગે પ્રાંત અધિકારી નીરવભાઈ પટેલે જણાવ્યું હતું કે દરિયો આપણી અમૂલ્ય સંપત્તિ છે અને તેને સ્વચ્છ રાખવો આપણા સૌની ફરજ છે. પ્રવાસીઓ દ્વારા ફેંકાતા કચરાથી દરિયાની સુંદરતા બગડે છે અને દરિયાઈ જીવોને પણ ગંભીર નુકસાન થાય છે. તેમણે સૌને બીચ પર કચરો ન ફેંકવા અને સ્વચ્છતા જાળવવા અપીલ કરી હતી. ઉપરાંત ગંદકી કરનાર પાસેથી રૂ. ૧૦૦૦ નો દંડ વસૂલવાની કામગીરી પંચાયત દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. આગામી દિવસોમાં પણ આ સફાઈ ઝુંબેશ યથાવત રાખવામાં આવશે.

## ધોડિપાડા-મરોલી ગામે રસ્તાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૫ :** ઉમરગામ તાલુકાના મરોલી ચાર રસ્તાથી મેઈન બજાર રોડ તથા ધોડિપાડાથી નિકોલી થઈ ફણસાના કનાડું જલારામ મંદિર સુધીના મુખ્ય માર્ગના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ વળવી, જિલ્લા પંચાયત સભ્ય રામદાસભાઈ વરઠા, નવીનભાઈ હળપતિ, ભાજપ તાલુકા પ્રમુખ ડૉ. નીરવભાઈ શાહ, કારોબારી અધ્યક્ષ મનીષભાઈ પટેલ અને APMC ઉપપ્રમુખ વિજયભાઈ પાટકર સહિત આગેવાનો, સભ્યો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. રસ્તાના નિર્માણથી ગ્રામજનોને અવરજવરમાં સુવિધા મળશે અને વિસ્તારના વિકાસને નવી ગતિ મળશે.

## ઉમરગામ પાલિકાની સામાન્ય સભા યોજાઈ

### કોમ્યુનિટી હોલ માટે નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રૂા.૧૦ કરોડની ફાળવણી : પ્રમુખ ખુશ્બુબેન જાદવ સહિતના હોદ્દેદારોએ વ્યક્ત કર્યો આભાર



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૫ :** ઉમરગામ નગરપાલિકાની સામાન્ય સભા પ્રમુખ ખુશ્બુબેન જાદવની અધ્યક્ષતામાં યોજાઈ હતી. કારોબારી અધ્યક્ષ ગૌરવ કોન્ટ્રાક્ટર, ઉપપ્રમુખ યોગેશભાઈ દાંડેકર તથા કોર્પોરેટરોની ઉપસ્થિતિમાં યોજાયેલી સભામાં નવ જેટલા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

સભામાં ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં ૮ કરોડનાં વિકાસકાર્યોના આયોજન, નગરજનોને પાણીની સુવિધા, સ્વચ્છતા સહિતના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. ઉમરગામ શહેરમાં નગરજનોની સુવિધા માટે કોમ્યુનિટી હોલના નિર્માણ અર્થે નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા ૧૦ કરોડની ફાળવણી કરવામાં આવતાં પ્રમુખ સહિતના હોદ્દેદારોએ આભાર વ્યક્ત કર્યો હતો.

આ ઉપરાંત નગરપાલિકા પ્રમુખ માટે વાહન ખરીદવા અંગે પણ ચર્ચા હાથ ધરાઈ હતી. ચીફ ઓફિસર અતુલચંદ્ર સિન્હાએ વહીવટી બાબતો અંગે કોર્પોરેટરોને વિસ્તૃત માહિતી આપી હતી. નગરપાલિકાની સ્વભંડોળની આવકમાં વધારો થાય તે માટે જરૂરી પગલાં લેવા પર ભાર મૂક્યો હતો. નગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે હાથ ધરાયેલી ઝુંબેશ અને પાણી-સફાઈ અંગેની કામગીરીની પણ ચર્ચા કરવામાં આવી હતી. નગરપાલિકાની વિવિધ સમસ્યાઓ અંગે કોર્પોરેટરોએ પ્રમુખનું ધ્યાન દોર્યું હતું. કારોબારી સમિતિમાં મંજૂર થયેલાં બિલોની ચુકવણીને સામાન્ય સભામાં સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

## સરીગામના ઉદ્યોગપતિઓને મંત્રીએ અપગ્રેડ થવા માટે સૂચનો કર્યા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૫ :** સરીગામ જીઆઈડીસી ખાતે ગુજરાત રાજયના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સીઈટીપી અને જીપીસીસી કચેરી ખાતે ઉદ્યોગપતિઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં તેમણે ઉદ્યોગોની કામગીરી, પડતી મુશ્કેલીઓ અને પર્યાવરણને લગતા પ્રશ્નો અંગે જાણકારી મેળવી હતી. સાથે જ બદલાતા સમય અને આધુનિક ટેક્નોલોજી સાથે ઉદ્યોગોને અપગ્રેડ થવા તેમજ પ્રદૂષણ નિયંત્રણ માટે સકારાત્મક અભિગમ અપનાવવા અપીલ કરી હતી.

સરીગામ જીપીસીબી ખાતે યોજાયેલી બેઠકમાં એસઆઈએના પ્રમુખ કૌશિક પટેલે જીપીસીબી દ્વારા કન્સેન્ટ ટુ ઓપરેટ (સી.ટી.ઓ.)ના નવીનીકરણ, ગ્રીન, ઓરેન્જ અને રેડ કેટેગરીના ઉદ્યોગોને નિર્ધારિત સમયમર્યાદામાં મંજૂરી તથા સાઈટિંગ ક્રાઈટેરિયા હેઠળ નોટિફાઈડ વિસ્તારની બહારના એકમોને ઓનલાઈન પોર્ટલ મારફતે મંજૂરી આપવાની પ્રક્રિયા અંગે સરકારની કામગીરીને બિરદાવી હતી. તેમણે સીઈટીપીની ક્ષમતા ૧૫ એમએલડીથી વધારીને ૨૫ એમએલડી કરવામાં આવી હોવાની તેમજ તડગામના દરિયામાં બિછાવવામાં આવેલી પાઈપલાઈન અંગે પણ માહિતી આપી હતી.

એસઆઈએના પૂર્વ પ્રમુખ શિરીષભાઈ દેસાઈએ સરીગામ અને ઉમરગામ તાલુકાના ઔદ્યોગિક વિકાસની પ્રગતિ દર્શાવે હતી. અહીં ઝડપભેર વિકાસની સાથે રોજગારીની નવી તકો પણ ઊભી થઈ રહી છે. જોકે, ઉદ્યોગોમાં વનીકરણ માટે ૩૩ ટકા જમીન ફાળવવાની જોગવાઈને કારણે ક્લિયરન્સ એન્વાયર્નમેન્ટલ (ઈસી) અને કન્સેન્ટ ક્લિયરન્સ (સી.સી.) મેળવવામાં મુશ્કેલીઓ ઊભી થતી હોવાનો મુદ્દો પણ તેમણે રજૂ કર્યો હતો.વધુમાં, વરસાદી પાણીના સંગ્રહ (રેઈન વોટર હાર્વેસ્ટિંગ) પર ભાર મૂકીને ઉદ્યોગોએ પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવો જોઈએ તેમ જણાવ્યું હતું. સરીગામ જીપીસીબીના અધિકારી ભદ્રેશ પટેલે સરીગામ અને ઉમરગામ ઔદ્યોગિક વસાહતોમાં કાર્યરત ઉદ્યોગોની કામગીરી અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે પ્રદૂષણ નિયંત્રણના વિવિધ પેરામીટર્સ પ નિર્ધારિત ધોરણો મુજબ છે અને રા સીઈટીપીના પાણીની ગુણવત્તાનાં પરિણામો પણ નિયત ધોરણોની મર્યાદામાં રહ્યાં ર છે. આ બેઠકમાં ઉમરગામના સે ધારાસભ્ય રમણલાલ પાટકર, શે ડોમસ કંપનીના સંતોષભાઈ, વાપી જીપીસીબીના અધિકારી જ અનિલ પટેલ, સરીગામ નોટિફાઈડ બોર્ડના ચેરમેન દિલીપભાઈ ભંડારી, એન.આર. વિ અગ્રવાલના ડિરેક્ટર મધુકર છ જોશવા, મદુરા ઈન્ડસ્ટ્રીઝના તા પી.બી. ચંદ્રા, સંધ્યા ગ્રુપના સ્મિત ક પટેલ સહિત મોટી સંખ્યામાં ૮ ઉદ્યોગપતિઓ હાજર રહ્યા હતા.

## ઉમરગામમાં શાળાઓને નવી ઈમારતો અને ભૌતિક સુવિધાઓ મળી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૫ :** ગુજરાત સરકાર દ્વારા આદિવાસી વિસ્તારોમાં શિક્ષણની સુવિધાઓને વધુ સુદૃઢ બનાવવા માટે શાળાઓના નવા મકાનોનું નિર્માણ અને જૂની શાળાઓના નવીનીકરણ સહિતનાં કાર્યો હાથ ધરવામાં આવી રહ્યાં છે. ઉમરગામ તાલુકાના આદિવાસી વિસ્તારોમાં છેલ્લા એક વર્ષ દરમિયાન અનેક શાળાઓને નવી ઈમારતો અને શૈક્ષણિક હેતુ માટે જરૂરી ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ થઈ હોવાનું જણાવાયું છે.

રાજયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ શૈક્ષણિક માળખાકીય સુવિધાઓના વિકાસ માટે થઈ રહેલા પ્રયાસોને આવકારતાં સરકારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉમરગામ તાલુકા પંચાયતના પ્રમુખ સંતોષભાઈ, કારોબારી અધ્યક્ષ મનિષભાઈ તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

શાળાઓને સારા મકાનો, સુવિધાયુક્ત વર્ગખંડો અને શિક્ષણ માટે યોગ્ય વાતાવરણ મળવાથી વિદ્યાર્થીઓને અભ્યાસમાં વધુ સારી સગવડ મળી રહે તેવો હેતુ છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનું માળખું મજબૂત બને અને બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે જરૂરી સુવિધાઓ પોતાના વિસ્તારમાં જ મળી રહે તે દિશામાં આ કાર્યો મહત્ત્વપૂર્ણ ગણાય છે.

આ પ્રસંગે રાજ્ય સરકાર દ્વારા શાળાઓના નિર્માણ અને નવીનીકરણ માટે કરવામાં આવી રહેલા પ્રયાસોની પ્રશંસા કરવામાં આવી હતી. સાથે જ આદિવાસી વિસ્તારના બાળકોના શૈક્ષણિક વિકાસ માટે માળખાકીય સુવિધાઓનો વધુ વિસ્તાર થાય અને શિક્ષણની ગુણવત્તામાં સતત સુધારો થાય તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

### શ્રી સર્વોદય મિત્ર મંડળ દ્વારા આયોજિત

## ભિલાડમાં નવરાત્રી મહોત્સવમાં ભક્તિનો માહોલ જામ્યો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૫ :** ભિલાડ સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળના પ્રાંગણમાં શ્રી સર્વોદય મિત્ર મંડળ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવ ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ રહ્યો છે.

મહોત્સવના પ્રથમ દિવસે હિરેનભાઈ મંગુભાઈ પટેલ પરિવાર દ્વારા માતાજીની સ્થાપના અને પૂજા-અર્ચના કરવામાં આવી હતી, જ્યારે મહાઆરતીનો લાભ પંચાયત સભ્ય ચંદનબેન પિયુષભાઈ શાહ પરિવાર દ્વારા લેવામાં આવ્યો હતો.

બીજા દિવસે શ્રીજી હોસ્પિટલનાં ડિરેક્ટર અને જાણીતા તબીબ ડૉ. રેખાબેન રાજેશકુમાર શ્રીવાસ્તવના હસ્તે મહાઆરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી સર્વોદય મિત્ર મંડળના સભ્યો તથા પૂજ્ય સંતો દ્વારા ડૉ. રેખાબેન અને ડૉ. રાજેશકુમાર શ્રીવાસ્તવનું ભગવા ખેસ પહેરાવી સન્માનપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું.

'જય માતાજી', 'જય શ્રીરામ' અને 'ભીલકાઈ માતાજીની જય'ના નાદ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. ખેલૈયાઓમાં પણ ભારે ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો. મહોત્સવના સફળ આયોજનમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ તથા પોલીસ તંત્ર તરફથી મળેલા સહયોગ બદલ શ્રી સર્વોદય મિત્ર મંડળે આભાર વ્યક્ત કર્યો હતો.

## સરીગામની લક્ષ્મી ઈન્ટરનેશનલ શાળાના વિદ્યાર્થીઓ કલા મહાકુંભમાં તાલુકા કક્ષાએ ઝળકયા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૫ :** ઉમરગામ તાલુકાના સરીગામ ખાતે આવેલ શૈક્ષણિક ક્ષેત્રે કાર્યરત શ્રીમતિ. શાંતાબેન હરિભાઈ ગજેરા સંચાલિત લક્ષ્મી ઈન્ટરનેશનલ શાળાના વિદ્યાર્થીઓ ગુજરાત સરકાર દ્વારા આયોજિત કલા મહાકુંભ તારીખ ૧૦, ઓક્ટોબરના રોજ ભિલાડ સ્વામિનારાયણ સ્કૂલ ખાતે તાલુકા કક્ષાની ચિત્ર સ્પર્ધામાં ધોરણ-૧૨ ની અલિભા કુનારે દ્વિતિય ક્રમ અને શ્રીહરિ નાયરે તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો.

ઉપરાંત ઉંમર પ્રમાણે ૬ થી ૮ કેટેગરીના વિદ્યાર્થીઓએ પશ્ચિમ ગરબા સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક,૧૫ થી ૨૦ કેટેગરીના વિદ્યાર્થીઓએ પશ્ચિમ ગરબા સ્પર્ધામાં તૃતીય ક્રમાંક, ૬ થી ૧૪ કેટેગરીના વિદ્યાર્થીઓએ રાસ ગરબા સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક, ૬ થી ૧૪ કેટેગરીના વિદ્યાર્થીઓએ સમૂહ ગીત સ્પર્ધામાં ત્રીજો ક્રમાંક પ્રાપ્ત સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

આમ, વિદ્યાર્થીઓના પોતાનો ઉત્સાહ, ધગશ, અથાગ પરિશ્રમ થકી અને શાળાના સંગીત વિભાગ અને ડ્રોઈંગ વિભાગના શિક્ષકોના યોગ્ય માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્યની કલા મહાકુંભ સ્પર્ધામાં સખત પરિશ્રમ દ્વારા તાલુકા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીયસ્થાન લાવી. આ વિદ્યાર્થીનીઓ એ શાળાનું તથા ગજેરા સંસ્થાનું નામ રોશન કરતા ગૌરવ સહિત ખુશીની લાગણી શાળા પરિસરમાં પ્રસરી હતી.

આ બધા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીની ઓ આગામી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. આમ,કલા મહાકુંભમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરવા બદલ ગજેરા ટ્રસ્ટના પ્રેસિડેન્ટ વસંતભાઈ ગજેરા તથા શાળાના આચાર્ય પ્રવીણ પવાર અને લક્ષ્મી શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.


દમણગંગા ટાઇમ્સ

મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com


## સરીગામમાં જીવનરક્ષકની યાદમાં રક્તદાન કેમ્પ યોજાયો





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૫ :** સ્વ. ચંપાબેન ગજેરા જીની પુણ્યતિથિ નિમિત્તે તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના હેતુથી, લક્ષ્મી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (LIT), સરીગામના નેશનલ સર્વિસ સ્કીમ (NSS) એકમ દ્વારા NSS-LIT રક્તદાન કેમ્પ ૨૦૨૬ નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

વલસાડ રક્તદાન કેન્દ્રના સહયોગથી આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સ્વૈચ્છિક રક્તદાનને પ્રોત્સાહન આપવાનો અને યુવાનોમાં સામાજિક જવાબદારીની ભાવના કેળવવાનો હતો. માનવતા અને સેવાભાવનાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતા કુલ ૨૯ રક્તદાતાઓએ (વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો) આગળ આવીને આ માનવસેવાના કાર્યમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

આ રક્તદાન કેમ્પનું આયોજન LIT ના ડાયરેક્ટર ડૉ. બસવરાજ પાટીલના માર્ગદર્શન હેઠળ અને NSS કોઓર્ડિનેટર કૌશિક પનારાના સંકલનથી સુચારૂ રૂપે કરવામાં આવ્યું હતું. વલસાડ રક્તદાન કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ. હેમાક્ષી રાઠોડ તથા કાઉન્સિલર હિમાંશુભાઈ ઠક્કર અને તેમની તબીબી ટીમ દ્વારા રક્તદાતાઓની આરોગ્ય તપાસ તેમજ રક્તદાનની સમગ્ર પ્રક્રિયા કુશળતાપૂર્વક સંપન્ન કરવામાં આવી હતી.

રક્તદાતાઓની આ નિઃસ્વાર્થ સેવાને બિરદાવતા, તમામ ૨૯ રક્તદાતાઓને પ્રશંસાપત્ર અને અતુલ રૂલર ડેવલપમેન્ટ ફંડ દ્વારા પ્રાયોજિત વિશેષ ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

NSS ના આદર્શ વાક્ય "Not Me, But You" (હું નહીં, પણ આપ) ને સાર્થક કરતા, લક્ષ્મી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના ટ્રસ્ટ અને ગજેરા ટ્રસ્ટ દ્વારા ડૉ. હેમાક્ષી રાઠોડ, હિમાંશુભાઈ ઠક્કર, વલસાડ રક્તદાન કેન્દ્રની સમગ્ર ટીમ, અતુલ રૂલર ડેવલપમેન્ટ ફંડ, NSS સ્વયંસેવકો, રક્તદાતાઓ અને સ્ટાફગણનો આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમને સફળ બનાવવા બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સંદેશ રક્તદાન કરો, જીવન બચાવો. કોઈના ચહેરા પર સ્મિત લાવવાનું કારણ બનો.

## માણેકપુર ખાતે વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને મૂહૂર્ત કાર્યક્રમ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૫ :** ઉમરગામ તાલુકાના માણેકપુર ખાતે નવરાત્રી ના પ્રથમ દિવસે ગ્રામજનો માટે ઉપયોગી અને જરૂરિયાત ના વિકાસ કામોનું ખાતું મુરત અને લોકાર્પણ માણેકપુર ગામના સરપંચ અને ઉમરગામ તાલુકા સરપંચ પ્રમુખ રાકેશભાઈ વઘાત ના પ્રયાસો થકી ભવ્ય કાર્યક્રમનું આયોજન ધારાસભ્ય રમણભાઈ પાટકરની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. કરોડો રૂપિયાના વિકાસ કામો નું લોકાર્પણ અને ખૂબ જ ઉપયોગી એવા મુખ્ય માર્ગનુ ખાતમુરત કર્યા બાદ ધારાસભ્ય રમણભાઈ પાટકરે રાજ્ય અને કેન્દ્ર સરકાર છેવાડાના માનવીને ધ્યાન રાખી વિકાસકામનો આયોજન અને કલ્યાણકારી યોજનાઓનું અમલીકરણ કરે છે તેમ જણાવ્યું હતું અને રાષ્ટ્રપ્રથમની ભાવના સાથે દેશમાં વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી એ ઐતિહાસિક નિર્ણયો લઈ દેશને વિશ્વમાં ગૌરવ પ્રદાન કર્યું છે. ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકારે કુદરતી આપદા સમયે પ્રજાની પડખે રહી ત્વરીતિ ધોરણે મદદ પૂરી પાડી હતી. રાજ્યના મંત્રીઓ એ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ અસરગ્રસ્તોને આપત્તિના સમયે મનોબળ પૂરું પાડવાનું કામ કર્યું હતું. માણેકપુર સરપંચ અને સરપંચ સંઘ પ્રમુખ રાકેશભાઈ વઘાતે તેઓના કાર્યકાળ દરમિયાન માણેકપુર ગામના વિકાસ અને પ્રજાલક્ષી કામો વિશે વિગતવાર માહિતી આપી ગ્રામ પંચાયતમાં તેઓના સાથે મિત્રો ઉપસરપંચ અને સભ્યોનો આભાર માન્યો હતો. સાથે જ ગ્રામ પંચાયત ભવન એ માત્ર મકાન નહીં પરંતુ ગામના વિકાસની રૂપરેખા નક્કી કરવાનું માધ્યમ અને ગ્રામજનોની સુખાકારી માટે રણનીતિક નક્કી કરવા માટેની મહત્વની કચેરી ગણાવી હતી. આમંત્રણ ને માન આપી ઉપસ્થિત રહેલા સૌનો રાકેશભાઈ વઘાત એ આભાર માન્યો હતો.

## ઉમરગામ તાલુકામાં નદી-પુલના વિકાસકાર્યોને વેગ



**ઉમરગામ, તા.૧૫ :** ઉમરગામ તાલુકામાં ચોમાસા દરમિયાન નદીઓમાં પાણીના વધતા પ્રવાહને કારણે માર્ગવ્યવહાર ખોરવાતો અટકાવવા માટે પુલના વિકાસકાર્યોને વેગ આપવામાં આવી રહ્યો છે. તાલુકામાં આવેલી વારોલી, દારોઠા, મદ્દકુક્તી, ગદીકપાડા સહિત સેલવાસ તરફથી આવતી નદીઓ પર પુલની સુવિધા ઊભી કરવા માટે વિવિધ કામો હાથ ધરવામાં આવ્યાં છે. અગાઉ અનેક સ્થળોએ કરોડો રૂપિયાના ખર્ચે પુલોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ગત ચોમાસા દરમિયાન ઉમરગામ નજીક વારોલી નદી પરના પુલને ભારે પાણીના પ્રવાહને કારણે નુકસાન થતાં પુલ તૂટી ગયો હતો. આ પુલના પુનર્નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા ૯ કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે. આગામી બે-ત્રણ દિવસમાં કામ શરૂ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

બીજી તરફ, મહારાષ્ટ્રની સરહદે આવેલા દેહરી ગામમાં પણ પુલના નિર્માણ માટે મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. કંકરાડીથી ગોવાડા તરફ જતો મુખ્ય માર્ગ અને આસપાસના ખેતીવાડી વિસ્તાર માટે આ માર્ગ મહત્ત્વનો છે. જોકે, હાલનો પુલ નીચો હોવાને કારણે ચોમાસા દરમિયાન પાણી ભરાતાં અવરજવર બંધ થઈ જતી હતી. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે એક કરોડ રૂપિયાથી વધુની રકમ મંજૂર કરાવી નવા પુલના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.

# અન્ય સમાચારો

Friday 16, October 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Friday 16, October 2026

## આ સુપ્રીમ કોર્ટ છે, સંસદ ભવન નહીં

કોકરોચ પાર્ટીના સ્થાપક નેતા અભિજિત દીપકે અને એમના સાથીદારો કહે છે કે, હવે સમગ્ર દેશમાં ઠેર ઠેર જંતરમંતર ભજવાશે અને જ્ઞાનેશકુમારનું રાજીનામું આવે નહીં ત્યાં સુધી લડાઈ ચાલુ રહેશે. બીજી બાજુ રાહુલ ગાંધી પણ કહે છે કે, એમની લડાઈ ચાલુ રહેશે. આમ છતાં આ બંને સેનાપતિઓ વચ્ચે કોઈ સમજૂતીની જાહેરાત નથી. હકીકતમાં એક લક્ષ્ય માટે બે પ્રતિસ્પર્ધી - હરીફ હોય એવી છાપ પડે છે. રાહુલ ગાંધી તથા ઈન્ડિ મોરચાના દસ નેતાની એસઆઈઆરને પડકારતી અરજીમાં સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રીએ દસ્તાવેજો ન હોવા, વકાલતનામાનો અભાવ તથા અયોગ્ય ઓળખપત્રો જેવી ૧૪ ક્ષતિ તરફ ધ્યાન ખેંચ્યું છે. નવેસરથી અરજી કરવાની રહેશે. રાહુલ ગાંધીએ બે મહત્ત્વની વાત કરી છે. એમના કાર્યક્રમ - યુદ્ધની વ્યૂહ, રણનીતિનું કોઈ આયોજન હોતું નથી. આશ્ચર્ય એમનું શસ્ત્ર છે. વડાપ્રધાનના નિવાસસ્થાન બહાર રસ્તા ઉપર સૂઈ ગયા હતા અને આકાશવાણી ભવનની દીવાલ - પાળી ઉપર ચડી બેઠા હોય - અન્ય નેતાઓ અને કાર્યકરોને પણ ખબર - અંદાજ હોતો નથી! રાહુલ ગાંધી આ વ્યૂહને પોતાની સફળતા કહે છે! અને પોતાને શિવજી સાથે સરખાવે છે કહે છે આંદોલન નહીં, આ તો શિવનું તાંડવ નૃત્ય છે! કોઈ પણ રાજકીય પક્ષ - ભાજપ સહિતના સભ્યો શિવજીની બારાતમાં જોડાઈ શકે છે! હવે શિવ-તાંડવમાં જાનૈયા જોડાયા હતા કે નહીં તેનું જ્ઞાન તો રાહુલને નથી, પણ તાંડવનો ઉલ્લેખ કરે છે ત્યારે ભસ્માસુરની વાત પણ જાણતા જ હશે. શિવજીએ રાહુલજીને ભસ્માસુર જેવું વરદાન આપ્યું હશે - જ્યાં હાથ બતાવે ત્યાં બધું ભસ્મીભૂત થઈ જાય રાહુલ ગાંધી એમ પણ કહે છે કે મુખ્ય ચૂંટણી કમિશનરને રાત્રે ઊંઘ પણ આવતી નથી, પણ ડોન્ટ વરી જ્ઞાનેશકુમાર અમારી પાસે આવી જાય - તાજના સાક્ષી બને, તો એમને કોઈ સજા નહીં થાય! કારણ કે અમારા નિશાન ઉપર તો એમની પાછળ બેઠેલા મોટાં માથાં છે! બે દિવસ અગાઉ રાહુલે એવો દાવો કર્યો હતો કે, રાષ્ટ્રપતિએ અમારી ફરિયાદ સ્વીકારી છે કે વોટ ચોરી થાય છે અને હજુ રાષ્ટ્રપતિ ભવન તરફથી કોઈ ખુલાસો રદિયો આવ્યો નથી એટલે રાહુલ ગાંધી કહે છે રાષ્ટ્રપતિજી પણ માને છે કે ,વોટ ચોરી થઈ છે! એ સમજવું રહ્યું કે, રાહુલ ગાંધી રાષ્ટ્રપતિ મર્યાદા જાળવે છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતે રાહુલ ગાંધીને સલાહ આપી છે કે, સર્વોચ્ચ અદાલતમાં પોલિટિક્સ લાવવાની જરૂર નથી. તમારી રાજકીય લડાઈ અદાલતમાં ચાલે નહીં. રાહુલ ગાંધીએ રાષ્ટ્રપતિના ઉંબરે ઊભા રહીને વોટ ચોરીની ફરિયાદ તો કરી, પણ ચીફ જસ્ટિસને મળી શક્યા નહીં. કારણ કે ફરિયાદ કરવી હોય, તો અદાલત સમક્ષ ઊભા રહેવું જોઈએ. રાષ્ટ્રપતિ ભવન અને સંસદ ભવન વચ્ચે ફરક છે. દરવાજે ઊભા રહીને દેકારા - પડકારા કરવાથી અને સંખ્યાબળ બતાવી શક્તિ પ્રદર્શન કરવાનો અર્થ નથી. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોને આ રીતે પ્રભાવિત કરવા - કરાવવાના પ્રયાસની અવળી - ઊંધી અસર પડે. સર્વોચ્ચ અદાલતના દરવાજે રાહુલ ગાંધી સેના ઊભી હતી, ત્યારે કેરળ કોંગ્રેસે ચીફ જસ્ટિસને ધમકી આપી કે કાયદા - વ્યવસ્થા જાળવવાનું કામ તમારું ન હોય તો રાજીનામું આપીને ચાલતા થાવ. અમે બીજાને બેસાડીશું. કેરળ કોંગ્રેસના નેતાઓ જાણતા નથી કે સંવિધાનમાં કામ - જવાબદારીની સ્પષ્ટ વહેંચણી છે! પણ ન્યાયમૂર્તિનું અપમાન અવમૂલ્યન થાય તેની નવાઈ નથી. ઈન્દિરા ગાંધીને ઈમર્જન્સીમાં સુપ્રીમ કોર્ટના સિનિયર ન્યાયમૂર્તિઓને બાજુએ રાખીને વફાદાર ગણાતા જસ્ટિસ રાયને ચીફ બનાવ્યા હતા, હવે કેરળ વિધાનસભામાં કોંગ્રેસે ઠરાવ પસાર કરીને મુખ્ય ચૂંટણી કમિશનરને બરતરફ કરવાની માગણી કરી છે! પણ કોંગ્રેસી મુખ્ય પ્રધાનને એટલી પણ ખબર નથી કે સંવિધાનમાં ચૂંટણી કમિશનરને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ જેટલી સત્તા આપવામાં આવી છે. સંસદમાં મહાભિયોગનો ઠરાવ પસાર કરવો પડે, જે શક્ય નથી એટલે શેરીઓમાં શક્તિ પ્રદર્શન થાય છે!

દમણગંગા ટાઇમ્સ
NEWS
CORPORATE NEWS

## ક્રોમાએ મેગા ફેસ્ટિવ સેવિંગ્સ સાથે ફેસ્ટિવલ ઓફ ડ્રીમ્સનો પ્રારંભ કર્યો

**સુરત, તા. ૧૫ :** ટાટા ગ્રૂપનું ઓમ્ની-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેઈલર ક્રોમા શ્રેણીબદ્ધ ઈલેક્ટ્રોનિક્સ અને હોમ એપ્લાયન્સિસ પર તેના એન્યુઅલ ફેસ્ટિવ કેમ્પેઈન સાથે ફેસ્ટિવલ ઓફ ડ્રીમ્સ લઈને પરત ફર્યું છે. ગ્રાહકો પસંદગીના એપ્લાયન્સિસ ઉપર ૩૫ સુધીની છૂટ, બેન્ક અને NBFC ઑફર્સ દ્વારા ૪૫,૦૦૦ સુધી કેશબેક અને ૨૦,૦૦૦ સુધીના એક્સચેન્જ બોનસનો લાભ ઉઠાવી શકે છે, જે તહેવારોની ઉજવણી પહેલાં તેમના હોમ અને પર્સનલ ડિવાઈસિસને અપગ્રેડ કરવાનો શાનદાર અવસર રજૂ કરે છે.સમગ્ર ક્રોમા સ્ટોર ખાતે ઉપલબ્ધ આ કેમ્પેઈન ગ્રાહકોને તેમની પ્રોડક્ટ-સ્પેસિફિક ડિસ્કાઉન્ટ, EMI ઓપ્શન, એક્સચેન્જ બેનિફિટ્સ અને એડિશનલ ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ કરાવે છે. આ ઑફર્સ લાગુ પડતાં નિયમો અને શરતોને આધીન ૩૧મી ઓક્ટોબર, ૨૦૨૬ સુધી મેળવી શકે છે.

## ઝેટવર્ક મેન્યુફેક્ચરિંગ બિઝનેસિસ લિ. ૯૯ એન્કર ઈન્વેસ્ટર્સ પાસેથી રૂ. ૨,૨૫૧.૨૩ કરોડ એકત્ર કર્યાં

**સુરત, તા. ૧૫ :** ઝેટવર્ક મેન્યુફેક્ચરિંગ બિઝનેસિસ લિમિટેડે તેના પ્રસ્તાવિત જાહેર ભરણા (આઈપીઓ) પહેલાં ૯૯ એન્કર ઈન્વેસ્ટર્સ પાસેથી પ્રતિ શેર રૂ. ૧૫૧ની કિંમતે (પ્રતિ ઈક્વિટી શેર રૂ. ૧૫૦ના શેર પ્રીમિયમ સહિત) ૧૪,૯૦,૮૮,૨૨૦ ઈક્વિટી શેર્સની ફાળવણી કરીને રૂ. ૨,૨૫૧.૨૩ કરોડ એકત્ર કર્યાં છે.

ઝેટવર્ક મેન્યુફેક્ચરિંગ બિઝનેસિસ લિમિટેડે મજબૂત અને વૈવિધ્યસભર એન્કર ઈન્વેસ્ટર બુક પ્રાપ્ત કર્યું છે.આઈપીઓ બીડ/ઓફર સોમવાર, ૧૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બંધ થશે.

ઝેટવર્ક બિઝનેસિસ લિમિટેડની એન્કર ફાળવણીમાં કેપિટલ વર્લ્ડ એન્ડ કેપિટલ રિસર્ચ, બ્લેકરોક, ગોલ્ડમેન, નોમુરા, ભૂતપૂર્વ એચડીએફસીમ્યુચ્યુઅલ ફંડ સીઆઈઓ-શાંત જૈનના ફંડ 3P ઈન્ડિયા,સોસાયટી જનરલ,ફર્સ્ટ સ્ટેટ, લુમિસ સેલ્સ, મેન્યુલાઈફ, કાર્મિગ્નેક, ઈસ્ટસ્પ્રિંગ ઈન્વેસ્ટમેન્ટ્સ, સસ્ક્યૂહૈના અને ધ પ્રુડેન્શિયલ એશ્યોરન્સ કંપની સહિત અગ્રણી વૈશ્વિક સંસ્થાકીય રોકાણકારોની ભાગીદારી જોવા મળી હતી.

# ૧૨ ઓક્ટો.ની માર્ચ મુદ્દે સુપ્રીમ કોર્ટની રાહુલ ગાંધીને નોટિસ

## લોકશાહી માર્ચ મુદ્દે કોંગ્રેસ નેતા, સપા પ્રમુખ અખિલેશ યાદવ સહિત અન્ય પ્રદર્શનકારીઓને

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૫ : મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન એટલે કે SIRમાં કથિત ગરબડો અને મનસ્વી રીતે મતદારોના નામ રદ કરવાના આક્ષેપ સાથે વિપક્ષ ચૂંટણી પંચ અને સરકારનો સતત વિરોધ કરી રહ્યો છે. આ દરમિયાન ૧૨ ઓક્ટોબરે સુપ્રીમ કોર્ટ તરફ યોજાયેલી માર્ચ અને દેખાવોનો મુદ્દો ભારે ગરમાયો છે. આ મામલે સુપ્રીમ કોર્ટે એક અરજીની સુનાવણી કરતા ચૂંટણી પંચ (ECI) અને મુખ્ય ચૂંટણી કમિશનરને નોટિસ ફટકારી છે, તો બીજી તરફ ન્યાયતંત્ર પર દબાણ લાવવાના વિવાદાસ્પદ દેખાવો અને માર્ચ મુદ્દે પણ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, સપાના વડા અખિલેશ યાદવ તેમજ અન્ય પ્રદર્શનકારીઓને પણ નોટિસ ફટકારીને સ્પષ્ટતા માંગવામાં આવી છે.



આ સુનાવણી વખતે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા સૂર્ય કાંતે કડક વલણ અપનાવતા કહ્યું હતું કે, અમે કાચના ટાવરમાં નથી બેઠા. આ ન્યાયતંત્રને ડરાવવા-ધમકાવવાનો' (browbeat) પ્રયાસ છે. કોર્ટ બહાર અપાઈ રહેલા નિવેદનોથી અમે વાકેફ છીએ.

આ મુદ્દે સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને નોટિસ ફટકારીને જવાબ માંગ્યો છે અને પૂછ્યું છે કે, આ વિરોધ પ્રદર્શનો વખતે ભીડ સુપ્રીમ કોર્ટના પરિસરમાં કેવી રીતે પ્રવેશી.

રાહુલ ગાંધીની આગેવાની હેઠળ ઈન્ડિયા (INDIA) ગઠબંધન દ્વારા 'ચલો દિલ્હી, લોકશાહી માર્ચ'નું આયોજન કરાયું હતું, જેમાં હજારો લોકો દિલ્હીમાં ભેગા થયા હતા. આ માર્ચ કાઢવાનો વિપક્ષનો હેતુ કેટલીક માંગ પૂરી કરવાનો હતો. જેમ કે. મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર રાજીનામું આપે તેમજ SIR પ્રક્રિયા પર તાત્કાલિક રોક લાગે.

આ માર્ચ કનોટ પ્લેસથી સુપ્રીમ કોર્ટ તરફ આગળ વધી ત્યારે પોલીસે બારાખંભા રોડ નજીક તેમને અટકાવ્યા હતા. આ દરમિયાન દેખાવકારોએ બેરિકેડ્સ તોડી નાખ્યા હતા અને ભગવાન દાસ રોડ પર કેટલાક સમર્થકો પોલીસના વાહનો અને બસ પર ચડી ગયા હતા.

આ માર્ચ પહેલા વિપક્ષી નેતાઓ ચૂંટણી સંબંધિત ગરબડ અંગે આવેદનપત્ર સોંપવા ચીફ જસ્ટિસનો સમય માંગ્યો હતો.

# હિન્દુ ધર્મમાંથી ઈસ્લામમાં ધર્માંતરણ કરવા પર અનામતનો લાભ નહીં મળે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૫ : ધર્મ પરિવર્તન કર્યા પછી પણ અનામતના લાભ ચાલુ રાખવા ઈચ્છતા લોકો માટે આ એક મોટો ફટકો છે. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું છે કે, ધર્મ પરિવર્તન થતાં જ અનામતનો લાભ સમાપ્ત થઈ જાય છે; ધર્માંતરણ બાદ આવી વ્યક્તિ અનામતના લાભોનો દાવો કરી શકતી નથી. ટૂંકમાં, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, હિન્દુ ધર્મમાંથી ઈસ્લામમાં ધર્માંતરણ કરવાથી કોઈ વ્યક્તિ અનામત મેળવવા માટે હકદાર બનતી નથી. આમ કરીને, અદાલતે મદ્રાસ હાઈકોર્ટના તે નિર્ણયને માન્ય રાખ્યો છે જેમાં તમિલનાડુ સરકારના આદેશને રદ કરવામાં આવ્યો હતો. આ સરકારી આદેશમાં જોગવાઈ હતી કે, પછાત વર્ગો, અતિ પછાત વર્ગો, વિમુક્ત સમુદાયો અને અનુસૂચિત જાતિના લોકો ઈસ્લામ અપનાવે તો તેમને પછાત વર્ગના મુસ્લિમો તરીકે ગણી શકાય.

આ ચુકાદો સર્વોચ્ચ અદાલતની ન્યાયમૂર્તિ પ્રશાંત કુમાર મિશ્રા અને ન્યાયમૂર્તિ શ્રી ચંદ્રશેખરની ખંડપીઠ દ્વારા આપવામાં આવ્યો છે. ચુકાદામાં જણાવવામાં આવ્યું છે કે, જે વ્યક્તિ હિન્દુ ધર્મ છોડીને અન્ય ધર્મ અપનાવે છે, તે ધર્માંતરણ પહેલાં જે સામાજિક રીતે પછાત શ્રેણીનો ભાગ હતી, તે શ્રેણી સાથે સંકળાયેલા કલ્યાણકારી લાભનો દાવો કરી શકતી નથી. સર્વોચ્ચ અદાલતે કહ્યું, "જે વ્યક્તિ હિન્દુ સામાજિક વ્યવસ્થા છોડીને બિન-હિન્દુ સામાજિક વ્યવસ્થામાં જોડાય છે, તે માત્ર ધર્માંતરણ પહેલાંની સામાજિક પછાતપણાની સ્થિતિના આધારે બંધારણની કલમ ૧૬(૪) હેઠળ વિશેષ લાભોનો દાવો કરી શકતી નથી.

અગાઉની સામાજિક વ્યવસ્થામાં ભોગવેલું પછાતપણું આપોઆપ નવા ધર્મમાં સ્થાનાંતરિત થતું નથી કે જેથી તે નવા ધર્મમાં પછાત વર્ગનો દરજ્જો અપાવી શકે." બંધારણના સંદર્ભમાં સર્વોચ્ચ અદાલતે વધુમાં નોંધ્યું કે, બંધારણ (અનુસૂચિત જાતિ) આદેશ, ૧૯૫૦ હેઠળ, જે વ્યક્તિઓ હિન્દુ, બૌદ્ધ કે શીખ નથી, તેમને અનુસૂચિત જાતિનો દરજ્જો આપી શકાય નહીં. અદાલતે અવલોકન કર્યું કે, "બંધારણ (અનુસૂચિત જાતિ) આદેશના ફકરા ૩ મુજબ, જે વ્યક્તિ હિન્દુ, શીખ કે બૌદ્ધ ધર્મ સિવાયના અન્ય કોઈ ધર્મનું પાલન કરે છે, તેને અનુસૂચિત જાતિના સભ્ય ગણી શકાય નહીં. પરિણામે, જો કોઈ વ્યક્તિ આ આદેશમાં ઉલ્લેખ ન હોય તેવો ધર્મ અપનાવે છે, તો તે પોતાની અગાઉની જાતિ સાથે સંકળાયેલો અનુસૂચિત જાતિનો દરજ્જો ગુમાવી બેસે છે. વધુમાં, તેઓ બંધારણની કલમ ૧૬(૪) હેઠળ પછાત વર્ગોને મળતા વિશેષ લાભોનો દાવો કરી શકતા નથી, કારણ કે આ લાભો અનુસૂચિત જાતિના સભ્ય હોવા પર આધારિત હોય છે."

# મહારાષ્ટ્રમાં દિવાળી દરમિયાન જાહેર સ્થળોએ ફટાકડા ફોડવા પર પ્રતિબંધ

(જી.એન.એસ) તા. ૧૫
મુંબઈ,દિવાળી અને અન્ય તહેવારો દરમિયાન અવાજ અને વાયુ પ્રદૂષણના મુદ્દે કડક વલણ અપનાવતા, બોમ્બે હાઈકોર્ટે ગુરુવારે રાજ્યભરમાં રસ્તાઓ અને જાહેર સ્થળોએ ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકવાના નિર્દેશો આપ્યા છે. જોકે, ફટાકડાના ઉત્પાદન કે વેચાણ પર કોઈ પ્રતિબંધ લાદવામાં આવ્યો નથી.

આ બાબતની સુનાવણી દરમિયાન, જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને જસ્ટિસ નીલા ગોખલેની ડિવિઝન બેન્ચે ડીજે (ઢ્ઢ), લાઉડસ્પીકર્સ, ડોલ્બી સાઉન્ડ સિસ્ટમ્સ અને લેસર લાઈટ્સના ઉપયોગ પર નિયંત્રણો મૂકવા અંગે પણ નિર્દેશો આપ્યા હતા. કોર્ટે વહીવટીતંત્રને એક અઠવાડિયાની અંદર નિયમો ઘડવા અને તેનો કડક અમલ સુનિશ્ચિત કરવા સૂચના આપી છે.

જસ્ટિસ ગિરીશ એસ. કુલકર્ણી અને જસ્ટિસ નીલા કે. ગોખલેએ એક જાહેર હિતની અરજી (ઁ) પર આદેશ પસાર કર્યો હતો અને તહેવારો દરમિયાન થતા અવાજ પ્રદૂષણ તથા જાહેર રસ્તાઓ પર ફટાકડા ફોડવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

ગયા મહિને ગણેશોત્સવ દરમિયાન, હાઈકોર્ટે તહેવારોમાં જાહેર રસ્તાઓ પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂક્યો હતો અને "ઉચ્ચ સ્તરીય અવાજ પ્રદૂષણ"ને રોકવા માટે અનેક નિર્દેશો આપ્યા હતા.ગુરુવારે થયેલી સુનાવણી દરમિયાન, ન્યાયાધીશોએ ટિપ્પણી કરી હતી કે "ઝેરી પ્રદૂષણ" વરિષ્ઠ નાગરિકો અને બાળકો સહિતના લોકો પર અસર કરે છે, અને દિવાળી પછીની સ્થિતિ "અસહ્ય" બની જાય છે. તેમણે કહ્યું કે આમાં બદલાવ આવવો જોઈએ કારણ કે "હવે સમય બદલાઈ ગયો છે."

# ગુજરાતમાં ફરી વરસાદની આગાહી

## દક્ષિણ ગુજરાતના નવસારી તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દાદરા અને નગર હવેલીમાં પણ વરસાદની આગાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૧૫:ગુજરાતમાંથી ચોમાસાની વિદાય બાદ ફરી એકવાર વરસાદી માહોલ સર્જાવાની શક્યતા છે. હવામાન વિભાગે સોમવાર, ૧૯ ઓક્ટોબરે રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને મોન્સૂન ટ્રફ સક્રિય થવાના કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસી શકે છે. બીજી તરફ રાજ્યમાં હાલમાં સામાન્ય કરતાં વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી સોમવારે એટલે કે ૧૯ ઓક્ટોબરે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં હળવો વરસાદ વરસી શકે છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના નવસારી તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દાદરા અને નગર હવેલીમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને મોન્સૂન ટ્રફ સક્રિય થવાના કારણે વાતાવરણમાં પલટો આવવાની શક્યતા છે. જેના પરિણામે કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.એક તરફ વરસાદની આગાહી કરવામાં આવી છે તો બીજી તરફ ગુજરાતમાં ગરમીનો પ્રકોપ યથાવત છે. રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં સામાન્ય કરતાં ૧થી ૩ ડિગ્રી સેલ્સિયસ વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે.

### SIR અંગેની અરજી પર

# સુપ્રીમ કોર્ટે જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી પંચને નોટિસ પાઠવી

(જી.એન.એસ) તા. ૧૫
નવી દિલ્હી, સુપ્રીમ કોર્ટે મુખ્ય ચૂંટણી કમિશનર (ઝઈઝ) જ્ઞાનેશ કુમાર તથા ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીને નોટિસ પાઠવી છે. આ નોટિસ વિરોધ પક્ષના નેતા (ઁ) રાહુલ ગાંધી અને 'ઈન્ડિયા' (દ્બઢ્ઢંછ) ગઠબંધનના અન્ય નેતાઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના સંદર્ભમાં આપવામાં આવી છે, જેમાં દેશવ્યાપી મતદાર યાદીની 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (જીૈંઇ) પ્રક્રિયામાં અનિયમિતતાઓ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ (ઝત્નૈં) સૂર્ય કાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બનેલી બે જજોની ખંડપીઠે રાહુલ ગાંધીના "વર્તન" પર નારાજગી વ્યક્ત કરી હતી.

કોર્ટે સોમવારે સુપ્રીમ કોર્ટ સુધી કોંગ્રેસ સાંસદ (રાહુલ ગાંધી) દ્વારા કરવામાં આવેલા માર્ચ (કૂચ)નો ઉલ્લેખ કરતા કહ્યું કે, ગાંધીએ આ અંગે સ્પષ્ટતા આપવી જોઈએ. કોર્ટે ટિપ્પણી કરી કે "કોઈ પણ ન્યાયતંત્રને દબાવી કે ડરાવી શકતું નથી."

સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું કે, "અરજદારોમાંના એક (રાહુલ ગાંધી) વતી દાખલ કરાયેલી અરજી પર કામચલાઉ ધોરણે વિચાર કરવામાં આવશે, પરંતુ તે તેમના વર્તન અંગે સ્પષ્ટતા આપે તે શરતે."

આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકારને પણ નોટિસ પાઠવીને જવાબ માંગ્યો છે. આ પગલું ત્યારે લેવામાં આવ્યું છે જ્યારે 'કોકરોચ જનતા પાર્ટી' (ઝત્ન) અને વિરોધ પક્ષો દ્વારા 'જીૈંઇ' પ્રક્રિયાને લઈને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે, અને તે દરમિયાન જંતર-મંતરને વિરોધ પ્રદર્શનના સ્થળ તરીકેની માન્યતા રદ કરી દેવામાં આવી છે.

કોર્ટે એક અરજદારને - જેઓ ઈચ્છતા હતા કે જંતર-મંતરને ફરીથી વિરોધ પ્રદર્શનના સ્થળ તરીકે જાહેર કરવામાં આવે - જણાવ્યું કે, દિલ્હી સરકારે જવાબ આપવો જોઈએ કે આ જાણીતા સ્થળને કેમ સૂચિમાંથી હટાવી દેવામાં આવ્યું.

જોકે, સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું કે, રાજધાનીમાં વિરોધ પ્રદર્શન માટે અન્ય વૈકલ્પિક સ્થળો શોધવાની શક્યતા તપાસવા માટે અગાઉ એક સમિતિની રચના કરવામાં આવી હતી.

મીડિયા સુત્રોના અહેવાલ મુજબ, ન્યાયાધીશ બાગચીએ ટિપ્પણી કરી, "ટેક્નોલોજીના યુગમાં 'સાંભળવા' (અથવા રજૂઆત સાંભળવા)ના શબ્દને વ્યાપક સંદર્ભમાં જોવો જોઈએ. તમે એક મુદ્દો ઉઠાવ્યો છે; તમે જંતર-મંતરને દેશનું સંચાલન કરતા વહીવટી તંત્રની નજીક દર્શાવવા માંગો છો."

### લદ્દાખનાં ૨૮ સ્થળો પર ચીનના દાવા સામે ભારતે પ્રતિક્રિયા આપી

# લદ્દાખ ભારતનો અખંડ ભાગ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૫
કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખ પર ચીન દ્વારા કરવામાં આવેલા દાવા સામે ભારતે કડક પ્રતિક્રિયા આપી છે. ભારતે ચોખ્ખા શબ્દોમાં સ્પષ્ટ કર્યું છે કે લદ્દાખ ભારતનો અવિભાજ્ય અને અખંડ ભાગ છે અને બેઈજિંગના ઈનકાર કરવાથી નક્કર વાસ્તવિકતા બદલાઈ જવાની નથી. ઉલ્લેખનીય છે કે, બીજી ઓક્ટોબરે ભારત સરકારના 'સર્વે ઓફ ઈન્ડિયા' દ્વારા લદ્દાખના ૨૮ વ્યૂહાત્મક સ્થળો અને ભૌગોલિક ક્ષેત્રોની સત્તાવાર ઓળખ સુનિશ્ચિત કરવામાં આવી હતી. આ યાદીમાં એલએસી પાસે આવેલા ગોગરા અને હોટ સ્પ્રિંગ જેવા વિવાદાસ્પદ વિસ્તારો પણ સામેલ છે, જ્યાં ૨૦૨૦માં ભારત અને ચીનની સેનાઓ વચ્ચે હિંસક તણાવ સર્જાયો હતો. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે ભારતના નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે ચીન લદ્દાખને ભારતનો કેન્દ્રશાસિત પ્રદેશ માનતું નથી અને ભારત દ્વારા નામ નક્કી કરવાથી લદ્દાખ ક્ષેત્ર પર ચીનનો માલિકી હક કે દાવો બદલાશે નહીં. ચીનની ટિપ્પણીનો વળતો પ્રહાર કરતા ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે જણાવ્યું કે લદ્દાખ પર ભારતના સાર્વભૌમત્વ અંગે કોઈ શંકા નથી. સ્થાનિક સત્તાધીશો અને હિતધારકોની સલાહથી નકશો તૈયાર કરાયો છે. ચીન ભલે હકીકતનો અનાદર કરે, પરંતુ તેનાથી ભૌગોલિક સત્ય બદલાશે નહીં.

# ઈમરાન ખાને ૨૮ ઓક્ટોબર સુધીમાં ભારત છોડવું પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૫
કોકરોચ જનતા પાર્ટી (CJP) તથા કોંગ્રેસ સહિતના અનેક વિપક્ષી દળો ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર સામે મોટાપાયે દેખાવો કરી રહ્યા છે અને આ દેખાવોમાં બોલીવુડ હસ્તીઓ પણ જોવા મળી રહી હતી. પરંતુ હવે આમિર ખાનના ભાણિયા અને અભિનેતા ઈમરાન ખાનને વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવો ભારે પડી રહ્યું છે. એટલે સુધી કે ભારત છોડવાની નોબત આવી ગઈ છે.



મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર અને SIR સામે મુંબઈના ક્રાંતિ મેદાનમાં થયેલા વિરોધ પ્રદર્શનમાં બોલીવુડ અભિનેતા ઈમરાન ખાને પણ ભાગ લીધો હતો અને હવે ત્યારબાદ મુંબઈ પોલીસે ઈમરાન ખાન વિરુદ્ધ નોટિસ બહાર પાડી છે અને અભિનેતાને ૨૮ ઓક્ટોબર સુધીમાં મુંબઈ છોડી દેવા જણાવ્યું છે.

તમને જણાવી દઈએ કે આમિર ખાનનો ભાણિયો ઈમરાન ખાન એ ભારતીય નાગરિક નથી. ઈમરાન ખાન યુએસએની નાગરિકતા ધરાવે છે. આવામાં અભિનેતા પર ઈમિગ્રેશન એક્ટ સંબંધિત કલમો હેઠળ ભારતીય નાગરિક ન હોવા છતાં ભારતમાં આ રીતે વિરોધ પ્રદર્શનમાં સામેલ થવાના આરોપસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અભિનેતાએ આ પોલીસે ફટકારેલી આ નોટિસ રિસિવ કરી હોવાના પણ મીડિયા રિપોર્ટ છે. ઈમરાન ખાન મુંબઈમાં આયોજિત સીજેપી પ્રોટેસ્ટમાં જોડાયો હતો અને ત્યારબાદ તેની મુશ્કેલીઓ વધી રહી હતી.

# પેશાવરમાં શાળાની છત ધરાશાયી થતાં ૨૯ બાળકો અને એક શિક્ષકનાં મોત

(જી.એન.એસ) તા. ૧૫
પેશાવર,પાકિસ્તાનના પેશાવરમાં એક શાળાની છત ધરાશાયી થતાં ૨૯ વિદ્યાર્થીઓ અને એક શિક્ષક સહિત ઓછામાં ઓછા ૩૦ લોકોનાં મોત નીપજ્યાં છે. આ ઘટનામાં અન્ય ૪૦થી વધુ લોકો ઘાયલ થયા છે, જેમાંથી છ લોકોની હાલત ગંભીર હોવાનું જણાવાયું છે.પેશાવરની 'લેડી રીડિંગ હોસ્પિટલ'ના આસિમ ખાને મૃત્યુઆંકની પુષ્ટિ કરી છે. ખૈબર પખ્તુનખ્વા ઈમરજન્સી રેસ્ક્યુ સર્વિસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, છત તૂટી પડતાં ઘણા બાળકો કાટમાળ નીચે દબાઈ ગયા હતા અને ફસાઈ ગયા હતા.'રેસ્ક્યુ ૧૧૨૨'ના પ્રવક્તા બિલાલ અહેમદ ફૈઝીએ જણાવ્યું હતું કે, બચાવ ટીમોને જાણવા મળ્યું કે એક છત બીજી છત પર પડી હતી, જેના કારણે નીચેનો વર્ગખંડ કચડાઈ ગયો અને વિદ્યાર્થીઓ કાટમાળ નીચે ફસાઈ ગયા. તેમણે ચેતવણી આપી હતી કે હજુ પણ વધુ બાળકો કાટમાળ નીચે દબાયેલા હોઈ શકે છે.ઘટનાસ્થળે ૧૬ એમ્બ્યુલન્સ, આપત્તિ વ્યવસ્થાપન માટેનાં બે વાહનો અને ૬૦થી વધુ બચાવકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા હતા. ઈમરજન્સી સેવાઓ દ્વારા જાહેર કરવામાં આવેલી તસવીરોમાં બચાવકર્મીઓ કાટમાળ અને માટી હટાવતા જોવા મળ્યા હતા, જ્યારે એએફપી (છહ્લ)ના પત્રકારોએ અહેવાલ આપ્યો હતો કે ઘટનાસ્થળે ડઝનબંધ લોકો એકઠા થઈ ગયા હતા.

# યુકેના PM સમક્ષ ઝેલેન્સ્કીનું દર્દ છલકાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
કિવ, તા.૧૫
યુક્રેનના પ્રમુખ વોલોદોમિર ઝેલેન્સ્કીએ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર ગંભીર આક્ષેપ મૂકતા જણાવ્યું છે કે તેઓ વ્યક્તિગત રીતે વિશ્વાસઘાત અનુભવી રહ્યા છે. યુક્રેન અને રશિયા વચ્ચે ચાર વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધ દરમિયાન યુક્રેની સેના માટે અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાતી ઈલોન મસ્કની સ્ટારલિંક સેટેલાઇટ સેવા પર અચાનક કાપ મૂકવામાં આવ્યો છે. આ ઘટનાક્રમે કીવ (યુક્રેન) માટે લાંબા ગાળાના અમેરિકન સમર્થન સામે મોટા પ્રશ્નો ઊભા કર્યા છે. લંડનની મુલાકાતે પહોંચેલા ઝેલેન્સ્કીએ આક્ષેપ કર્યો હતો કે ટ્રમ્પ સામેના પક્ષ (રશિયા)નો સાથ આપી રહ્યા છે, જેનાથી બંને દેશોના સંબંધો વણસી રહ્યા છે.યુક્રેનની સેનાના જણાવ્યા અનુસાર, સ્પેસએક્સ દ્વારા નિર્મિત અને યુએસ સરકાર દ્વારા સંચાલિત સ્ટારલિંક કોમ્યુનિકેશન સિસ્ટમ અચાનક ૧૦૦ mph (માઈલ પ્રતિ કલાક)થી વધુની સ્પીડ પર કામ કરતી બંધ થઈ ગઈ છે.

આ તકનીકી આંચકાને કારણે ફ્રન્ટલાઈન પાછળ હુમલો કરવા માટે વપરાતા યુક્રેનના મોટાભાગના ડ્રોન નકામા થઈ ગયા છે. આ સિવાય, કીવ પર બોમ્બમારો કરતા રશિયાના જેટ-સંચાલિત ડ્રોનને રોકવા માટેની સૌથી અસરકારક એર ડિફેન્સ સિસ્ટમ પણ ખોરવાઈ ગઈ છે.

# ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં ડો. એ.પી.જે. અબ્દુલ કલામ જન્મજયંતી ઉજવાઈ



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ - NCSM, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) દ્વારા ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ, 'મિસાઈલ મેન' તરીકે જાણીતા અને ભારત રત્નથી સન્માનિત ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમ પ્રસંગે તેમના જીવન અને સિદ્ધિઓ પર આધારિત ડોક્યુમેન્ટરી ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, અદ્યતન ટેલિસ્કોપની મદદથી સૂર્ય પરનાં સૂર્યકલંકો (Sunspots)નું અવલોકન કરાવવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને સૂર્ય પોતાની ધરી પર ફરે છે તે વિશે તેમજ સૂર્ય સાથે સંબંધિત વિવિધ ખગોળીય ઘટનાઓ વિશે પ્રાયોગિક સમજ આપવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન વોટર રોકેટનું નિદર્શન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ જાતે વોટર રોકેટનું પ્રક્ષેપણ કર્યું હતું. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને દબાણ, રોકેટની કાર્યપદ્ધતિ અને ન્યૂટનના ગતિના ત્રીજા નિયમ એટલે કે 'ક્રિયા અને પ્રતિક્રિયા' વિશે પ્રયોગાત્મક સમજ આપવામાં આવી હતી.

ઉપરાંત, 'સ્વચ્છતા હી સેવા' સ્પેશિયલ કેમ્પેઈન ૬.૦ અંતર્ગત વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત સ્વચ્છતા (Personal Hygiene) અંગે જાગૃતિ લાવવાના હેતુથી હાથ ધોવાની સાત રીતોનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ સાથે, 'વેસ્ટ ટુ આર્ટ' વિષય અંતર્ગત નકામી અને વપરાયેલી વસ્તુઓમાંથી બનાવેલી વિવિધ કલાત્મક વસ્તુઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ દ્વારા પુનઃઉપયોગ અને સ્વચ્છતા અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

તે ઉપરાંત, વિદ્યાર્થીઓને વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (વિવિમં) ૨૦૨૬-૨૭ અંગે માહિતી આપવામાં આવી હતી. આ અંતર્ગત પરીક્ષાની નોંધણી પ્રક્રિયા, પરીક્ષાનું માળખું અને સમયપત્રક, ભાસ્કર શિષ્યવૃત્તિ, સૃજન ઈન્ટર્નશિપ તેમજ રાષ્ટ્રીય સ્તરે ઉપલબ્ધ વિવિધ તકો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા, વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવા તેમજ વિજ્ઞાન, ટેક્નોલોજી અને અવકાશ સંશોધન પ્રત્યે રસ કેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પી.એમ. શ્રી જવાહર નવોદય વિદ્યાલય, રૂપવેલ, જિલ્લા નવસારીના ૨૩૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકો તથા ગાંધી રિસર્ચ ફાઉન્ડેશન, જલગાંવ, મહારાષ્ટ્રના ૨૬ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લીધો હતો. આમ, બંને સંસ્થાઓના કુલ ૨૫૬ પ્રતિભાગીઓએ વિજ્ઞાન કેન્દ્રના કર્મચારીઓ સાથે ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગુંજન સૂર્યા ગલીમાં વેપારીને ટ્રાફિક સંચાલકોએ મારમાર્યો

**વાપી, તા.૧૫ :** વાપીના સૌથી વ્યસ્ત એવા ગુંજન વિસ્તારમાં આજે સૂર્યા હોસ્પિટલ તરફ જતી ગલીમાં વેપારીઓ અને નોટીફાઈડ ટ્રાફિક સંચાલનની ટીમ વચ્ચે ભારે ઘર્ષણ અને મારામારીની ઘટના બની હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, થોડા મહિના પહેલા વાપી નોટીફાઈડ દ્વારા ગુંજનના વેપારીઓને દબાણો દૂર કરવા માટે નોટિસ આપવામાં આવી હતી. જે બાદ આજે અચાનક ટ્રાફિક સંચાલનની ટીમ ગલીમાં આવી ચઢી હતી. દરમિયાન એક વેપારી સાથે બોલાચાલી અને ઝઘડો થતાં ઉશ્કેરાઈ જઈ ટ્રાફિક સંચાલનની ટીમના એક ઈસમે વેપારીને લાકડી વડે ફટકા મારી માથામાં ગંભીર ઈજા પહોંચાડી હતી. ઘટનાને પગલે આજુબાજુના તમામ વેપારીઓ એકઠા થઈ ગયા હતા અને ભારે રોષ વ્યક્ત કર્યો હતો.



વેપારીઓનો આક્ષેપ છે કે, ગુંજન મુખ્ય રોડ ઉપર તેમજ સૂર્યા હોસ્પિટલ રોડ થી ગુંજન મુખ્ય રોડને જોડતી ગલીઓમાં ખરેખર દબાણકર્તાઓને દૂર કરવાના બદલે નાના વેપારીઓને દબાવવામાં આવે છે. મુખ્ય રોડ ઉપર સેંકડો ફેરિયાઓ ખુલ્લેઆમ દબાણ કરી ધંધો કરે છે, તેમની સામે તંત્ર કોઈ કાર્યવાહી કરતું નથી. ઘટનાની જાણ થતાં જ વાપી ઉધ્યોગ નગર પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. અંતે મોડી સાંજે બંને પક્ષો વચ્ચે સમાધાન થતા મામલો થાળે પડ્યો હોવાનું જાણવા મળે છે.

# સાપુતારામાં હોસ્ટેલમાં વિદ્યાર્થીનીનું શંકાસ્પદ હાલતમાં મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૧૫ :** ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા ખાતે આવેલી પ્રતિષ્ઠિત સાંદીપની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા ધોરણ-૧૧ના વિજ્ઞાન પ્રવાહના ૧૭ વર્ષીય વિદ્યાર્થી અંકિતભાઈ બાળુભાઈ સહારેનું ગળે ફાંસો ખાધેલી હાલતમાં મોત નિપજતાં શૈક્ષણિક જગતમાં ચકચાર મચી જવા પામી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વિદ્યાર્થી અંકિતભાઈ સહારે હોસ્ટેલમાં રહી ધોરણ-૧૧ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતો હતો.આ દરમિયાન, હોસ્ટેલના રૂમમાં બારીની ગ્રીલ સાથે દોરી બાંધી પંખા પાસે ગળેફાંસો ખાધેલી હાલતમાં તેનો મૃતદેહ મળી આવતાં શાળા કેમ્પસમાં દોડધામ મચી જવા પામી હતી.

# દાનહમાં ચાલતા વિકાસકાર્યોનું પ્રશાસકે નિરીક્ષણ કર્યુ

**અધિકારીઓને પ્રશાસક પ્રફુલભાઈ પટેલે જરૂરી સૂચનાઓ આપી**



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા.૧૫ :** શ્રીડીના પ્રશાસક પ્રફુલ પટેલે દાદરા અને નગર હવેલી જિલ્લામાં વહીવટીતંત્ર દ્વારા અમલમાં મુકવામાં આવી રહેલા વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરવા માટે તેમની મુલાકાતના પ્રથમ દિવસે નિરીક્ષણ કર્યુ હતું. નિરીક્ષણ દરમિયાન, તેમણે વિવિધ સ્થળોએ ચાલી રહેલા વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું અને સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

નિરીક્ષણ દરમિયાન પ્રશાસકે નરોલી પ્રવેશદ્વાર, નરોલી ઉચ્ચતર માધ્યમિક શાળા, કનારીના સીસી સેમ્પલ રોડ, અથલ ટી-જંક્શન એફઓબી, પીપરિયા રિંગ રોડ પર યાત્રી નિવાસ, દાયત ફળિયા સ્કૂલ, પંચાયત માર્કેટ, સેન્ટ્રલ પાર્ક, કલાકેન્દ્ર રોડ, સબઝી મંડી, નમો હોસ્પિટલ ફેઝ-૨, લાઈન્સ એફઓબી અંડરપાસ જંકશન, સિલવાસા બસ સ્ટેન્ડ અને મસત સ્કૂલ સહિત વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યું હતું. વરિષ્ઠ વહીવટી અધિકારીઓ અને સંબંધિત સ્ટાફ હાજર હતાં. અધિકારીઓએ પ્રશાસકને પ્રોજેક્ટ્સની વર્તમાન સ્થિતિ અને પ્રગતિ અંગે વિગતવાર માહિતી પૂરી પાડી હતી. વિકાસ પ્રોજેક્ટ્સની સમીક્ષા કર્યા પછી, પ્રશાસક પ્રફુલ્લ પટેલે પ્રગતિ પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે અધિકારીઓને બાંધકામની ગુણવત્તા અને તમામ પ્રોજેક્ટ્સમાં કામની ગતિ પર ખાસ ધ્યાન આપવા નિર્દેશ આપ્યો હતો. વિકાસ પ્રોજેક્ટ્સ નિર્ધારિત સમયમર્યાદામાં અને પારદર્શિતા સાથે પૂર્ણ કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. પ્રશાસકે સ્પષ્ટતા કરી કે વહીવટીતંત્ર વિસ્તારમાં વિકાસ પ્રોજેક્ટ્સ સમયસર પૂર્ણ થાય અને કાર્યક્ષમ અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM SURESHBHAI TO NEW NAME SURESH MAHLA AS PER DOCUMENTS

**No.MAM/KNVL/RBD-DNH/81/2025/1332 Dated: 21/11/2025**

**APPLICANT - Smt. Shabnam Vahid Kureshi. Presently Residing at Patelpada, Mandoni DNH Mo. 9737881323**
**V/S**
**OPPONENTS - Registrar of Birth and Death, Khanvel.**
**NOTICE**

The public to take note that the above, named applicant Smt. Shabnam Vahid Kureshi, Applied for her Son namely Alfej Vahid Kureshi, who was born on 01/11/2014 at Sub-District Hospital Khanvel, DNH. But due to inadvertence the above said Birth was not registered in the records of Registrar of Births and Deaths/Sub-District Hospital Khanvel. Hence, the applicant has moved on application to pass an order to register birth of Alfej Vahid Kureshi, S/o. Vahid Kureshi. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Khanvel, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly. This notice is issued as per the approval of Executive magistrare Khanvel date: 18/11/2025.

**Sd/-**
**Circle Inspector (K)**
**Dadra and Nagar Haveli**
**Khanvel**

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**Public Works Department**
**NOTICE INVITING TENDER**
**Procurement Supplying and Installation of Transformer, DG & STP in Ayush Hospital at Pati DNH (3rd Call)**

| | |
|---|---|
| On line downloading start of tender documents | 14.10.2026 @ 11.00 Hrs |
| * Pre-bid meeting | N.A. |
| Last date & Time for Receipt of Bid/Uploading Bid | 23.10.2026 @ 14.00 Hrs |
| Online Opening of Technical Bid | 23.10.2026 @ 16.00 Hrs |
| On line opening of Price Bid | 23.10.2026 @ 16.30 hrs. (if possible) |

For details please scan dnhtenders.nic.in ee-bldg-dnh@ddd.gov.in 0260 2642350

**ID.No. 2026_UTDNH_8304_1**

**I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa**
**No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/701 Dtd.14/09/2026**
**NO.: IP/DMN/2/5/2026-27/590 DATED :15/10/2026**

**જાહેરાત**

ગુજરાત વિદ્યાપીઠ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી, તા. નાનાપોંઢા, જી. વલસાડ હસ્તકનાં ફાર્મમાં આવેલા બંગાળી બાવળ (અંદાજીત ૨ એકર વિસ્તાર) કાપીને લઈ જવાનો ઈજારો આપવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી ખાતે રૂા.૫૦૦/- (અંકે પાંચસો પુરા) જમા કરાવી ટેન્ડર ફોર્મ મેળવી પોતાનાં ભાવ સીલ બંધ કવરમાં તા.૨૭/૧૦/૨૦૨૬નાં રોજ ૧૭.૦૦ કલાક સુધીમાં કચેરી સમયમાં રૂબરૂ કે રજી.એ.ડી ટપાલથી પહોંચતા કરવાનાં રહેશે. બંગાળી બાવળ કાર્યાલય સમય દરમ્યાન (રવિવાર કે જાહેર રજા સિવાય) સવારે ૯ થી ૫ કલાક સુધી જોઈ શકાશે. ઈજારાની બાકીની શરતો કેન્દ્ર ખાતેથી બહાર પાડેલ ટેન્ડર ફોર્મ સાથે આપવામાં આવેલ છે. વધુ માહિતી માટે ફોન નં. ૯૬૮૭૬૩૬૭૫૮નો સંપર્ક કરવો.

**વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા**
**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી**

**જાહેર નોટીસ**

**મે.ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૫૨/૨૦૨૬**
**મુદત તારીખ :- ૨૧/૧૧/૨૦૨૬**

**અરજદાર : રામાભાઈ રણછોડભાઈ ઠાકોર**
**રહે. : ખારવેલ, પેલાડ ફળિયું, તા.ધરમપુર, જી.વલસાડ**
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી, તલાટી કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ખારવેલ, તા.ધરમપુર, જી.વલસાડ**

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના માતા **રડકીબેન રણછોડભાઈ ઠાકોર**નું મરણ તા.૦૫/૦૬/૧૯૭૭ના રોજ મોજે ગામ-ખારવેલ, તા.ધરમપુર, જી.વલસાડ, મુકામે થયું હતું. જે મુજબનો મરણનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૨૧/૧૧/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.

આજ રોજ તા.૧૪ માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| આસિસ્ટન્ટ સીવીલ કોર્ટ, ધરમપુર | સુપ્રિટેન્ટેન્ટ સીવીલ કોર્ટ, ધરમપુર | | રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ધરમપુર |

**જાહેર નોટીસ**

**મે.ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૪૮/૨૦૨૬**
**મુદત તારીખ :- ૨૧/૧૧/૨૦૨૬**

**અરજદાર : દાહવડ લાહનભાઈ ધાકલભાઈ**
**રહે. : ધામણી, ઠે.સેલ્ટીપાડ ફળિયું, તા.ધરમપુર, જી.વલસાડ**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ધામણી તા.ધરમપુર, જી.વલસાડ**

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના પુત્રી **દાહવાડ પરીનાબેન લાહનભાઈ**નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૩ના રોજ મોજે ગામ-ધામણી, ઠે. સેલ્ટીપાડ ફળિયું, તા.ધરમપુર, જી.વલસાડ, મુકામે થયું હતું. જે મુજબનો જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૨૧/૧૧/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.

આજ રોજ તા.૧૪ માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| આસિસ્ટન્ટ સીવીલ કોર્ટ, ધરમપુર | સુપ્રિટેન્ટેન્ટ સીવીલ કોર્ટ, ધરમપુર | | રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ધરમપુર |

**જાહેર નોટીસ**

**મે.ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૫૪/૨૦૨૬**
**મુદત તારીખ :- ૨૧/૧૧/૨૦૨૬**

**અરજદાર : સવિતાબેન કૈલાશભાઈ ભોયા**
**રહે. : ભવઠાણ જંગલ, મુળગામ ફળિયું, તા.ધરમપુર, જી.વલસાડ**
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી, તલાટી કમ-મંત્રીશ્રી, ગૃપ ગ્રામ પંચાયત તુતરખેડ તા.ધરમપુર, જી.વલસાડ**

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના પુત્રી **દિવ્યાબેન કૈલાશભાઈ ભોયા**નો જન્મ તા.૨૭/૦૧/૨૦૦૮ના રોજ મોજે ગામ-ભવઠાણ જંગલ, તા.ધરમપુર, જી.વલસાડ, મુકામે થયું હતું. જે મુજબનો જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૨૧/૧૧/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.

આજ રોજ તા.૧૪ માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| આસિસ્ટન્ટ સીવીલ કોર્ટ, ધરમપુર | સુપ્રિટેન્ટેન્ટ સીવીલ કોર્ટ, ધરમપુર | | રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ધરમપુર |

**મે. ઉમરગામના જ્યુડી. મેજી. (ફ.કા.) સાહેબની કોર્ટમાં, મુ.ઉમરગામ**

**ફો.પ.અ.નં.૩૫૭/૨૦૨૬**

**અરજદાર : પ્રમીલાબેન કરશનભાઈ માછી તે ચિંતામણીની પુત્રી**
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી, નારગોલ તા.ઉમરગામ, જી.વલસાડ**

**-: જાહેર નોટીશ :-**

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમની બહેન નામે **જાગૃતિબેન ચિંતામણીભાઈ ટંડેલ**નો જન્મ તારીખ ૦૪/૦૧/૧૯૭૬ના રોજ મરોલી, તા.ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલાની નોંધ સરકારી દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તારીખ ૧૬/૧૧/૨૦૨૬ના રોજ ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમોને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો.

આજ રોજ તા.૧૫ માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| આસિસ્ટન્ટ | આસિસ્ટન્ટ | | રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ઉમરગામ |

**જાહેર નોટીસ**

**મે.ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૭૦/૨૦૨૬**
**મુદત તારીખ :- ૨૧/૧૧/૨૦૨૬**

**અરજદાર : સંજયભાઈ બકુલભાઈ બીરારી**
**રહે. : ૧૧૫૦, કુંભારવાડ ફળિયું, પોસ્ટ ઓફિસ પાછળ તા.ધરમપુર, જી.વલસાડ**
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી, ચીફ ઓફીસર ધરમપુર નગર પાલિકા તા.ધરમપુર, જી.વલસાડ**

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના માતા **બેબલીબેન બકુલભાઈ બીરારી**નું અવસાન તા.૧૪/૦૫/૧૯૯૭ના રોજ મોજે ગામ-કુંભારવાડ ફળિયું, પોસ્ટ ઓફીસ પાછળ, તા.ધરમપુર, જી.વલસાડ, મુકામે થયું હતું. જે મુજબનો મરણનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૨૧/૧૧/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.

આજ રોજ તા.૧૩ માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| આસિસ્ટન્ટ સીવીલ કોર્ટ, ધરમપુર | સુપ્રિટેન્ટેન્ટ સીવીલ કોર્ટ, ધરમપુર | | રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ધરમપુર |

**હિરો હાઉસીંગ ફાયનાન્સ લીમીટેડ**

HeroHousing Finance

સંપર્ક સરનામું : ઓફિસ નંબર - ૭૦૧, ૭મો માળ, રોયલ ટ્રેડ સેન્ટર, સ્ટાર બજારની સામે, હાજીરા રોડ, અદાજણ, સુરત - ૩૯૫૦૦૯
રજી. ઓફિસ : ૦૯, કમ્યુનીટી સેન્ટર, વસંતલોક, વસંત વિહાર, નવી દિલ્હી-૧૧૦૦૫૭
ફોન નં. ૦૧૧ ૪૯૨૬૭૦૦૦, ટોલ ફ્રી નંબર : ૧૮૦૦ ૨૧૨ ૮૮૦૦, ઈમેલ- customer.care@herohfl.com
વેબસાઈટ : www.herohousingfinance.com I CIN : U65192DL2016PLC30148

**કબ્જા નોટિસ (સ્થાવર મિલ્કત માટે)**
**(સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮(૧) ને સૂચિ IV સાથે વાંચતા)**

**અત્રે નીચે સહી કરનાર હીરો હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્ટ્રકશન ઓફ ફાયનાન્સયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨, અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ ને સેક્શન ૧૩(૧૨) સાથે વાંચતા પ્રાપ્ત સત્તા હેઠળ દેણદારોને માંગણા નોટિસ પાઠવી ઉક્ત નોટીસમાં દર્શાવેલ રકમ નોટીસની તારીખથી ૬૦ દિવસમાં ભરપાઈ કરવા નોટિસ પાઠવી હતી.**

દેણદારો, એ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા છે. અત્રેથી દેણદાર અને ખાસ કરીને જાહેર જનતાને અત્રેથી ચેતવણી આપવામાં આવે છે કે નીચે સહી કરનારે ઉક્ત નિયમના નિયમ ૮ ને ઉક્ત કાયદાના સેક્શન ૧૩(૪) સાથે વાંચતા પ્રાપ્ત સત્તા મુજબ અત્રે નીચે વર્ણવેલી મિલકતનો કબ્જો લીધો છે

દેણદાર, અને ખાસ કરીને જાહેર જનતાને અત્રેથી એ મિલકત સંબંધી કોઈ સોદા ન કરવા ચેતવણી આપવામાં આવે છે મિલકત સાથેના કોઈપણ સોદા હિરો હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડને નીચે દર્શાવેલ રકમ વ્યાજ એના પર પેનલ ઈન્ટરેસ્ટ, ચાર્જીસ, કોસ્ટ, વગેરે સાથે નીચે દર્શાવેલ તારીખથી ચૂકવવાને પાત્ર ઠરશે. **દેણદારોને સિક્યુર્ડ એસેટસ્ ઉગરાવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં એકટના સેકશન-૧૩ના સબ સેકશન (૮) ની જોગવાઈઓ તરફ ધ્યાન દોરવામાં આવે છે.**

| લોન ખાતા નં. | ઓબ્લિગર(ર્સ)/કાયદેસરના વારસ(સો)/કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ના નામ | માંગણીની નોટિસની તારીખ / માંગણીની નોટિસ મુજબની રકમ | કબ્જાની તારીખ (કન્સ્ટ્રકટીવ/ફીજીકલ) |
|---|---|---|---|
| HHFVAPHOU23000041050, HHFVAPLAP23000043792 | રામવિલાસ મહાદેવ શર્મા, અહિલ્ય દેવી રામ વિલાસ શર્મા | ૧૯-૦૫-૨૦૨૬, રૂા. ૪,૯૨,૦૫૦/- જે તા. ૧૫-મે-૨૦૨૬થી બાકી | ૧૨.૧૦.૨૦૨૬ (ફીજીકલ) |

**સિક્યોર્ડ એસેટસનું/સ્થાવર મિલકતોનું/ગિરવે મિલકતોનું વર્ણન :** ''વિની એપાર્ટમેન્ટ'' નામની ઇમારતમાં આવેલ ફ્લેટ નં. ૨૦૧ (બીજા માળે) તરીકે ઓળખાતી સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સો (નગરપાલિકા ઉમરગામ રજિસ્ટર્ડ જૂનું ઘર નં. ૬૫૪૧ અને નવું નંબર ૨૮૮૨), જેનું સુપર બિલ્ટ-અપ ક્ષેત્રફળ ૩૨૦.૦૦ ચોરસ ફૂટ (જે ૨૯.૭૫ ચોરસ મીટરની સમકક્ષ) છે. **આ મિલકત ગુજરાત રાજ્યના વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ઉમરગામ ગામમાં આવેલી સર્વે નં. ૧૧૬, પ્લોટ નં. ૧૫ વાળી બિન-ખેતી (N.A.) જમીન પર બાંધવામાં આવેલી છે.**

**તા.** ૧૬-૧૦-૨૦૨૬ **સહી/-** અધિકૃત અધિકારી,
**સ્થળ :** વલસાડ હિરો હાઉસીંગ ફાયનાન્સ લીમીટેડ માટે


**ટેરેસ ગળે છે ??**

વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર

**એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ**

- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ

દિવાળી ધમાકા

કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-

Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-

દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ

પરમાર શુ કલેક્શન

કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

**ડિસ્કાઉન્ટ ધમાકા**

તાં. 1-8-26.થિ. ચાલુ

ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો

પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ

MAYUR FOOTWEAR

5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ

કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર

Paragon Bata Lakhani campus

શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ

શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-

The Complete Man Raymond, dinesh SUITING, Siyarams, DONEAR SUITINGS & SHIRTINGS, DIGJAM, NIRVAN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon

LORD'S MEN'S WEAR

એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa

Septic Tank Cleaner

ખાળ કુવાની સફાઈ

खार कुवे की सफाई



TANKER CAPACITY 8000 LITER

WATER JETTING, AIR BLOWING, VACUUMING

પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.

આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.

Contact: 99046 44348, 98247 28200

Friday 16, October 2026

# દમણગંગા ટાઇમ્સ

## વલસાડમાં ૧૮ વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** વલસાડનજીક આવેલા ગુંદલાવ ફલાહ હોટલ સામે, નેશનલ હાઈવે નંબર ૪૮ રોડની બાજુમાંથી અજાણ્યા તસ્કરોએ ફરિયાદીની પિકઅપ વાન નં. GJ-15-Z-3248 ચોરી કરી લીધી હતી. આ પિકઅપમાં રૂા. ૨૧,૭૪,૭૬૩ની કિંમતના ૫૨ બોક્સ કાચા હીરા ભરેલા હતા. આ સંદર્ભે વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં ચોરીનો ગુનો નોંધાયો હતો. પોલીસે અગાઉ પાંચ આરોપીઓની ધરપકડ કરી ચોરીમાં ગયેલા તમામ હીરા રીકવર કર્યા હતા, જ્યારે અન્ય સહ-આરોપીઓ નાસતા ફરતા હતા. વલસાડ એલસીબી ની ટીમ અને મુંબઈના મલાડ ઈસ્ટ વિસ્તારમાં છાપો મારતા મોડારામ ઉર્ફે મડીયાજી હેમતાજી પુરોહિતની ધરપકડ કરી વલસાડ રૂરલ પોલીસ મથકમાં સોંપવામાં આવ્યો છે.

## ચીખલી હોસ્પિટલના પાર્કિંગમાંથી બાઈક ચોરાઈ

**ચીખલી, તા. ૧૫ :** ચીખલી રેફરલ હોસ્પિટલના પાર્કિંગમાં પાર્ક કરેલી એક મોટરસાયકલની ચોરી થઈ હોવાની ફરિયાદ ચીખલી પોલીસ મથકે નોંધાવા પામી છે. ચીખલી તાલુકાના સોલધરા સામર ફળિયા ખાતે રહેતા સ્વપ્રેસ સુમનભાઈ પટેલ જેણે પોતાની હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ તારીખ ૮. ૯. ૨૬ ના રોજ સવારે આઠ વાગે પાર્ક કરી હતી અને સાંજે ૫:૦૦ વાગે આવીને જોતા પોતાની હીરો હોન્ડા સ્પેલન્ડર મોટરસાયકલ ગાડી નંબર જીજે-૨૧ -એએમ-૨૧૫૩ જેની કિંમત રૂપિયા ૨૫,૦૦૦ ગણવામાં આવી છે જે પાર્કિંગમાં ન મળતા આજુબાજુના વિસ્તારોમાં શોધખોળ કરવા છતાં પણ ન મળતા આજરોજ ચીખલી પોલીસ મથકે મોટરસાયકલ ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાવા પામી છે બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

### વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક યોજાઈ

# નામધા-મોહનગામને જોડતા પુલની દરખાસ્તને મંજૂરી

**રસ્તાઓનું પેચવર્ક દિવાળી પહેલાં પૂર્ણ કરવા સૂચના અપાઈ : પૂર્વમાં નવા ફાયર સ્ટેશન માટે કરવડમાં અને કરવડ તથા વટારમાં કોમ્યુનીટી હોલ માટે મનપાને જમીન ફાળવવા સરકારમાં દરખાસ્ત કરાશે**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક અધ્યક્ષ સતીશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. તેમાં પાણી પુરવઠો, રસ્તા, સફાઈ, અગ્નિશમન સેવા, જાહેર સુવિધાઓ અને વાહનવ્યવહાર સહિતના પ્રજાલક્ષી વિકાસકાર્યોને મંજૂરી આપવામાં આવી હતી. જેમા ચોમાસામાં ખરાબ થયેલા રસ્તાઓનું પેચવર્ક દિવાળી પહેલાં પૂર્ણ કરવા સૂચના અપાઈ હતી. ડુંગરા ફિલ્ટર પ્લાન્ટથી નૂતનનગર સુધી પૂરતા દબાણે પાણી પહોંચે તે માટે જીઆઈડીસી કચેરી નજીક મામુ ચા પાસે ૫૦૦ મી.મી.નો નવો વાલ્વ સ્થાપિત કરાશે. જાહેર કાર્યક્રમો માટે બે મોબાઈલ ટોઈલેટ બ્લોક અને રખડતાં પશુઓને પકડવા નવું કેટલ કેચિંગ કેજ ખરીદાશે. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને સ્વિમિંગ પૂલના હંગામી સંચાલન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી સાથે વાપી પૂર્વમાં અગ્નિશમન સેવા મજબૂત બનાવવા કરવડ ખાતેની ૭,૯૬૫ ચોરસ મીટર જમીનમાંથી ૩,૦૦૦ ચોરસ મીટર જમીન નવા ફાયર સ્ટેશન માટે ફાળવવા સરકારમાં દરખાસ્ત કરાશે. સામાજિક, સાંસ્કૃતિક અને જાહેર કાર્યક્રમો માટે વટાર અને કરવડગામમાં કોમ્યુનિટી હોલ બનાવવા જમીન મહાનગરપાલિકાને ફાળવવા સરકારમાં દરખાસ્ત કરવાનો નિર્ણય લેવાયો હતો. જ્યારે વધતા વાહનવ્યવહારને ઘટાડવા અને વાપી-ઉમરગામ કનેક્ટિવિટી મજબૂત કરવા દમણગંગા નદી પર નામધા ચંડોરથી મોહનગામને જોડતો ઓવરબ્રિજ બનાવવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હતી. જરૂરી મંજૂરી માટે સરકારમાં દરખાસ્ત કરાશે. ચોમાસાના વરસાદથી તૂટેલા રસ્તાઓનું ડામર પેચવર્ક તાત્કાલિક શરૂ કરી દિવાળી પહેલાં પૂર્ણ કરવા સૂચના અપાઈ હતી, જેથી તહેવાર દરમિયાન અવરજવરમાં મુશ્કેલી ઘટે. વાપી બજાર રોડના સરદાર પટેલ સર્કલનું પુનર્વિકાસ કરી નવી પ્રતિમા સ્થાપિત કરાશે. સફાઈ વ્યવસ્થાની દેખરેખ માટે પાંચ નવા સબ-સેનિટરી ઈન્સ્પેક્ટરની નિમણૂક કરાશે. આથી સ્વચ્છતા કામગીરીનું મોનિટરિંગ વધુ અસરકારક બનશે. બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશ્નર વિશાલ પટેલ અને કિરણસિંહ રાણા, સિટી ઈજનેર જતીનભાઈ પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનું સંચાલન મ્યુનિસિપલ સેક્રેટરી રીતેશભાઈ વાળંદે કર્યું હતું.

## ઉમરગામ પોલીસે 'ગડગ ગેંગ'ના પાંચ આરોપીઓને ઝડપ્યા

**પળગામની ગુજરાત પોલીપ્લાસ્ટ કંપનીમાં રૂ. ૧.૯૦ લાખની ચોરીનો ભેદ ઉકેલાયો, બે ગુનાઓ ડિટેક્ટ થયા**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૫ :** ઉમરગામ પોલીસે પળગામની ગુજરાત પોલીપ્લાસ્ટ કંપનીમાં રૂ. ૧.૯૦ લાખની ચોરીનો ભેદ ઉકેલી 'ગડગ ગેંગ'ના પાંચ આરોપીઓને ઝડપ્યા. આથી ઉમરગામ પોલીસ સ્ટેશનના બે ચોરીના ગુનાઓ ડિટેક્ટ થયા.ગત ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ રાત્રે અજાણ્યા શખ્સોએ કંપનીનું તાળું તોડી પ્રવેશ કર્યો હતો. તેઓ મશીનોના કોપર કેબલ અને સીસીટીવી ડીવીઆર ચોરી કરી કુલ રૂ. ૧,૯૦,૦૦૦નો મુદ્દામાલ લઈ ફરાર થયા હતાં.

વરિષ્ઠ અધિકારીઓની સૂચના હેઠળ પીઆઈ એચ.ડી. તુવરના માર્ગદર્શનથી તપાસ હાથ ધરાઈ. ટેકનિકલ વિશ્લેષણ અને હ્યુમન સોર્સિસના આધારે પાંચ આરોપીઓને પકડવામાં આવ્યા.પકડાયેલા આરોપીઓ ઉસ્માન ઉર્ફે કડુ ગડગ (૨૫), સતિષ બાબુભાઈ ગડગ (૨૪), સંદીપ અર્જુનભાઈ કુવરા (૨૬), રસિકભાઈ ગુલાબભાઈ ગડગ (૨૪) અને જીગ્નેશ ધીરુભાઈ કાનાત (૨૪). આ તમામ કપરાડાના પિપરોણી ગામના ગડગ ફળિયાના રહેવાસી છે. પોલીસે રૂા. ૨૫,૦૦૦ની બજાજ પલ્સર, રૂ.૨૫,૦૦૦ની સુઝુકી એક્સેસ, રૂા. ૧૦,૦૦૦ના બે ડીવ ડીવીઆર અને રૂ. ૮૧.૦૦૦ના કોપર બે ડીવીઆર અને રૂ. ૮૧,૦૦૦ના કોપર વાયરો, કુલ રૂા.૧,૪૧,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો. ઉસ્માન ઉર્ફે કડુ સામે અગાઉ ૨૦૨૨માં ખાનવેલ પોલીસ સ્ટેશનમાં ચોરીનો ગુનો નોંધાયો હતો.

## વાપીના જે-ટાઈપ આરઓબીના દિવાળી સુધીમાં લોકાર્પણની તજવીજ

**વાપી-વલસાડ સેક્શનમાં ૧૮ ઓક્ટોબરે મેગા બ્લોક : રેલ્વે લાઈન પર સેફટી ગર્ડર ખસેડવા માટે લાઈન ક્લોઝ, અનેક ટ્રેનો રદ અને ડાયવર્ટ કરાઈ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપીમાં વર્ષોથી પ્રતીક્ષા કરાતા જે-ટાઈપ રેલ્વે ઓવર બ્રિજના કામે હવે અંતિમ તબક્કામાં વેગ પકડ્યો છે. પશ્ચિમ રેલ્વે દ્વારા વાપી-વલસાડ સેક્શન વચ્ચે તા. ૧૮ ઓક્ટોબર ૨૦૨૬, શનિવારના રોજ સવારે ૧૦ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી મેગા બ્લોક જાહેર કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ આ મેગા બ્લોક વાપીના જે-ટાઈપ બ્રિજના સેફટી ગર્ડરને રેલ્વે લાઈન ઉપર ખસેડવા માટે આપવામાં આવ્યો છે. આ કામગીરીને કારણે લાઈન બંધ રહેશે અને આ રૂટની કેટલીક મહત્વની ટ્રેનોના સ્ટેટસ પર અસર પડશે. પશ્ચિમ રેલ્વેના સૂત્રો મુજબ વડોદરા - દાદર વચ્ચેની બે ટ્રેન વલસાડ સુધીજ દોડાવશે, બોરીવલી - વલસાડ વચ્ચે દોડતી ભીલાડ સુધીજ દોડાવશે તો કેટલીક ટ્રેનો મોડી દોડશે. મુસાફરોએ પશ્ચિમ રેલ્વેની સત્તાવાર વેબસાઈટની મુલાકાત લેવા અનુરોધ કરાયો છે.

બીજી તરફ, જે-ટાઈપ ઓવર બ્રિજના નામધા તરફના છેડે બ્રિજના એપ્રોચ ડામર રોડનું કામ પણ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવ્યું છે. બંને તરફની કામગીરીને ધ્યાને લેતાં આ બ્રિજનું લોકાર્પણ દિવાળી પહેલાં અથવા દિવાળીના તહેવારમાં કરવામાં આવશે તેવી પ્રબળ શક્યતા સેવાઈ રહી છે, જેનાથી વાપીના હજારો વાહનચાલકોને મોટી રાહત મળશે.

## કોંગ્રેસની દમણમાં રાત્રે ૨ વાગ્યા સુધી ગરબા માટે મંજુરીની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૫ :** નવરાત્રિ પર્વ દરમિયાન ગરબા આયોજકો અને ખેલૈયાઓની સુવિધાને ધ્યાનમાં રાખીને રાત્રે મોડે સુધી ગરબા રમવાની મંજૂરી આપવા પ્રદેશ કોંગ્રેસ સમિતિ, દમણ અને દીવે દમણના જિલ્લા કલેક્ટરને પત્ર લખીને રજૂઆત કરી છે. કોંગ્રેસ સમિતિએ પત્રમાં જણાવ્યું છે કે નવરાત્રિ દરમિયાન સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમોનું વિશેષ મહત્ત્વ છે. તેથી પ્રવર્તમાન નિયમો અને કાયદાકીય જોગવાઈઓને ધ્યાનમાં રાખીને ગરબા રમવાના સમયને રાત્રે ૧ વાગ્યા સુધી લંબાવવા તથા કાયદાકીય મંજૂરી મળે તો નવરાત્રિની બાકીની પાત્ર રાત્રિઓમાં રાત્રે ૨ વાગ્યા સુધી સમયમર્યાદા વધારવા વિચારણા કરવામાં આવે. પત્રમાં ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦ના નિયમ ૫(૩)નો ઉલ્લેખ કરીને સંબંધિત જોગવાઈઓ અને સરકારી સૂચનાઓ મુજબ વધારાની છૂટછાટ અથવા વિશેષ મંજૂરી આપવા અંગે વિચારણા કરવાની વિનંતી કરવામાં આવી છે. કોંગ્રેસ સમિતિએ જણાવ્યું છે કે આ રજૂઆત લોકોની ધાર્મિક લાગણીઓ અને જાહેર હિતને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. સાથે જ નાગરિકો, વરિષ્ઠ નાગરિકો અને દર્દીઓની સુવિધા, હોસ્પિટલની આસપાસ શાંતિ જાળવવા, જાહેર વ્યવસ્થા અને ધ્વનિ પ્રદૂષણના નિયમોનું પાલન કરવા માટે યોગ્ય નિયંત્રણો રાખવાની પણ રજૂઆત કરવામાં આવી છે. હવે આ અંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શું નિર્ણય લેવામાં આવે છે તેના પર સૌની નજર રહેશે.

## વાપી જીઆઈડીસીમાં સ્ટેગરીંગના દિવસે સાંજે ૧૫ મિનીટનો વીજકાપ રહેશે

**૮૭ ફીડરો પર સાંજે ૫ થી રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં ગમે ત્યારે ૧૫ મીનીટ વીજ પુરવઠો બંધ કરાશે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી જીઆઈડીસી સબ ડિવિઝનના કાર્યક્ષેત્રમાં આવતા આશરે ૮૭ ફીડરો સાથે જોડાયેલા વીજ ગ્રાહકોને હવે સ્ટેગર દિવસે સાંજના સમયે ૧૫ મિનિટનો વીજકાપ સહન કરવો પડશે. આ કામગીરી લોડ મેનેજમેન્ટ અને વીજળીના લોડને સરભર કરવાના હેતુથી હાથ ધરવામાં આવી રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વાપી જીઆઈડીસીના ઔદ્યોગિક વિસ્તારમાં ડીજીવીસીએલના આશરે ૮૭ જેટલા ફીડરો આવેલા છે. આ ફીડરો મારફતે વિવિધ ઔદ્યોગિક એકમો ઉપરાંત રહેણાક અને કોમર્શિયલ વિસ્તારોમાં વીજ જોડાણ આપવામાં આવ્યાં છે. હાલની વીજ સમસ્યાને ધ્યાનમાં રાખીને ડીજીવીસીએલ દ્વારા તમામ સંબંધિત વીજ ગ્રાહકોને મેસેજ મોકલી જાણ કરવામાં આવી છે કે ૧૫ ઓક્ટોબરથી તેમના વિસ્તારના ફીડર પર સોમવારથી શનિવાર દરમિયાન નક્કી કરાયેલા સ્ટેગર દિવસે સાંજે ૫ .૦૦ થી રાત્રે ૧૦.૦૦ વાગ્યા સુધીના સમય દરમિયાન ગમે ત્યારે ૧૫ મિનિટ માટે વીજ પુરવઠો બંધ રાખવામાં આવશે.

આ નિર્ણયને કારણે વાપી જીઆઈડીસીના ઉદ્યોગકારો, વેપારીઓ તેમજ રહેણાક વિસ્તારોમાં રહેતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. ખાસ કરીને સાંજના સમયે ઔદ્યોગિક કામગીરી, વેપાર-ધંધા અને ઘરેલુ પ્રવૃત્તિઓ પર તેની અસર થવાની શક્યતા છે.

આ અંગે વાપી જીઆઈડીસી સબ ડિવિઝનના ડીજીવીસીએલના જુનિયર એન્જિનિયર ફૂલવાલાએ જણાવ્યું હતું કે હાલમાં ઊભી થયેલી વીજ સમસ્યાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે વીજ ગ્રાહકોને આ કામગીરીમાં સહયોગ આપવા અપીલ કરી છે.

### વાપી પરિવર્તન મંચ દ્વારા પીએમ પોર્ટલને કરેલી રજુઆતમાં ખુલાસો થયો

# વાપી ROB ની કામગીરી કાચબા ગતિએ કેમ ?

**પાણીની લાઈનો, ગટર લાઈનો, વીજળીની એલટી અને એચટી લાઈનો તેમજ જીયુડીસીની ડ્રેનેજ લાઈન સહિતની વિવિધ યુટિલિટીઝના સ્થળાંતર, જમીન સંપાદન પ્રક્રિયાને રેલ્વેમાં કેબલ સિફટીંગના વિલંબથી કામ ઘોંચમાં પડતું રહ્યું : જૂન ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાની શક્યતા**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપીમાં બની રહેલા રેલવે ઓવરબ્રિજની ધીમી કામગીરી અને નિર્ધારિત સમયમર્યાદામાં કામ પૂર્ણ ન થવાને કારણે શહેરીજનો દરરોજ ગંભીર ટ્રાફિક સમસ્યાનો સામનો કરી રહ્યા છે. વાપી અને દમણને જોડતા માર્ગ પર વાહનચાલકોને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને વાપી પરિવર્તન મંચ નામની સંસ્થા દ્વારા આ મામલે પ્રધાનમંત્રી કાર્યાલય ના પોર્ટલ પર તા. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ફરિયાદ કરવામાં આવી છે. જેમાં રેલવે ઓવરબ્રિજ અને અંડરપાસની યોજનાને પ્રધાનમંત્રી ગતિશક્તિ યોજના હેઠળ પ્રાથમિકતા આપી કામગીરી ઝડપી બનાવવા માંગ કરવામાં આવી છે.

આ ફરિયાદના અનુસંધાને વલસાડ આરએનબી ડિવિઝનના સંબંધિત એન્જિનિયર દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, વાપી રેલવે ઓવરબ્રિજની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. જૂના રેલવે ઓવરબ્રિજને તોડીને તેના સ્થાને ચાર માર્ગીય નવો ઓવરબ્રિજ બનાવવાની કામગીરી મંજૂર કરવામાં આવી હતી. જોકે, જૂના બ્રિજને તોડવાની મંજૂરી સ્થાનિક વહીવટી તંત્ર પાસેથી ડિસેમ્બર ૨૦૨૨માં મળ્યા બાદ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

બ્રિજના નિર્માણ પહેલાં પાણીની લાઈનો, ગટર લાઈનો, વીજળીની એલટી અને એચટી લાઈનો તેમજ જીયુડીસીની ડ્રેનેજ લાઈન સહિતની વિવિધ યુટિલિટીઝનું સ્થળાંતર કરવું જરૂરી હતું. સ્થાનિક લોકોને ઓછી મુશ્કેલી પડે તે રીતે આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ ઉપરાંત જમીન સંપાદનની પ્રક્રિયા અને રેલવે વિભાગના હિસ્સામાં કેબલ શિફિંટગમાં થયેલા વિલંબને કારણે પણ બ્રિજના નિર્માણકાર્યમાં વિલંબ થયો હોવાનું જણાવાયું છે.

વિભાગના જણાવ્યા અનુસાર, ઓવરબ્રિજના પૂર્વ ભાગમાં ફાઉન્ડેશનની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને પીએસસી ગર્ડર તથા ડેક સ્લેબની કામગીરી એકસાથે ચાલી રહી છે.

જ્યારે પશ્ચિમ ભાગમાં ફાઉન્ડેશન, પીએસસી ગર્ડર, ક્રોસ ગટર અને પિયર કેપની કામગીરી પ્રગતિ હેઠળ છે.

વાહનવ્યવહારની સમસ્યા હળવી કરવા માટે સર્વિસ રોડની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવી હોવાનું જણાવાયું છે.

આ અંગે એજ્યુકેટીવ એન્જિનિયર વલસાડ વિભાગના દ્વારા જણાવાયું છે કે બ્રિજની કામગીરી જૂન ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાની શક્યતા છે.

## સરીગામના વેપારીને નાસિક કોર્ટે ચેક બાઉન્સ કેસમાં રૂા.૧૦ લાખનો દંડ ફટકાર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** નાસિકની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે ચેક રિટર્ન કેસમાં મહત્વનો ચુકાદો આપતાં ગુજરાતના વલસાડ જિલ્લાના સરીગામના વેપારી અને જિલ્લા પંચાયત વલસાડના પૂર્વ દંડક દીપક લખમાજી મિસ્ત્રીને દોષિત ઠેરવી રૂા. ૧૦,૦૦,૦૦૦ નો દંડ ફટકાર્યો છે.

આ કેસમાં નાસિકના ગંગાપુર રોડ વિસ્તારમાં રહેતા ફરિયાદી સોનલબેન અજિંક્ય સિરામે આરોપી દીપક મિસ્ત્રીને રૂા. ૫ લાખ હાથઉછીના આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ફરિયાદી સોનલબેન એ ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ ડો. નિરવ શાહના સગા બહેન છે, જેમના લગ્ન નાસિક ખાતે થયેલા છે. દેવાની ભરપાઈ માટે દીપક મિસ્ત્રીએ બેંક ઓફ બરોડા, સરીગામ શાખાનો રૂા. ૫ લાખનો ચેક આપ્યો હતો. ફરિયાદીએ આ ચેક ICICI બેંક, નાસિકમાં જમા કરાવતાં અપૂરતા ભંડોળને કારણે રિટર્ન થયો હતો. કાનૂની નોટિસ છતાં રકમ ન ચૂકવતા કોર્ટમાં ફરિયાદ થઈ હતી.

સુનાવણી દરમિયાન આરોપી સતત ગેરહાજર રહી કેસ લંબાવવાનો પ્રયાસ કરતો હોવાનું અદાલતે નોંધ્યું હતું.

ન્યાયાધીશ એસ.એમ. બોહરાએ એનઆઈ એક્ટની કલમ ૧૩૮ હેઠળ દોષિત ઠેરવી રૂા. ૧૦ લાખ દંડ, ન ભરે તો ૩ માસની સાદી કેદનો હુકમ કર્યો છે. દંડમાંથી રૂા. ૭,૭૨,૫૦૦ વળતર તરીકે ફરિયાદીને ચૂકવવા આદેશ અને કન્વિક્શન વોરંટ પણ જારી કર્યું હતું.

## વાપીની ગોકુલ વિહાર ટાઉનશીપમાં ગરબાની રમઝટ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપીમાં છરવાડા રોડ સ્થિત જાણીતી ગોકુલવિહાર ટાઉનશીપમાં દોઢ દાયકાથી નવરાત્રીની ભવ્ય ઉજવણી થતી આવી છે. આ વર્ષે પણ ગોકુલવિહારમાં નવરાત્રીની ઉજવણી માટેની કમીટી દ્વારા ભવ્ય તૈયારી સાથે નવરાત્રીની રમઝટ જામી રહી છે. જેમાં રોજેરોજ માતાજીની સવાર-સાંજ આરતી અને સાંજે પરંપરાગત અને અર્વાચિન ગરબાઓ રંગ જમાવી રહ્યાં છે. ગોકુલ વિહારમાં આ નવરાત્રીનું વિશેષ નોંધપાત્ર પાસું એ રહેતુ આવ્યું છે કે અહીં રોજેરોજ રાસ ગરબા પછી ઉદાર દાતાઓ દ્વારા બાળકોને ભેટ આપવામાં આવે છે. અને ખેલૈયાઓ માટે હાઈ-ટીની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. સાથે નવરાત્રીનું મેદાન સ્વસ્થ રહે અને સ્વચ્છતા અભિયાનનો સંદેશો પ્રસરે એની પણ કાળજી લેવામાં આવે છે. આ સમગ્ર આયોજન માટે પ્રમુખ દેવેન્દ્ર પટેલ, સેક્રેટરી બિપીન દેસાઈ, શ્રીમતી મંજુલાબેન ઉકાણી, અર્ચનાબેન દેસાઈ, હેમંત પટેલ, કૌશિક પટેલ, હર્ષદભાઈ કોઠારી, જીતુ શાહ, વિનોદ પટેલ, અંબાલાલ પટેલ, નરેન્દ્ર પટેલ, રવિ પટેલ, કમલેશ જૈન, ભાવેશ પ્રજાપતિ સહિત તમામ કમિટી મેમ્બરો અને સોસાયટીના માજી પ્રમુખો, અગ્રણીઓ, અને રહીશો દ્વારા ભરપૂર સાથ સહકાર આપવામાં આવી રહ્યો છે. ગોકુલ વિહાર નવરાત્રીની વાપી મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન અને વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલે પણ મુલાકાત લીધી હતી. અને શુભકામના પાઠવી આયોજનની સરાહના કરી હતી.

## વલસાડમાં રીક્ષા ચાલક પર પાઇપથી હુમલો : ત્રણ સામે ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વલસાડ રેલવે સ્ટેશનના ઈન-ગેટ પાસે રીક્ષા પાંકિંગમાં રાત્રે આરામ કરતા રીક્ષા ચાલક પર ત્રણ શખ્સોએ લોખંડની પાઈપ વડે હુમલો કરી ઈજા પહોંચાડી હોવાની ઘટના બની છે.

ફરિયાદી અર્જુન ઉર્ફે પંડિત રાજનાથ શર્મા (ઉ.૩૦, ધંધો રીક્ષા ચલાવવાનો, રહે. લોલાપુર ઓરંગા રોડ, કાથા મીલ પાસે, વલસાડ) એ સિવિલ હોસ્પિટલમાંથી ફરિયાદ નોંધાવી છે કે, ગઈ તા.૧૪/૧૦/૨૦૨૬ ના રોજ તે વલસાડ સ્ટેશને પેસેન્જરની રાહ જોઈ રહ્યો હતો. પેસેન્જર ન મળતા રીક્ષાની પાછળની સીટ પર આડો પડ્યો હતો, ત્યારે રાત્રે ૯.૩૦ વાગ્યે સોનુ અને તેના બે મિત્રો રાજા તથા બીજો રાજ નામના ત્રણ ઈસમોએ આવી લોખંડની પાઈપથી આખા શરીરે માર માર્યો હતો. હુમલામાં તેના ડાબા પગમાં નળાના ભાગે ફ્રેક્ચર અને કપાળમાં ૪ ટાંકા આવ્યા છે. ત્રણેય શેઠીયા નગરમાં રહેતા હોવાનું અને સારી રીતે ઓળખતો હોવાનું જણાવી કાયદેસર કાર્યવાહીની માંગ કરી છે.

## ખેરગામમાં ઘાસચારો કાપવા ગયેલી બે મહિલાઓ પર હુમલો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૫ :** નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના ગૌરી ગામે ખેતરમાં ઘાસ કાપવા ગયેલી બે મહિલાઓ ઉપર મધમાખી એ હુમલો કરતા આ બે મહિલાઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવાની નોબત આવી હતી.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર ખેરગામ તાલુકાના ગૌરી ગામના મંદિર ફળિયા ખાતે રહેતી હેમાબેન અને તેજલબેન નામની બે પાડોશી મહિલાઓ ખેતરમાં ઘાસચારો કાપવા માટે ગઈ હતી

ત્યારે અચાનક મધમાખીના ઝુંડે આ બે મહિલાઓ ઉપર હુમલો કરતા આ બંને મહિલાને માથામાં તથા શરીરે મધમાખી દ્વારા અસંખ્ય ડંખ મારતા આ બે મહિલાની હાલત ગંભીર બની ગઈ હતી જોકે આ બે મહિલાને ખેરગામની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાતા જ્યાં તેમની તબિયત સુધારા પર રહી છે

ત્યારે ગૌરી ગામે બનેલા આ બનાવને પગલે અન્ય લોકોમાં પણ ભય જોવા મળી રહ્યો છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**